833

# બુદ્ધિપ્રકાશ

સંપાદક
નગીનદાસ પારેખ

પુસ્તક ૧૦૨મું ] જૂન : ૧૯૫૫ [ અંક ૬ ઠ્ઠો

## જીવન પ્રવાહ

अश्मन्वती रीयते सं रभध्वम्
उत्तिष्ठत प्र तरता सखायः ।
अत्रा जहाम ये असन्नशेवाः
शिवान् वयम् उत्तरेमाभि वाजान् ॥

ઋગ્વેદ, ૧૦-૫૩-૮

પથરાળ નદી વહે જાય છે; સાથે ચાલો,
માથું ઊંચું રાખો, અને ઓળંગી જાઓ, મિત્રો;
જેઓ સત્‌ના વિરોધી છે તેમને આપણે અહીં જ છોડી દઈએ;
અને જે શક્તિઓ કલ્યાણકારી છે તેના તરફ આપણે
ઊતરી જઈએ.

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# બુદ્ધિપ્રકાશ

વર્ષ ૧૦૨ જું : અંક ૬ ઠ્ઠો } વાર્ષિક ૪-૦-૦ છૂટક ૦-૮-૦ { જૂન ૧૯૫૫

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રાસંગિક નોંધ | | |
| | શ્રી રામદાસ ગુલાટી | ન૦ | ૧૬૧ |
| | વડોદરાનું લેખક મિલન | ન૦ | ૧૬૨ |
| | શબ્દવ્યૂહ અને પ્રેસ કમિશન | ન૦ | ૧૬૩ |
| | બે સારા સમાચાર | ન૦ | ૧૬૪ |
| | સાને ગુરુજીની સાધના | ન૦ | ૧૬૪ |
| ૨. | મારી કહાણી | બેચરદાસ જીવરાજ દોશી | ૧૬૫ |
| ૩. | દીક્ષાન્ત પ્રવચનમાંથી | શ્રી રાધાકૃષ્ણન્ | ૧૭૨ |
| ૪. | ગુર્જરી નાટયનો આસ્વાદ | કાકા કાલેલકર | ૧૭૫ |
| ૫. | માણાવદરની ગ્રામવિકાસ યોજના | સુમન્ત મહેતા | ૧૭૯ |
| ૬. | લાટ દેશના લોકો વિશે એક પ્રાચીન રસિક ઉલ્લેખ | ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ | ૧૮૪ |
| ૭. | રાજકીય નોંધ | દેવવ્રત નાનુભાઈ પાઠક | ૧૯૦ |
| | જીવન પ્રવાહ | | પૂઠા ઉપર |
| | તો શો ચમત્કાર ન થાય ? | | પૂઠા પાછળ |


પ્રકાશક : જેઠાલાલ જી. ગાંધી, આસિ. સેક્રેટરી, ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ.
મુદ્રક : મણિભાઈ પુ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# બુદ્ધિપ્રકાશ

પુસ્તક ૧૦૨ જું ]  જૂન : ૧૯૫૫  [ અંક ૬ ઠ્ઠો


## પ્રાસંગિક નોંધ

**શ્રી રામદાસ ગુલાંટી**

ગઈ તા. ૨૯-૪-૫૫ ને રોજ ધૂળિયા મુકામે પોતાના નાનાભાઈને ત્યાં શ્રી રામદાસ ગુલાંટીનું અવસાન થયું. કેટલાક સમયથી એઓ કૅન્સરના દર્દથી પીડાતા હતા અને તેમાં જ ૬૦ વર્ષની વયે એમણે દેહ છોડી. એમનું જીવન સાદાઈ, સેવા-પરાયણતા, નમ્રતા, સુજનતા અને ભક્તિથી ભર્યું ભર્યું હતું.

શ્રી ભાઈલાલભાઈ પટેલ પાસેથી જાણ્યું તે મુજબ એઓ મૂળ વાયવ્ય સરહદ પ્રાંતના બન્નુ શહેરના વતની હતા. એમના પિતા લશ્કરમાં મુનશી હતા. ભણાવવા ઉપરાંત ફોટોગ્રાફીનું કામ પણ કરતા હતા. રામદાસ મૅટ્રિક થયા પછી લાહોરની એંજીનિયરિંગ કૉલેજમાં જોડાયા અને ત્યાંથી એમણે સિવિલ એંજીનિયરિંગનો ડિપ્લોમા મેળવ્યો. તે વખતે ત્યાં ડિગ્રીકોર્સ નહોતો. ૧૯૧૫ના અરસામાં એઓ લશ્કરમાં સબ ઓવરસિયર તરીકે માસિક રૂપિયા ૩૦ના પગારે દાખલ થયા. ૧૯૧૪-૧૮ના પહેલા વિશ્વયુદ્ધમાં સારી કામગીરી બજાવી તેની કદરમાં એમને ચાંદીનો કૈસરે હિંદ ચંદ્રક આપવામાં આવ્યો. ૧૯૧૯માં એઓ વધુ અભ્યાસ માટે ઇંગ્લંડ ગયા. એઓ કેવળ મૅટ્રિક જ થયા હતા છતાં મૅંચેસ્ટર યુનિવર્સિટીએ એમને દાખલ કર્યા. આવો અપવાદ આ પહેલો જ હતો. ત્રણ વર્ષમાં એમણે બી. એસસી. એંજીનિયરિંગની પદવી મેળવી અને દેશ આવી બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં ૧૯૨૨માં સિવિલ એંજીનિયરિંગના લેક્ચરર નિમાયા. ૧૯૨૪માં સક્કર બરાજમાં આસિસ્ટન્ટ એક્ઝિક્યુટીવ એંજીનિયર તરીકે માસિક ૪૫૦-૫૦-૭૫૦ ના પગારથી જોડાયા અને ઠેઠ ૧૯૩૦ સુધી ત્યાં કામ કર્યું. છૂટા થયા ત્યારે એમનો પગાર રૂા. ૭૦૦ જેટલો થયો હતો.

એ પછી એમને વૈરાગ્ય ઊપજ્યો, અને એમણે નોકરીનું રાજીનામું આપી દીધું. એઓ સાધુ વાસવાણીના સંપર્કમાં આવ્યા. લોનાવલાના યોગાશ્રમમાં એમણે ત્રણેક વર્ષ ગાળ્યાં. અને ત્યાર પછી એઓ ગાંધીજી પાસે સેવાગ્રામ ગયા. ત્યાં દોઢ વર્ષ રહ્યા તે દરમ્યાન સાળ રેંટિયા વગેરે ઉપર કામ કર્યું. આ જ અરસામાં ગાંધીજીને કૉંગ્રેસનાં અધિવેશન ગામડાંમાં ભરવાનો વિચાર આવ્યો અને ફૈઝપુરનું અધિવેશન ગામડામાં ભરાયું. એની નગરરચના કરવાનું કામ રામદાસને સોંપાયું અને તે એમણે એટલી સફળતાપૂર્વક કર્યું કે ત્યાર પછી હરિપુરાનું કામ પણ એમને જ માથે આવ્યું પછી તો ૧૯૪૭ સુધીની બધી જ મહાસભાનાં અધિવેશનોની નગરરચના એમને સોંપાઈ અને વરસના છ મહિના એઓ એની પાછળ ગાળવા લાગ્યા, અને બાકીના છ મહિના ગાંધીજી પાસે જઈને રહેતા. આ બધો વખત એઓ જાહેર સેવામાં જ રોકાયેલા હતા છતાં પોતાની ખોરાકીનું ખર્ચ માસિક રૂપિયા ૩૦-૩૫ પોતે જ પહેલાંની બચતમાંથી આપતા.

મેરઠની કૉંગ્રેસ પછી એઓ દિલ્હીના હરિજન આશ્રમમાં જઈને શ્રી ઠક્કરબાપા સાથે રહેવા લાગ્યા. ૧૯૪૭માં ઠક્કર બાપા વલ્લભ વિદ્યાનગરની મુલાકાતે આવેલા ત્યારે એંજીનિયરિંગ કૉલેજ ખોલવાનો વિચાર ચાલતો હતો અને તે માટે શ્રી ભાઈલાલભાઈએ પોતાની લાક્ષણિક ઢબે ઠક્કર બાપા પાસે શ્રી રામદાસ ગુલાંટીની માગણી કરી: “બાપા, તમે લવંગ વાટવા શાલિગ્રામ વાપરો છો. મને આપો.” બાપા હસ્યા. સરદાર અને ગાંધીજીના આશીર્વાદ સાથે ગુલાંટી


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એંજીનિયરિંગ કૉલેજ શરૂ થાય તેના ૭ મહિના પહેલાં આણંદ આવ્યા. એ ઉપાચાર્ય હતા, પણ પગાર લેતા નહિ. કદાચ માંદેસાજે કામ આવે એમ કરી એમને ખૂબ આગ્રહ કરી એમને નામે રૂપિયા ૩૦૦ દર મહિને જમા કરવા માંડ્યા, પણ એઓ કદી એને અડ્યા નહિ. છેવટના ભાગમાં કેન્સરનું દર્દ ખૂબ વધી ગયું અને પથારી વશ થઈ ગયા ત્યારે કામ બંધ કર્યું. ત્યાં સુધી દિવસના બાર બાર કલાક કામ કર્યું. છેવટના ૭ મહિના પોતાના નાના ભાઈ જે ડાક્ટર અને હેલ્થ ઑફિસર છે, તેમને ત્યાં ધૂળિયામાં ગાળ્યા.

૯-૬-'૫૫

**વડોદરાનું લેખક મિલન**

ચાલુ માસની ૧૧, ૧૨ અને ૧૩ મી તારીખે વડોદરા મુકામે ગુજરાત લેખક મિલનનું પાંચમું અધિવેશન મળ્યું હતું. ગુજરાતના બધા ભાગોમાંથી લેખકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને પ્રૌઢ અને નવા લેખકોના આ મિલનમાં પ્રેમ, નિખાલસતા, મધુરતા અને જિજ્ઞાસા સર્વોપરિ હતાં.

પહેલે દિવસે વડોદરા વિશ્વવિદ્યાલયના ગ્રંથાલયના પ્રાંગણમાં વિશાળ ઘનછાય વડલા હેઠળ પ્રથમ બેઠક મળી હતી. સ્થાનિક સમિતિના પ્રમુખ ડૉ. મજમુદારના સ્વાગત વ્યાખ્યાન પછી શ્રી હંસાબહેન મહેતાએ મંગલ પ્રવચન કર્યું હતું અને તેમાં તેમણે લેખકોને દેશના નવસર્જનની જવાબદારીની યાદ આપી હતી. અને સારા વિવેચનના તથા જુદાં જુદાં વિજ્ઞાનોને લગતાં પુસ્તકોના અભાવ પ્રત્યે ધ્યાન દોરી કોઈ પણ જાતની આભડછેટ રાખ્યા વગર ઉપયોગી શબ્દો અપનાવી ભાષાને બને એટલી સહેલી રાખવાનો અનુરોધ કર્યો હતો.

એ પછી 'સુરતથી વડોદરા—બે લેખક મિલન વચ્ચેના સમયગાળાનું સાહિત્ય' એ વિષય ઉપર શ્રી ઉમાશંકર જોશીના પ્રમુખપણા હેઠળ ચર્ચા થઈ હતી. એમાં સર્વશ્રી નિરંજન ભગત, ચૂનીલાલ મડિયા, પીતાંબર પટેલ, રમણલાલ જોશી વગેરેએ ભાગ લીધો હતો. આ ચર્ચામાં પ્રગટ થતી નિર્દંશ નિખાલસતા અને નિર્દોષ નિર્ભીકતા ધ્યાનપાત્ર હતી. જો કે ચર્ચા કંઈક વિચિત્ર રીતે નવલકથાની વર્તમાન દશા અને ભાવિ ઉપર કેન્દ્રિત થઈ ગઈ હતી. પ્રમુખના ઉપસંહાર પછી સૌ સ્વ. બ. ક. ઠાકોરના પુત્રોએ વડોદરા વિશ્વવિદ્યાલયને સોંપેલો સ્વર્ગસ્થનો ગ્રંથભંડાર જોવા ગયા હતા.

ભોજન પછી ચારેક વાગ્યે બીજી બેઠક મળી, તેમાં શરૂઆતમાં શ્રી ચંદ્રવદન મહેતાના પ્રમુખપણા હેઠળ સર્વ લેખકોનો પરિચયવિધિ થયો. આ વિધિનો ઝાઝો અર્થ નથી એવું આ વખતે ઘણાને લાગ્યું.

એ પછી શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પ્રમુખપદે "૪૨ પછીના સાહિત્યનાં પરિબળો'ની ચાર્ચા થઈ. એમાં સર્વશ્રી સંતપ્રસાદ ભટ્ટ, જયંતી દલાલ, ગુલાબદાસ બ્રોકર, ધીરુભાઈ ઠાકર, સુન્દરમ્, અંબુભાઈ પુરાણી વગેરેએ ભાગ લીધો હતો. આ ચર્ચા પણ '૪૨ ની ક્રાંતિની આપણા સાહિત્ય ઉપર અસર શાથી ન થઈ એ એક જ પ્રશ્નની ચર્ચામાં ગૂંચવાઈ જતી લાગતી હતી. સમારોપ કરતી વખતે શ્રી વિષ્ણુભાઈએ જણાવ્યું હતું કે '૪૨ ની ક્રાંતિ અને ત્યાર પછીની ઘટનાઓની સાહિત્ય ઉપર અસર ન થવાનાં કારણોમાં લેખકોમાં નિષ્ઠાનો અભાવ એ મુખ્ય છે. એને લીધે જ કાવ્યમાં કૃત્રિમ આધ્યાત્મિકતા અને પ્રેમની વેવલાશ પ્રવેશેલી જોવામાં આવે છે.

એ જ દિવસે રાતે નવ વાગ્યા પછી લેખકમિલનનાં કાર્ય અને કાર્યપદ્ધતિને અંગે વિચારણા કરવામાં આવી હતી અને તેમાં નવા લેખકોને પોતાની લેખન પ્રવૃત્તિમાં જોઈતી મદદ મળી રહે એવી કંઈક જોગવાઈ થાય તો સારું એવી સામાન્ય લાગણી વ્યક્ત થઈ હતી. પણ એ શી રીતે કરવું એનો કોઈ ચોક્કસ કાર્યક્રમ ઠરાવી શકાયો નહોતો.

બીજે દિવસે સવારે શ્રી રામનારાયણ પાઠકના પ્રમુખપદે 'સાહિત્યનું મૂલ્યાંકન' એ વિષય ઉપર ચર્ચા થઈ હતી. એમાં સર્વશ્રી ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, મનસુખલાલ ઝવેરી, ઉશનસ્ અને અંબાલાલ પુરાણી વગેરેએ ભાગ લીધો હતો. આખી ચર્ચા ખૂબ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રસિક અને તત્ત્વાભિનિવેશયુક્ત થઈ હતી, અને પ્રમુખના ઉપસંહારે એને કળશ ચડાવ્યો હતો.

બપોરના અધિવેશનમાં મિલનના મુખ્ય મહેમાન શ્રી કાકા સાહેબ કાલેલકરનું પ્રવચન થયું. એમણે દેશમાં હજી સામાજિક ક્રાંતિ કરવી બાકી છે, જીવનનાં બધાં ક્ષેત્રોમાં અન્યાય અને અસમાનતા પ્રવર્તે છે, તે તરફ ધ્યાન દોરી સાહિત્યે બધા ભેદોને તોડીને વિશાળ સમન્વય સાધતું નવસર્જન કરવાની તૈયારી કરવાની છે એમ જણાવ્યું. વળી પોતાની સમૃદ્ધિ ધરાવવા માટે જેમ અંગ્રેજી, ફ્રેંચ, રશિયન વગેરે ભાષાઓ આપણે શીખીએ છીએ તેમ આપણે જેને આપવાનું છે, જેની સેવા કરવાની છે, તેમની ભાષા પણ શીખવી જોઈએ એ વાત ઉપર ભાર મૂક્યો હતો. અને સાહિત્યના મૂલ્યાંકનની બાબતમાં જણાવ્યું હતું કે જે સાહિત્ય મારા વ્યક્તિત્વને સમૃદ્ધ કરે તેને હું સારું સાહિત્ય કહું.

કાકા સાહેબના પ્રવચન પછી મહારાષ્ટ્રના જાણીતા કવિ શ્રી બોરકર જેઓ અત્યારે મહાત્માજીના જીવન વિશે 'મહાત્માયન' નામે ગ્રંથ લખી રહ્યા છે, તેમણે તે ગ્રંથની પ્રારંભની શારદાસ્તુતિની થોડી ઓવી પોતાના સુમધુર અને ભાવવાહી કંઠે ગાઈ બતાવી હતી.

એ જ દિવસે સાંજે ન્યાયમંદિરમાં શ્રી કાકા સાહેબના પ્રમુખપદ હેઠળ જાહેર સભા રાખવામાં આવી હતી, અને તેમાં 'મારું પ્રિયપાત્ર' એ વિષય ઉપર સર્વશ્રી વિનોદિની નીલકંઠ, ઈશ્વર પેટલીકર, બકુલ ત્રિપાઠી, હીરાબહેન પાઠક, સુંદરમ્ અને જ્યોતીન્દ્ર દવે બોલ્યા હતા. ઉપસંહારમાં શ્રી કાકા સાહેબે જણાવ્યું હતું કે જે પાત્રનો પ્રભાવ જીવન ઉપર પડે એને જ મહત્ત્વનું ગણવું જોઈએ.

રાતે દસ વાગ્યે રેડિયો ઉપર કવિસંમેલન યોજાયું હતું અને તેમાં સર્વશ્રી રામનારાયણ પાઠક, નિરંજન ભગત, ઉશનસ્, સુંદરમ્, મનસુખલાલ ઝવેરી, ઉમાશંકર જોશી, ચંદ્રવદન મહેતા, પિનાકિન ઠાકોર એમ આઠ કવિઓએ ભાગ લીધો હતો.

ત્રીજે દિવસે સવારે સંગ્રહસ્થાન જોવાનું ગોઠવ્યું હતું અને ત્યાર પછી નવી કારોબારીની ચૂંટણી થઈ હતી, તેમાં નીચેના સભ્યો સર્વાનુમતે ચૂંટાયા હતાઃ

૧. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
૨. શ્રી ઉમાશંકર જોશી
૩. શ્રી મોહનલાલ મહેતા (સોપાન)
૪. પ્રો. અનંતરાય રાવળ
૫. શ્રી ગુલાબદાસ બ્રોકર
૬. શ્રી ઈશ્વર પેટલીકર
૭. શ્રી કિસનસિંહ ચાવડા
૮. પ્રો. ઉપેન્દ્ર પંડ્યા }
૯. પ્રો. મનસુખલાલ ઝવેરી } મંત્રીઓ
૧૦. શ્રી જયંતી દલાલ }
૧૧. શ્રી પીતાંબર પટેલ

સંમેલનમાં થયેલી ચર્ચાઓ અને સ્થાનિક સમિતિએ કરેલી ઉત્તમ સરભરાને કારણે આખું અધિવેશન બધી રીતે તૃપ્તિકર નીવડ્યું હતું.

૧૫-૬-'૫૫

### શબ્દવ્યૂહ અને પ્રેસ કમિશન

મધ્યસ્થ સરકાર શબ્દવ્યૂહો ઉપર નિયંત્રણો મૂકવાનો વિચાર ચલાવે છે, તે વખતે પ્રેસ કમિશને આ બદી વિશે પોતાના હેવાલમાં શું કહેલું છે, તે જાણવું રસપ્રદ થઈ પડશે ધારી તેનો સાર નીચે આપ્યો છે:

છાપાંઓ પોતાનો ફેલાવો વધારવા માટે હરીફાઈઓનાં પ્રવેશપત્રો છાપે છે. એ હરીફાઈઓ સામાન્ય રીતે શબ્દરચનાની અથવા એને મળતી બુદ્ધિની કસોટીની અથવા નસીબ ઉપર આધાર રાખતી હોય છે. અમે જોયેલા દાખલાઓમાં તો મોટે ભાગે આ પાછલું તત્ત્વ જ વધારે હતું. એક પ્રકાશકે અમને કહ્યું હતું કે ઈનામ જીતે એવો ઉકેલ મેળવવામાં એટલી બધી મુશ્કેલ હોય છે કે દરેક હરીફાઈમાંથી મને સારું વળતર મળી રહે છે. દેશી ભાષાની હરીફાઈઓમાં ઘણે ભાગે ઉકેલમાં બારથી વીસ પ્રશ્નોના બબ્બે ઉત્તરોમાંથી એક એક પસંદ કરી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપવાનો હોય છે. એમાં ભાગ લેનારની દશા ફુટબૉલ પૂલમાં ભાગ લેનાર કરતાં પણ ખરાબ હોય છે, કારણ કે ત્યાં તો ઇનામ ફુટબૉલની મૅચના જાહેર થયેલા પરિણામ ઉપરથી નક્કી થાય છે, જ્યારે અહીં 'સાચો ઉકેલ' હરીફાઈના સંચાલકોએ પસંદ કરેલા ઉકેલ ઉપરથી નક્કી થાય છે. આ હરીફાઈઓ લૉટરી છે કે કેમ એ પ્રશ્નની ચર્ચામાં અમે ઊતરવા માગતા નથી. એનો નિર્ણય તો અદાલતોએ કરવો ઘટે. પણ અમે અમારો સ્પષ્ટ અભિપ્રાય જણાવવા માગીએ છીએ કે છાપાંઓમાં અને સામયિકોમાં પ્રવેશપત્રો છાપવાં એ વૃત્તવિવેચનને ન છાજે એવી પ્રવૃત્તિ છે, અને અમારી એવી ભલામણ છે કે છાપાં અને સામયિકોના મુદ્રણ અને પ્રકાશનું નિયમન કરતા ધારામાં એક કલમ દાખલ કરી હરીફાઈઓ અને ઇનામી યોજનાઓનાં પ્રવેશપત્રો છાપવાની બંદી ફરમાવવી જોઈએ. આવી બધી હરીફાઈઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે એ પણ અમને યોગ્ય લાગે છે, પણ એવી ભલામણ કરીએ તો અમારી કાર્યમર્યાદાનું ઉલંઘન થાય. જે હરીફાઈઓમાં પ્રવેશ ફી લેવામાં આવે છે અને જેમાં જીતનારાઓને માતબર રકમનાં ઇનામો આપવામાં આવે છે એને વિશે અમે આ કહીએ છીએ. વાચકના કેવળ મનોરંજન ખાતર શબ્દવ્યૂહો છપાય એમાં અમને વાંધો નથી. શુદ્ધ બૌદ્ધિક વિનોદની બાબતમાં પણ અમને ખબર છે કે નાની રકમનાં ઇનામથી ઉકેલવાનો ઉત્સાહ વધે છે, અને જેનાં અખબારી ધોરણો ઊંચાં છે એવાં ઘણાં સામયિકો પણ એવાં ઇનામો આપે છે. પણ આવાં ઇનામો એક માસમાં રૂા. ૫૦૦) થી વધુ ન હોય એવો અમારો મત છે. આ ટીકા સાહિત્યિક કે વૃત્તનિવેદનને લગતાં લખાણો માટેની હરીફાઈઓ કે ઇનામોને લાગુ પડતી નથી. જેમ કે કોઈ છાપું કે સામયિક ઉત્તમ ટૂંકી વાર્તા, લેખ, નિબંધ કે સમાલોચના માટે હરીફાઈ યોજે અથવા ઉત્તમ વૃત્તનિવેદન અથવા કોઈ જાહેર પ્રશ્નની સબળ રજૂઆત કે અર્થઘટન માટે ઇનામ જાહેર કરે તો તેનો અમને વાંધો નથી, બલકે આવું ઉત્તેજન અમે સૂચવેલ પ્રેસ ઇન્સ્ટિટ્યૂટ જેવી કોઈ મધ્યસ્થ સંસ્થા આપે એનું અમે સમર્થન કરીએ છીએ.

[ પ્રેસ કમિશનનો હેવાલ, ખંડ ૧ લો, પૃ. ૬૭

૧૫–૬–'૫૫

### બે સારા સમાચાર

આપણા જાણીતા અને લોકપ્રિય વાર્તાકાર શ્રી ધૂમકેતુ શબ્દરચનાના હરીફાઈની ઉકેલ સમિતિમાં લાંબા સમયથી કામ કરતા આવ્યા હતા. એઓ જણાવે છે કે પોતે હવે ઉકેલ સમિતિમાં કામ કરવાના નથી.

એ જ રીતે સુરતથી શરૂ થયેલી એક શબ્દ-રચના હરીફાઈની ઉકેલ સમિતિમાં કામ કરવા માટે 'નવચેતન'ના તંત્રી શ્રી ચાંપશી વિ. ઉદ્દેશીને આમંત્રણ મળેલું પણ તેમણે "હરીફાઈઓને હું પ્રજા માટે ઇષ્ટ લેખતો નથી" એમ જણાવી એનો અસ્વીકાર કર્યો હતો એવું તેમના તરફથી જાણવા મળ્યું છે.

૧૪–૬–'૫૫

### સાને ગુરુજીની સાધના

સાને ગુરુજીના અવસાનને ૧૧ મી જૂને પાંચ વર્ષ પૂરાં થયાં. એમની પાછળ એમનું સાપ્તાહિક સાધના, છાપખાનું અને પ્રકાશનો ચાલુ રહે એની વ્યવસ્થા માટે એક ટ્રસ્ટી મંડળ રચ્યું હતું. તે અત્યાર સુધી આ કામ સંભાળતું આવ્યું છે. સાધનાના તંત્રીઓએ કે બીજા લેખકોએ એ કામ કેવળ પ્રેમથી અને વગર વેતને કર્યું છે. છાપખાનાના વ્યવસ્થાપકો અને કારીગરોએ સુધ્ધાં રાત દિવસ જીવતોડ મહેનત કરી પણ સાધનાની આર્થિક સ્થિતિ સુધરવાને બદલે બગડતી જ ગઈ અને હવે એ ખોટ સહન થાય એમ ન રહેતાં ૧૧ મી જૂનથી સાધના બંધ કરવાનો નિર્ણય ટ્રસ્ટી મંડળે જાહેર કર્યો હતો. સાધનાના ઘણા મિત્રોએ ૧૫ મી ઑગસ્ટ સુધી એ નિર્ણયની અમલબજાવણી પાછી ઠેલવા વિનંતી કરી તેનો ટ્રસ્ટી મંડળે આગ્રહવશ થઈ સ્વીકાર કર્યો છે અને હવે એને જિવાડવાના છેવટના પ્રયત્નો ચાલે છે. ૧૫ મી ઑગસ્ટ સુધીમાં ૮ થી ૧૦ હજાર રૂપિયા ભેગા થવા જોઈએ અને સાધનાના ગ્રાહકોમાં

( અનુસંધાન પૃ. ૧૭૮ )

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# મારી કહાણી

બેચરદાસ જીવરાજ દોશી

( ગતાંકથી ચાલુ )

૧૩. આગમો વાંચ્યા પહેલાં પાઠશાળામાં હું પહેલા નંબરનો ગુરુભક્ત, ધર્મપરાયણ કહેવાતો તે હવે તે વાંચ્યા પછી તદ્દન બદલાઈ ગયો. પહેલાં ગુરુવંદન વખતે હું સૌથી મોખરે રહેતો: હવે તદ્દન પાછળ રહેવા લાગ્યો અને માત્ર શિસ્તને પાળવા ખાતર આ વંદન કરવાનું માનવા લાગ્યો. મહારાજશ્રી તરફનો મારો ગુરુભાવ માત્ર ચાલ્યો ગયો, પરંતુ તેમનો મારા પર જે ઉપકાર છે તે તો કદી પણ હું ભૂલી શકું તેમ નથી. ગુરુભાવ જુદી વાત છે અને ઉપકારીપણું સ્વીકારવું એ તદ્દન જુદી વાત છે. પહેલા હું મહારાજશ્રીની નિયમિત પગચંપી કરતો તે હવે તદ્દન છોડી દીધી. હા, તેઓ માંદા હોય યા રોગગ્રસ્ત હોય તો જરૂર સેવા કરતો, પરંતુ કેવળ એક શુદ્ધ ગુરુ માનીને જે જે પ્રવૃત્તિ થતી હતી તે બધી જ હવે થંભી ગઈ. મહારાજશ્રી પણ મારો આ ફેરફાર બરાબર જોઈ શક્યા. તેઓએ મને સમજાવવા કોશિશ કરી, પણ હું ચલિત ન થઈ શક્યો.

૧૪. જ્યારે હું બનારસમાં ન્યાયતીર્થ અને વ્યાકરણતીર્થ થઈ ગયો ત્યારે મેં મહામહોપાધ્યાય શ્રી ગંગાધર શાસ્ત્રીજીએ લખેલું 'અલિવિલાસિસંલાપ' નામનું એક સંસ્કૃત કાવ્ય જોયું હતું. તે વાંચ્યું તો માલૂમ પડયું કે તેમાં જૈન ધર્મનું અપ્રામાણિક રીતે ખંડન કરેલ છે. અત્યારે તો હું તેનો જવાબ મારી જુદી રીતે જ લખું, પણ તે વખતે તેનો જવાબ 'ગંગાધર શાસ્ત્રીજી કે અસત્ય આક્ષેપો કે ઉત્તર' નામે એક ચોપડી હિંદીમાં લખીને વાળેલો અને એના લેખકના નામ તરીકે મેં મારું તખલ્લુસ 'સચ્ચિદાનંદ ભિક્ષુ' રાખેલું. એ ચોપડી પાઠશાળાના વ્યવસ્થાપકે બનારસમાં સારી રીતે ફેલાવેલી એ મને બરાબર યાદ છે.

૧૫. જ્યારે મેં મૂળ આગમો વાંચ્યા ત્યારે મારા મનમાં મૂર્તિપૂજાની વર્તમાન આડંબરવાળી પદ્ધતિ, દેવદ્રવ્યની વર્તમાન રક્ષણપદ્ધતિ, શ્વેતાંબર-દિગંબરના ભેદનો વિચાર, કથાઓમાં અતિશયોક્તિવાળા ફલાદેશોનું વર્ણન-વગેરે અનેક વિષયો વિશે ખૂબ મંથન થયું અને તે માટે મેં મારી જાતે જે કાંઈ સમજાય તેવું સમજી અમુક વિચારો બાંધ્યા. મુંબઈમાં જ્યારે ભગવતીસૂત્રના અનુવાદનું કામ કરતો હતો ત્યારે એ વિચારો ખૂબ ખૂબ ઘોળાતા હતા. કોઈ મિત્રને એ વિષે વાત કરું તો તેઓને કેટલેક અંશે વાજબી લાગે, પરંતુ મને સાંભળનાર દરેક મિત્ર એ વિચારોને જાહેરમાં ચર્ચવાની ના જ પાડે. હું પણ જાણીજોઈને એવું ન કરતો, પરંતુ જ્યારે એવી એક સભામાં બોલવાની તક મળી ત્યારે શ્રી મોતીચંદભાઈના અધ્યક્ષપણા નીચે મેં મારા મનમાં ઘોળાતા અને ઉછાળા મારી બહાર નીકળવા મથતા એ વિચારોને માંગરોળ જૈન સભાના હોલમાં સ્પષ્ટપણે વિસ્તારથી જાહેર કરી દીધા. લગભગ દોઢેક કલાક બોલ્યો હોઈશ. તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનથી માંડી મહાવીર સ્વામી સુધીનો અને તે પછી શ્રી હરિભદ્રસૂરિ સુધીનો મારી જાણમાં આવેલો એવો ઈતિહાસ કહી સંભળાવ્યો અને ચૈત્યવાસ, ચૈત્ય વગેરેની વાત પણ જાહેરમાં ચર્ચી તથા દેવદ્રવ્ય ચૈત્યવાસનું પરિણામ છે એમ જણાવી તેનો સાતે ક્ષેત્રમાં ઉપયોગ થઈ શકે એવું શ્રી હરિભદ્રનું વચન ટાંકી બતાવી તે બાબત ચર્ચા પણ કરી દીધી. એકંદર જૈન સાહિત્યમાં પ્રથમ શું હતું અને પછી તેમાં વિકાર થવાથી સંઘને કેટલી બધી હાનિ થઈ છે અને એ હાનિ હજુ પણ ચાલુ જ છે એ હકીકત સવિસ્તર નિર્ભયપણે કહી દીધી. જ્યારે મેં આ ભાષણ કરેલું ત્યારે હું ભગવતીના કામથી અંગત કારણને લીધે છૂટો થઈ ગયો હતો અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં તત્ત્વાર્થસૂત્રનાં ટિપ્પણો લખવાનું કામ કરતો હતો. આ મારું ભાષણ તે વખતનાં મુંબઈનાં તમામ સુપ્રસિદ્ધ દૈનિકોમાં મોટાં મોટાં મથાળાં સાથે છપાયું. તેમાં મેં કલ્પ્યા કરતાં વધઘટ થયેલી પણ મેં જોઈ. જૈન સમાજ જે તદ્દન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાંત હતો તે આથી ભારે ખળભળી ઊઠચો અને મને સજા કરવા સુધીની વાત આવી પહોંચી. મારી પાસે શાસ્ત્રબળ હતું એટલે હું જરાય ગભરાતો ન હતો તેમ ડરતો પણ ન હતો. અમદાવાદની ગુરુશાહી દ્વારા પ્રેરાયેલા નગરશેઠે મને નોટીસો મોકલી; એક નહીં બે. મારે કશો જવાબ આપવાપણું જ નહોતું. છતાં મેં તે વખતે 'હિંદુસ્તાન' પત્રમાં 'સમાજની લાલ આંખો' એવા મથાળા નીચે એક લેખ લખ્યો અને આગેવાનોને જણાવ્યું કે મારું આખુંય ભાષણ હું મારી જાતે તમોને લખી આપું, પછી તેની સચ્ચાઈ વા જૂઠાઈ બાબત નિર્ણય કરવા તમે એક તટસ્થ પંચ નીમો અને પછી જે સજા મને થવાની હોય તે હું હસતે મુખે સહેવા તૈયાર છું, એટલું જ નહીં પણ મેં એમ પણ કહેલું કે હું તો એક વિદ્યાર્થી અભ્યાસી છું. મેં મારી રીતે આગમો વાંચ્યા છે અને એમાંથી જે વિચારો મને ઉદ્ભવ્યા તે મેં તમારી સામે મૂકયા છે. તે વિચારો ખરા જ હોય વા પૂર્ણ જ હોય એવો મારો દાવો નથી. પરંતુ ગુરુશાહીએ મારી આ એકકે વાત કાને ન ધરી અને ઘણા યુવકોના વિરોધ વચ્ચે અમદાવાદના નગરશેઠે મને સંઘ બહાર જાહેર કર્યો.

૧૬. મારી મહાવીર જૈન વિદ્યાલયની નોકરી છૂટી ગઈ. એ વખતે મારો નાનો ભાઈ માંદો હતો એટલે ઠીક ઠીક વિપત્તિનું વાદળ આવી ગયું. મુંબઈમાં ભાષણ કરી હું કોઈ કૌટુંબિક પ્રસંગે ભાવનગર ગયેલો તો ત્યાંની તે સમયની રૂઢ સંસ્થા જૈનધર્મપ્રસારક સભાના આગેવાનો મારા ઉપર ચિડાયેલા. ખાસ તો મારા ભાષણમાં શ્રી મોતીચંદભાઈએ અધ્યક્ષપણું કરેલું અને મારા ભાષણ વિશે એમ કહેલું કે "આ વકતા અંગ્રેજી મુદ્દલ જાણતો નથી અને અભ્યાસી છે. ભાષણમાં એણે આગમોના થોકબંધ પાઠોનાં જે પ્રમાણો આપેલાં છે તે જરૂર વિચારવા જેવાં છે. અને આજકાલ સ્વપ્નોની જે પૂજા થાય છે તેને હું પણ લોકોત્તર મિથ્યાત્વ માનું છું" ઇત્યાદિ તેમનું કથન સાંભળી અમદાવાદની તે વખતની ગુરુશાહી તેમના ઉપર ચિડાયેલી. તેમને બચાવી લેવા પ્રસારક સભાએ કાંઈક પ્રયત્ન આદરેલો. મને પ્રસારકસભામાં બોલાવ્યો અને અનેક પ્રશ્નો પૂછ્યા. એટલે મેં તો હું જાણું છું તેમ તે પ્રશ્નના જવાબ આપેલા અને વળતે જ દિવસે જૈન છાપામાં "જૈન સમાજનું તમસ્તરણ" નામનો એક લેખ રૂપકાત્મક કલ્પીને છાપવા મોકલી દીધો. એ લેખ છપાયો એટલે તો મારા ઉપર સમાજ તૂટી જ પડ્યો. મને નાતબહાર મૂકવાના પ્રયત્નો ગતિમાન થયા અને મને અનેક રીતે કેમ હેરાન કરવો એ જ જૈન સમાજે નિર્ણય કર્યો હોય એમ મને લાગ્યું. મારું ધ્યાન તો આ વખતે મારા કુટુંબના નિર્વાહ તરફ કેન્દ્રિત થયેલું એટલે આ સમાજિક વિપત્તિની મને એટલી બધી અસર ન થઈ. હું તે વખતે રતલામ એક જૈન ગ્રંથના સંપાદન માટે પહોંચી ગયેલો, પણ ત્યાંનું વાતાવરણ ઘણું જ દૂષિત લાગવાથી મારા જીવનને હાનિ થવાનો સંભવ જોઈ એ કામ મેં છોડી દીધું અને ફરી પાછું ભગવતીના અનુવાદનું કામ પ્રારંભ્યું અને તે છેવટ રાજકોટમાં રહીને પૂરું જ કર્યું. મારું કુટુંબ ભાવનગર હતું અને હું એકલો જ રતલામ ગયેલો, પણ પછી પૂનામાં અને રાજકોટમાં કુટુંબ સાથે જ રહેલો. જ્યારે મારા ઉપર વિપત્તિની નોબતો વાગતી હતી ત્યારે મારા સગા કાકાના દીકરા ભાઈ ભગવાનદાસને એમ લાગેલું કે કદાચ બેચરદાસ નાતબહાર મુકાય તો એમનો અને મારો સંબંધ ન રહી શકે. એટલે મને સમજાવવા તેમણે પંડિત સુખલાલજી સાથે ઘાટકોપરમાં સંદેશો મોકલેલો અને તડજોડ કરી લેવાની વાત કહેવરાવેલી, પણ મને એ ન જ ગમ્યું અને હું એકલો જ જે આવી પડે તે સહી લેવા તૈયાર થયો. મારાં માતાજી જરૂર રોષે ભરાયાં, પણ મારાં પત્ની શ્રી અજવાળીએ મને 'તમે ખરા-સાચા હો તો લેશ પણ ન ડરશો' એમ ભાર દઈને કહેલું એ બરાબર મને યાદ છે.

૧૭. પ્રાકૃતભાષા શીખ્યા પછી મને અને ભાઈ હરગોવિંદદાસને કલકત્તાવાળા પ્રોફેસર અને પ્રેસિડેન્સી કોલેજ (કલકત્તા)ના પ્રિન્સિપાલ શ્રી શતીશચંદ્ર વિદ્યાભૂષણની સાથે પાલી ભાષા અને બૌદ્ધ આગમો શીખવા સારુ મહારાજશ્રી ધર્મવિજયજીએ કોલંબો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોકલેલા અને અમે બન્ને ત્યાં આઠેક માસ રહી પાલી ભાષા અને મજ્જિમનિકાય ગ્રંથ શીખી આવ્યા. કોલંબો, માલેગાકાંડે રોડ ઉપર આવેલા વિદ્યોદય પરિવેણુમાં અમે ભણવા રહેલા. ત્યાંના આચાર્ય શ્રી સુમંગલ સ્થવિરે અને ત્યાંના ઉપાચાર્ય શ્રીજ્ઞાનેશ્વર સ્થવિરે અમને ઘણા પ્રેમપૂર્વક પાલી ભાષા અને પિટકગ્રંથ શીખવ્યા. તેઓ કટ્ટર બૌદ્ધ હતા, છતાં અમારા તરફ તેમની સહાનુભૂતિ પુત્રવત્ હતી: આજે પણ મનમાંથી એમનાં ચિત્રો ખસતાં નથી. કોલંબોથી આવ્યા પછી પાછા અમે બન્ને (ભાઈ હરગોવિંદદાસ અને હું) શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાના કામમાં લાગી ગયા. તેમાં પંદર સત્તર ગ્રંથો અમે બન્નેએ સાથે રહીને સંપાદિત કર્યા. ગ્રંથમાળા માટે મારે બાર બાર કલાક અને ક્યારેક તો અઢાર અઢાર કલાક કામ કરવું પડતું. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે પૂર્વોક્ત ભાષણ વગેરેની પ્રવૃત્તિ મેં ત્યારે જ કરેલી જ્યારે બનારસ તદ્દન છોડી દીધેલું.

જ્યારે મેં મુંબઈમાં 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' એ વિશે ભાષણ કરેલું ત્યારે પૂજ્ય ગાંધીજી મુંબઈમાં ગામદેવીમાં મણિભવનમાં હતા. ભાષણ પછી જૈન સંઘે મારા ઉપર જે આક્રમણ કરેલું તે વિશે મેં મહાત્માજીને વાત કરી તો તેઓએ સ્પષ્ટ શબ્દોમાં મને સૂચવ્યું કે તમારી વાત શાસ્ત્રની દૃષ્ટિએ તમને પ્રામાણિક લાગતી હોય તો ગમે તેમ થાય તો પણ ડગશો નહિ અને કોઈ ઉપર રોષે પણ ભરાશો નહીં. તમે મૂંઝવણમાં પણ પડશો નહીં. નવી વાત કહેનારને માટે સમાજ હમેશાં આમ જ કરતો આવેલ છે એ જાણીતું છે.

૧૮. પ્રાકૃતભાષા શીખ્યા પછી મેં ઘણા મુનિઓને પણ એ ભાષા બનારસમાં જ શીખવી દીધી તથા ભગવતીસૂત્રના અનુવાદનો પ્રસંગ ઊભો થયો તે પહેલાં મેં પાલી–મારવાડમાં રહીને આખુંય ભગવતીસૂત્ર મુનિ ભક્તિવિજયજી (વર્તમાન વિજયભક્તિસૂરિ)ને શીખવી દીધેલું. મને એ વખતે આશ્ચર્ય થયેલું કે અનુવાદ કરવાનો તો આ મુનિઓ વિરોધ કરે છે અને મારી પાસે ભગવતીસૂત્રને વાંચતાં જરાય અચકાતા નથી. મને એમ પણ લાગેલું કે સમાજ ઓઘભાવે અંધપરંપરાએ ચાલતો હતો. તેનો અમુક એક ચોક્કસ ધ્યેયવાળો કોઈ સિદ્ધાંત હોય એવું નહીં જણાયેલું. પાલી-મારવાડમાં જવાનું અને ત્યાંની ભગવતીસૂત્રને વાંચવાની નોકરી કરવાનું ખાસ કૌટુંબિક કારણ હતું. મેં આગળ કહ્યું છે તેમ મહારાજશ્રીનાં નિત્યનાં પ્રવચનો સાંભળી સાંભળીને મારું મન મારાં માતાજી તરફ પણ ભારે અરુચિવાળું થયેલું. મારાં માતાજીએ આ જાણ્યું ત્યારે તેમણે મને કીધું કે 'ભાઈ, તું તો પરણે ત્યારે ખરો, ઘણુ આ નાનાભાઈને વહેલો પરણાવી દે જેથી મારું ઘર વહુવાળું થાય અને મારે નિરાંત થાય." એમનાં એ વચનને માન્ય કરીને મેં ભાઈના લગનના ખર્ચ માટે એ પાલીવાળી નોકરી સ્વીકારેલી અને નાના ભાઈના વિવાહ કરી દીધા. પણ આગળ લખ્યું તેમ એ જૂનાં પ્રવચનોની અસર જે મારામાં થયેલી તે આગમોના વાચનથી તદ્દન નાબૂદ થઈ ગઈ અને મેં ઉપર કહ્યું તેવું ભાષણ પણ આપ્યું અને જ્યારે બરાબર સ્વાવલંબી થયો ત્યારે પહેલી વાર ભાવનગરમાં જ પરણ્યો. એ લગ્ન માત્ર છ માસ લગભગ રહ્યું. પછી એકાદ વરસ પછી ફરી વાર હું અમરેલીમાં પરણ્યો છું અને વર્તમાનમાં અમદાવાદમાં રહું છું.

૧૯. ભગવતીનો અનુવાદ કરતો હતો ત્યાં ૧૯૨૧માં પૂજ્ય ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠ સ્થાપ્યું. તેમાં સંશોધન સંપાદનના કામ માટે એક મોટો ગ્રંથસંગ્રહ કરવાની શરૂઆત કરેલી અને તેને માટે શેઠ પૂંજાભાઈએ સારું એવું દાન પૂ. ગાંધીજીને આપેલું. શ્રી રાયચંદ ગ્રંથભંડારને નામે વર્તમાનમાં એ સંગ્રહ છે. એમાં સર્વધર્મસમભાવની દૃષ્ટિએ ભારતીય તમામ ધર્મોનું સાહિત્ય તૈયાર કરવું એવી શ્રી ગાંધીજીની ભાવના હતી. તે માટે ધર્માનંદ કોસંબી, મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, અધ્યાપક આઠવળે, હરિનારાયણ આચાર્ય વગેરે લોકોની એક મંડળી પોતપોતાના વિભાગનું કામ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચલાવતી. પંડિત સુખલાલજી સન્મતિતર્કનું સંપાદન કરવા ચાહતા હતા અને એ માટે તેમણે મારી માગણી કરી તેથી ભગવતીના બે ભાગનું કામ પૂરું કરી હું ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયો અને ૧૯૨૨ થી અમદાવાદમાં આવીને જ વસ્યો. વિદ્યાપીઠના પ્રસંગને લીધે પૂ. ગાંધીજીનો પ્રસંગ વધ્યો, સંત શ્રી કેદારનાથજી, શ્રી મશરૂવાળા, શ્રી નરહરિભાઈ વગેરેના પરિચયનો પણ પ્રસંગ પડતો રહ્યો. આશ્રમના જીવનનો પણ વારે વારે પ્રસંગ આવવા લાગ્યો. એટલે એ બધાની મારા ઉપર ઠીક અસર થઈ અને એથી મારું જીવન ધન્ય થયું છે એમ હું માનું છું.

૨૦. જ્યારે બંગાળાના ભાગલા થયા ત્યારે હું બનારસમાં હતો. તે વખતે રાષ્ટ્રિય પ્રવૃત્તિ કેવી હોય અને આપણે રાષ્ટ્ર સાથે કોઈ જાતનો સંબંધ છે એનો લેશ પણ ખ્યાલ ન હતો. પરંતુ જેમ આગમો વાંચવાથી મારી ધર્માંધ આંખો ખૂલી ગઈ તેમ બંગભંગને લીધે ચાલેલા સ્વદેશી આંદોલનને લીધે રાષ્ટ્ર પ્રતિ મારી શી ફરજ છે એ બરાબર સમજાઈ ગયું. તે વખતે પાઠશાળામાં મેં સ્વદેશી ખાંડની પ્રતિજ્ઞા લીધી. આ પ્રતિજ્ઞામાં બીજા પણ વિદ્યાર્થીઓ સાથે હતા, પરંતુ તેઓ છેવટ સુધી નહીં ટકી શકેલા. પાઠશાળામાં દરેક તેરશને દિવસે મિષ્ટાન્ન થાય, પણ તે મિષ્ટાન્ન મેં લગભગ છ મહિના સુધી હરામ કરેલું, એટલે પાઠશાળાના વ્યવસ્થાપક મહારાજશ્રીએ ખાસ મારા માટે કોઠારમાં સ્વદેશી ખાંડ રાખવાનો હુકમ આપ્યો અને સ્વદેશી કપડાં માટે મેં મારા મામાને પત્ર લખીને ભોજાવદરી વેજાં મંગાવી તેનાં કપડાં સિવડાવેલાં અને ધોતિયું પણ તે વેજાંમાંથી જ બનાવેલું. એ વેજાં એવાં પાટિયાં જેવાં સજ્જડ હતાં કે કેડ ઉપર મજબૂત દોરો બાંધ્યા વિના રહી જ ન શકે. અર્થાત્ બંગભંગની ચળવળના સમયથી મારા મનમાં રાષ્ટ્રિય ફરજનો ખ્યાલ આવી ગયેલો તે જ્યારે મને પૂ. ગાંધીજીનો સમાગમ થયો ત્યારે શુદ્ધ અને પૂર્ણપણે સમજાઈ ગયો. મારી મર્યાદા અને પરિસ્થિતિ પ્રમાણે મેં અને આચરણમાં પણ આણ્યો છે. વિદ્યાપીઠમાં લગભગ અગિયાર વરસ રહ્યો તે દરમિયાન સન્મતિતર્કના સંપાદનનું કામ પૂરું થયા પછી મેં બે જૈન સૂત્રોના અનુવાદનું કામ પણ વિદ્યાપીઠમાં જ રહીને કરેલું. પછી તો મહાત્માજીની પવિત્ર દાંડીકૂચ આવી. તે વખતે મહાત્માજીએ મને યરોડાથી પત્ર લખીને ખાસ જણાવેલું કે તમારે તો પૂંજાભાઈ ગ્રંથમાળાનું જ કામ કરવાનું છે. પણ મારું મન ન માન્યું. વયોવૃદ્ધ મહાત્માજી જેવા સંતપુરુષ જેલમાં હોય ત્યારે મને બહાર રહીને કામ કરવાનું ફાવતું જ ન હતું. તેથી હસ્તલિખિત નવજીવનનું તંત્રીપણું સ્વીકારવા ખૂબ હોંશે તૈયાર થયો. ઘરમાં પત્ની (શ્રી અજવાળી)એ પણ ઘણી રાજીખુશીથી સંમતિ આપી. તે પોતાના ભાવી સંકટનો ખ્યાલ ન કરી કેવળ મારી ભાવનાને પોષવા તૈયાર થઈ એ મારે માટે વિશેષ આનંદનો વિષય બન્યો. નવ મહિના વીસાપુરમાં જઈ તપશ્ચર્યા કરી આવ્યો અને પછી જ્યારે બહાર નીકળ્યો કે તરત જ મારા ઉપર ડિપોર્ટ થવાનો હુકમ બજવાથી બીજાં પાંચ વરસ મેં ભારે રખડપાટ કર્યો. એ રખડપાટ દરમિયાન હું તીવરી, કુચેરા, પાલી વગેરે મારવાડમાં આવેલાં સ્થળોએ જઈ સ્થાનકવાસી જૈન સાધુઓને ભણાવતો અને મારા કુટુંબનો નિર્વાહ કરતો. મારે માટે એ કપરો સમય હતો તે કરતાં મારાં પત્ની અને છોકરાંઓ તથા મારાં માતાજી માટે ભારે કપરો સમય હતો. છતાં પ્રબળ રાષ્ટ્રિય ઉત્સાહના પૂરમાં એ કપરો સમય આનંદ સાથે પસાર થઈ ગયો. એ કપરા સમયમાં મારાં પત્નીને ઓથ માત્ર પોતાના આત્મબળની જ હતી એ હકીકત હું આનંદ સાથે જણાવું છું.

૨૧. બનારસમાં રહીને જ્યારે યશોવિજયજી જૈન ગ્રંથમાળાનું સંપાદન કરતો હતો ત્યારે એ અરસામાં એ જ ગ્રંથમાળામાં મેં પ્રાકૃતભાષા શીખવવા માટે એક પ્રાકૃતમાર્ગોપદેશિકા નામની નાની ચોપડી લખી હતી. પછી જ્યારે વિદ્યાપીઠમાં જોડાયો ત્યારે એક મોટું પ્રાકૃત વ્યાકરણ તથા અપભ્રંશનું વ્યાકરણ પણ લખેલું, જેને વિદ્યાપીઠે પ્રકાશિત કરેલ છે. ગ્રંથમાળાનું કામ બંધ થતાં મારા ઉપર 'જૈન શાસન' નામના એક પાક્ષિક પત્રના સંપાદનનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાર આવી પડેલો. એ પત્રમાં હું કેટલાક શાસ્ત્રીય વિષયો વારંવાર ચર્ચતો. મર્યાદિત દીક્ષાની પદ્ધતિ, દીક્ષા લીધા પછી તે ન પાળી શકાય એવું લાગે તો દીક્ષા છોડી દઈને સિદ્ધપુત્ર થવાની વા શ્રાવક-ધર્મ આચરવાની પ્રાચીન રીત, ઉપધાન વગેરેની જે ભારે ખર્ચાળ અને જડ પદ્ધતિ વર્તમાનમાં ચાલે છે તે બાબત પણ શાસ્ત્રીય દૃષ્ટિએ ચર્ચા કરતો. એ પત્રનું સંપાદન મારે થોડા મહિના કરવું પડ્યું, પછી તો હું મતભેદને કારણે તેમાંથી છૂટો થઈ ગયો.

૨૨. મુંબઈમાં ભગવતીનું કામ કરતો હતો ત્યારે મને થયું કે યુનિવર્સિટીમાં સંસ્કૃતને સ્થાન છે, પાલીને સ્થાન છે, તો પછી જૈનશાસ્ત્રોની અર્ધ-માગધી પ્રાકૃતને શા માટે સ્થાન નહીં? આ બાબત મેં જિનાગમ પ્રકાશક સભાના મંત્રી શ્રી મનસુખ-લાલ રવજીભાઈ સાથે ચર્ચા કરી અને એ વિશેના મારા વિચારો સ્પષ્ટપણે રજૂ કર્યા. તેમણે મને જણાવ્યું કે અર્ધમાગધી પ્રાકૃતમાં જે જે પ્રકારનું અને જે જે વિષયને લગતું સાહિત્ય હોય તે વિશે બરાબર એક મોટી નોંધ તૈયાર કરો અને એ સાહિત્યનો મુંબઈ યુનિવર્સિટીને બરોબર ખ્યાલ આવે એવો એક સ્પષ્ટ ભાષામાં નિબંધ લખો. તેમની સૂચના પ્રમાણેની નોંધ અને નિબંધ તૈયાર કરી મેં તેમને આપ્યાં. તે બધું લઈ તેઓ શ્રીમાન દીવાન-બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી પાસે પહોંચ્યા. એમણે એ ચર્ચા શ્રી નરસિંહરાવભાઈ દિવેટિયા સાથે કરી અને થોડા જ દિવસમાં મેં સાંભળ્યું કે સંસ્કૃતની પેઠે જ હાઈસ્કૂલમાં પાંચમી ચોપડીથી અર્ધમાગધી ભાષા પણ શરૂ કરવાનું મુંબઈ યુનિ-વર્સિટીએ જાહેર કર્યું છે. આથી મને ઘણો જ આનંદ થયો અને આ રીતે મારાથી જૈન આગ-મોની ભાષાની સેવામાં યત્કિંચિત્ નિમિત્તરૂપ થવાયું તેથી પણ મને ધન્યતા લાગી.

૨૩. અમદાવાદમાં રહેવાનું બન્યું ત્યારે મને થયા જ કરતું કે અમે જે કાંઈ જાણીએ છીએ તે અમદાવાદના લોકો પણ જાણે એવી કોઈ યોજના થાય તો સારું. આ વિશે પંડિત સુખલાલજી સાથે મેં ચર્ચા કરી અને વિગતથી યોજના કરી. આને પરિણામે પ્રથમ પહેલ મારા ઘેરથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો આરંભ થયો. મારાં માતાજી, મોતીબહેન અને થોડા જૈન પાડોશી અમારા સૌથી પહેલા શ્રોતા બન્યા. પંડિત સુખલાલજીએ અને મેં કલ્પસૂત્ર ઉપર વર્તમાન સંશોધન પદ્ધતિને લક્ષ્યમાં રાખીને ભાષણો કર્યાં. એનો પ્રથમ સંગ્રહ 'સુઘોષા' નામના છાપાએ છપાવેલો. અમારાં બીજાં પણ એ વ્યાખ્યાનમાળાને લગતાં ભાષણોનો સંગ્રહ છપાયેલ છે અને પછી તો ક્રમેક્રમે એ વ્યાખ્યાનમાળાનું કુંડાળું વધતું ગયું. અમે જ્યાં રહેતા ત્યાં પ્રીતમનગર સોસાયટીમાં આજુબાજુ રહેતા ઘણા જૈનો અને બીજાઓ પણ શ્રોતા બનવા લાગ્યા. આ પછી તો હાલ જ્યાં મહાવીર વિદ્યાલયની શાખા અમદાવાદમાં છે તે શેઠ ભોળાભાઈના મકાનમાં બીજા બીજા વિદ્વાનોને અમે આમંત્રણ આપીને પ્રવચન કરાવવા લાગ્યા. એ વ્યા[illegible]નમાળામાં શ્રી નર્મદાશંકર મહેતા જેવા પ્રૌઢ તત્ત્વજ્ઞોએ આ[illegible] વ્યાખ્યાનો આપ્યાં અને આમ એની શરૂઆત નદીના મૂળ જેવી [illegible] આછીપાતળી હતી તે વર્તમાનમાં ઘણી જ વ્યાપક બની ગઈ છે અને હવે તો મુંબઈ, અમદાવાદ, કલકત્તા અને પૂના સુધી તે વ્યાખ્યાનમાળા પહોંચી ગઈ છે અને જૈન સમાજનું મન આકર્ષી રહી છે.

૨૪. મારી કામ કરવાની રીત કોઈ પ્રકારે સમયનો અપવ્યય કરવાની નથી રહી. હું એકલો કામ કરતો હોઉં અર્થાત્ મારા ઉપર કોઈ નિયામક ન હોય અથવા સમૂહમાં કામ કરતો હોઉં ત્યાં નિર્ધારિત સમયમાંથી પાંચ મિનિટનો પણ અપવ્યય કરવો મને કદી ગમતો નથી. એક એવો સમય હતો કે જ્યારે ભગવતીના અનુવાદનું કામ હું એકલો જ કરતો અને જે સ્થળે બેસીને કામ કરતો તે સ્થળે મારા સિવાય બીજું કોઈ પણ નહોતું. છતાંય એ કામ કરતાં કરતાં એક મિનિટ પણ બગડે એ સ્થિતિ મને અસહ્ય લાગતી. અત્યાર સુધીમાં મારા હાથે જે જે સંપાદન સંશોધન વા સ્વતંત્ર લેખનનાં કામ થયાં છે તેમાં હું આખો જ રેડાઈ ગયો છું અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ માટે મેં કદી મારી બીજી કોઈ સગવડ વા અનુકૂળતા તરફ લક્ષ્ય કર્યું નથી. આપોઆપ જે બને તે બને. બીજા ઘણા ડાહ્યા લોકોને મન મારી આ રીતે કામ કરવાની પ્રથા અવ્યવહારુ ગણાઈ છે. એમને મન આ બાબત મારી જડતા જણાય છે અને મને પણ કેટલીક વાર પ્રતિકૂળતા ઊભી થાય છે. છતાં જે કામને સ્વીકાર્યું તે તરફ સતત વફાદારી રાખવી અને તેમાં જાતને રેડી નાંખવી એ જ મને હંમેશાં ઉચિત લાગ્યું છે અને એ ઉચિતતા માટે મારું આંતરમન બરાબર સાક્ષી પૂરે છે અને સંતોષ અનુભવે છે. વિદ્યા દ્વારા જીવન ચલાવવું મને પહેલેથી જ ખટકતું આવ્યું છે અને ઘણી વાર એમ પણ થઈ આવ્યું છે કે બીજો કોઈ ધંધો આવડી ગયો હોત તો તે દ્વારા નિર્વાહસાધન મેળવી વિદ્યાદાન વા સાહિત્યિક પ્રવૃત્તિ કશા બદલાની અપેક્ષા વિના જ કરતો રહેત. પરંતુ એ મનોરથ ફળવાની આશા હવે મુદ્દલ રહી નથી એટલે મારી જે પ્રવૃત્તિ વર્તમાનમાં ચાલે છે તેમાં જ જાતને નીચોવીને કામ કરતા મચ્યા રહેવું એ જ મારે મન હિતાવહ છે અને સંતોષપ્રદ છે.

૨૫. મેં એવો રિવાજ રાખ્યો છે કે ભણનારાં ભાઈબહેનોને બને તેટલા સહાયભૂત થતા રહેવું, તેમને ભણાવવું અગર ભણતર માટે જે નડતર હોય તે દૂર કરવા પ્રયત્ન કરવો, તે સારુ જે આર્થિક અગવડો હોય તે પણ બની શકે તેટલો પ્રયાસ કરીને ધની મિત્રોદ્વારા દૂર કરવી. આ રીતે હું ઘણા વિદ્યાર્થીઓના સંપર્કમાં આવેલ છું. જ્યારે હું મારવાડ તરફ રહેતો ત્યારે મારા સહૃદય સ્નેહી શ્રી દુર્લભજીભાઈ ઝવેરીના નિમંત્રણને માન આપી બ્યાવર ગયેલો અને ત્યાંની સ્થાનકવાસી ટ્રેનિંગ કોલેજના બધા વિદ્યાર્થીઓને મેં ન્યાયતીર્થની પરીક્ષા માટે તૈયારી કરાવી હતી. તેમાં ભાઈ દલસુખભાઈ માલવણિયા, શાંતિલાલ શેઠ, ભાઈ દાઉલાલ, સજ્જનસિંહ, ખુશાલદાસ કરગઠળા, હરખચંદ દોશી વગેરે અનેક વિદ્યાર્થીઓ હતા. ભાઈ દલસુખભાઈ અને શાંતિલાલ શેઠ એ બન્ને વિદ્યાર્થીઓ તો અમદાવાદમાં પ્રીતમનગરમાં મારે ઘરે રહીને પણ અધ્યયન કરતા હતા અને જ્યારે પછી હું સત્યાગ્રહ નિમિત્તે જેલમાં ગયો ત્યારે તેઓ પાછળથી શાંતિનિકેતન ગયેલા. જે સાધુઓ મારી સામેના પક્ષના છે તેમણે ભણવાની સહાયતા મારી પાસે જ્યારે માગી છે ત્યારે ઘણી ખુશીથી મેં આપેલ છે, એટલું જ નહીં તેમને એ જાતની સહાયતા કરવા તેમના મકાને જાતે જઈને હું વંચાવી આવેલ છું. અમદાવાદમાં લગભગ ત્રીશ બત્રીશ વરસથી રહું છું, કોઈ ઉપાશ્રયનો મને પરિચય નથી તેમ પ્રસંગ પણ નથી, છતાં કોઈ જ્યારે મારી પાસેથી ભણવાની વા કાંઈ સમજવાની ઇચ્છા કરે ત્યારે હું તૈયાર જ હોઉં છું અને તે માટે ભણનારની અનુકૂળતા ઉપર મારું ધ્યાન વિશેષ જાય છે. મારી એવી ધારણા છે કે જ્યાં સુધી જાત બરાબર ચાલે ત્યાં સુધી મારી પદ્ધતિ અખંડ ચાલતી રહેવી જોઈએ.

૨૬. જ્યારે હું મહારાજશ્રી ધર્મવિજયજી સાથે માંડળથી પગપાળો વિહાર કરતો કરતો પેથાપુર પહોંચ્યો ત્યારે મને રાત્રે રડવાની ટેવ પડી ગઈ. એટલે હું ઊંઘી ગયો હોઉં અને કોઈ જગાડે તો તરત જ રડવા લાગી જાઉં અને બેએક કલાક એ રડવાનું બંધ ન થાય. પછી આપોઆપ બંધ થઈ જાય. આ પછી મને કોઈ પૂછતું કે શા માટે રડતો હતો? તો હું કહેતો હું ક્યારે રડતો હતો? અર્થાત્ એ રડવાની મને ખબર ન રહેતી. આ ટેવ બનારસ આવ્યો ત્યાં સુધી પહોંચી અને પછી અચાનક એની મેળે જ ચાલી ગઈ. એ જ રીતે મારી બીવાની ટેવ પણ ઘણા લાંબા સમય સુધી ચાલી. જ્યારે કોલંબો ગયો અને ત્યાં રાત્રે એકલો ઊઠવાનો પ્રસંગ પડવા લાગ્યો ત્યારે એ ટેવ પણ છૂટી ગઈ.

૨૭. દેશવટાનો રખડપાટ જ્યારે મટી ગયો અને કોઈ પ્રકારની અગવડ વગર અમદાવાદ પહોંચી શક્યો ત્યારે મુંબઈ યુનિવર્સિટી સંચાલિત ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં 'ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ' એ વિષય ઉપર પાંચ વ્યાખ્યાનો આપવાનું મુંબઈ યુનિવર્સિટી તરફથી મને નિમંત્રણ મળેલ. એ વ્યાખ્યાનોનું એક મોટું પુસ્તક મુંબઈ યુનિવર્સિટિએ પ્રકાશિત કર્યું છે. કર્યાં વળામાં જીનમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂંભડાં વીણતો હું અને ક્યાં યુનિવર્સિટિના હૉલમાં ભાષાની ઉત્ક્રાંતિ વિશે વ્યાખ્યાનો આપતો હું ! ઘણી વાર એમ લાગે છે કે આ બે હું એક નથી, પણ ઘણા જ જુદા જુદા છે. તેમ છતાંય જ્યારે એ બન્નેમાં હું મા હું પોતે સળંગ પરોવાયેલો છું એનું ભાન થાય છે ત્યારે મને આનંદ થાય છે, ધન્યતા લાગે છે અને એક પ્રકારનો સંતોષ થાય છે. ત્યાર પછી હું અમદાવાદની એસ. એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં અર્ધમાગધી ભાષાના અધ્યાપકપદે નિયુક્ત થયેલ છું, તે આજ સુધી એ જ સ્થળે રહીને મારું કામ કર્યા કરું છું. અને વચ્ચે વચ્ચે મળતાં સંપાદન, સંશોધન અને વ્યાખ્યાન વગેરેનાં તથા લેખન વગેરેનાં કામો પણ યથાબુદ્ધિ અને યથાશક્તિ કરતો રહું છું. આ રીતે બહારની દૃષ્ટિએ મારા જીવનમાં મને સંતોષ થાય તેવું બન્યું છે, છતાં મારી આધ્યાત્મિક જીવનની ધારણાઓ ઘણી ઓછી પાર પડી છે. તે માટે મારો પ્રયત્ન ચાલુ જ છે અને મારી બહારની પ્રવૃત્તિઓ તેમાં સહાયભૂત થતી રહે છે. આધ્યાત્મિક જીવનની ધારણાઓમાંય મારું ચિત્ત સંતોષ અનુભવી શકે એવી પ્રગતિ કરવાના પંથમાં મારે હવે ઝપાટાબંધ ચાલવાનું છે એનું મને સતત ભાન છે, મારી તમામ નબળાઈઓ મારા ખ્યાલમાં છે અને એ નબળાઈઓને મૂળથી ભૂંસી નાખવાના પ્રયત્નો પણ ચાલતા રહે છે. આ આશા વધારે પડતી નથી કે ભગવાન મહાવીર, પૂ. મહાત્મા ગાંધી અને પૂ. વિનોબા ભાવેનો આદર્શ સામે રાખી મારી તે તમામ નબળાઈઓને દૂર કરવાના પ્રયત્નમાં કેમ ફત્તેહમંદ થઈ ન શકું ?

૨૮. મારાં માતાજી તેજસ્વી હતાં, કડક હતાં. હું તેમની નવ અંગે-પૂજા કર્યા પછી જ દેરાસરમાં ભગવાનની પૂજા કરતો. મારી પત્ની શ્રી અજવાળી પોતાનો તેજોવધ જરાય સહી શકે એવી નથી, છતાંય તેણીએ અડગ રહીને મારે નિમિત્તે જે જે આપત્તિ સહી છે, કૌટુંબિક પ્રસંગે પોતાની આશાઓનો અસાધારણ ભોગ આપેલ છે, જ્યારે હું જેલ ગયો અને ત્યાર પછી ચાર પાંચ વરસ રખડપાટમાં ગાળ્યા ત્યારે પણ ધીરજ રાખીને મારાં માતાજી તથા સંતાનોની સંભાળ રાખવા સાથે જે અનેક અગવડોને વેઠી છે, એ વખતે પોતાનું તેજ કાયમ રાખી, કોઈની અપેક્ષા રાખ્યા વિના જે જ્વલંત જીવન જીવી બતાવ્યું છે, સાદાઈ, સ્વાશ્રય, સંતાનો પ્રતિનું વાત્સલ્ય અને આઘાત પ્રત્યાઘાતોને સહન કરવાનું સામર્થ્ય—એ બધું તેનામાં એક સાથે આવી મળેલ છે અને તેથી જ મારો અવ્યવહારુનો આ આશ્રમ કાંઈ શોભા પામેલ છે.

નાનપણમાં ગરીબીમાં રહેલો અને તેથી જ ઇચ્છાએ કે અનિચ્છાએ દુઃખ સહન કરવાની ટેવ પડેલી છે. મારી પ્રાથમિક અવસ્થામાં પણ હું દુઃખી થયો નથી. અત્યારની દૃષ્ટિએ વિચારું છું ત્યારે જ તે પ્રાથમિક અવસ્થા દુઃખરૂપ જણાય છે. એમ તો અમે જ્યારે પગે ચાલતા અને તે પણ રોજ દસથી બાર માઈલ, મુકામ પર પહોંચ્યા પછી હાથે જ રસોઈ પણ બનાવતા અને લગભગ બેથી ત્રણ વાગ્યે ખાવા પામવાનું અને રોજ આ રીતે લગભગ છ-આઠ મહિના ચાલેલું. રોજ આટલું આટલું ચાલીએ છતાં રસ્તામાં ક્યાંય ખાવાની જોગવાઈ નહોતી તેમ છતાં અમે ઉલ્લાસમય રહેતા. વર્તમાનમાં તો કેટલાયે સમયથી હું ઇચ્છાપૂર્વક સહનશક્તિ કેળવી રહ્યો છું. ધારો કે બસમાં બેઠો હોઉં તો જરા વધુ સંકોડાઈને બેસું અને બીજો કોઈ ભાઈ આવે તો તેને મારી પાસે બેસાડી દઉં અથવા જગ્યા ખાલી થઈ હોય અને બીજો કોઈ બેસવા જાય તો તેને જ બેસાડી દઉં અને મને ઊભા ઊભા જ મજા પડે. આ રીતે જીવનનાં ઘણાં ક્ષેત્રમાં ઇચ્છાપૂર્વક આ વૃત્તિ કેળવવા મથું છું. હજી તેને પૂર્ણપણે પહોંચ્યો નથી, છતાં જેટલું પહોંચ્યો છું તેટલાનો મને સારી રીતે આનંદ અને સંતોષ છે.

૨૯. જ્યારે હું એક વાર બ્યાવરનો જૈન ગુરુકુળનો સંચાલનભાર વહેતો હતો ત્યારે મેં ત્યાં સ્થાનકવાસી, તપાગચ્છી અને ખરતરગચ્છી એ ત્રણે પ્રકારના વિદ્યાર્થીઓને ભેગા બેસાડી તેમને ત્રણ પરંપરાના પડિક્કમણાં એક એક જુદે જુદે દિવસે અર્થાત્ ત્રણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિવસ સુધી કરાવેલાં અને તેમાં બોલાતાં ત્રણે પરંપરાનાં સૂત્રોની સમજૂતી આપેલી. ત્યારે વિદ્યાર્થીઓએ કહેલું કે આ તો બધું એકસરખું છે. આમાં ક્યાંય કશો ભેદ નથી. આ રીતે મોકો મળતો ત્યારે હું પરસ્પર સમન્વયનો અને વિરોધ ઓછો થાય તેવો પ્રયત્ન આજ લગી પણ કરતો રહ્યો છું અને ભાવીમાં પણ તે જ પ્રયત્ન ચાલુ રાખવાનો છું. મારા જીવનની શુદ્ધિ માટે સ્વાધ્યાય અને સત્યવૃત્તિ મને હંમેશાં ઉત્તમ લાગ્યાં છે. હું પણ સાધારણ માણસ છું, દોષ અને ગુણના મિશ્રણસમ માનવ છું.

મારાં ચાર સંતાનો છે: ચિ. લલિતા બી. એ. પી. એ. અને બી. ટી.; ચિ. ડો. પ્રબોધ પંડિત એમ. એ. પી. એચ. ડી. (લંડન); ચિ. લાવણ્યવતી મેટ્રિક અને મોંટેસોરી નિષ્ણાત: ચિ. શિરીષ હજી ભણે છે.

મારી આ કહાણીમાં મારી ઘણી ખરી બાબતો આવી ગયેલ છે. સંભારું છું તો બીજી પણ હજી કેટલીક બાબતો બાકી રહી જાય છે. છતાં જે કાંઈ જાહેરમાં ઉપયોગી હતું તે બધું લગભગ આમાં આવી ગયું છે. બાકી રહેવામાં મારા મિત્રો અંગેના કેટલાક મારા અંગત પ્રસંગો, સ્થાનકવાસી અને મંદિરમાર્ગી મુનિઓની સાથેના મારા અંગત પ્રસંગો, અને કેટલીક જૈન સંસ્થાઓ સાથેના મારા અંગત પ્રસંગો એ બધું આવે છે. એનો પણ અહીં વિશેષ ઉપયોગ દેખાયો નહીં એટલે મેં એને જતું કર્યું છે.

(સંપૂર્ણ)

---

# દીક્ષાન્ત પ્રવચનમાંથી

શ્રી રાધાકૃષ્ણન

યહૂદી ધર્મગ્રંથોમાં એક પ્રસિદ્ધ વચન છે કે જેરૂસલેમનો વિનાશ થયો, કારણ કે ત્યાં શિક્ષકોનું સંમાન થતું નહોતું. એ કંઈ નવી વાત નથી. પ્રાચીન કાળથી આપણે એ સત્યને સાંભળતા આવ્યા છીએ. જ્યારે શિક્ષકોનું સંમાન થતું ન હોય અને ગુરુજનોની શિખામણ શ્રદ્ધાપૂર્વક સાંભળવામાં આવતી ન હોય, ત્યારે સમજી લેવું કે દેશનું પતન નજીક છે. જો ગુરુજનો પોતાનું સંમાન ઇચ્છતા હોય તો તેમણે શિષ્યોના નિકટ સંપર્કમાં આવવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓ સાથે મૈત્રી બાંધવી જોઈએ. ગુરુશિષ્યની એ મૈત્રી અને સાંનિધ્ય જાહેર પ્રવચન કરવા માત્રથી નથી પેદા થતાં, મૈત્રી અને સંમાનની ભાવના માટે ગુરુશિષ્યનો નિકટ સંપર્ક હોવો જરૂરી છે.

*

પ્રશ્ન થાય છે કે ગુરુ અને શિષ્ય વચ્ચે કેવો સંબંધ હોવો જોઈએ? આ બાબતમાં ઉચ્ચ મનીષીઓનો અભિપ્રાય એવો છે કે શિષ્યને પોતાનો વિકાસ જાતે સાધવા દેવો. તેને જાતે જ પોતાના વ્યક્તિત્વનું નિર્માણ કરવા દેવું. આ બાબતમાં કેટલાક વિચારકો વ્યક્તિના માનસ ઘડતરને માટે કુલ મુખત્યારશાહી પદ્ધતિને અપનાવવાનો આગ્રહ રાખે છે. તેઓ કહે છે કે જેવી રીતે પોતાના હસ્તકૌશલથી આપણે એક માટીના પિંડાને ધાર્યું રૂપ આપી શકીએ છીએ, તેવી રીતે વ્યક્તિનું પણ ઘડતર થઈ શકે છે. પણ આપણા દેશની પરંપરા આ બાબતમાં એ લોકો કરતાં જુદી છે. આપણે વ્યક્તિનું સંમાન કરીએ છીએ. આપણે વ્યક્તિનું ગૌરવ સમજીએ છીએ. શ્રી કૃષ્ણ ગીતામાં અર્જુનને સારામાં સારો ઉપદેશ આપ્યા પછી પણ કહે છે કે **યથેચ્છસિ તથા કુરુ**। તારી ઇચ્છા પ્રમાણે કર. તેઓ પોતાના વિચારોને અર્જુનના મન ઉપર લાદવાનો પ્રયત્ન નથી કરતા. તેઓ કહે છે, મને સત્યની જેવી પ્રતીતિ થઈ છે, તેવી તારી આગળ રજૂ કરી છે. પણ મારું કામ એ નથી કે હું મારુ દૃષ્ટિબિંદુ તારા ઉપર ઠોકી બેસાડું પોતાના અંતરાત્માની સહાયથી સત્યને તારે પોતે શોધી કાઢવું જોઈએ. એ પછી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોતાની જ ન્યાયબુદ્ધિથી તારે એ નિર્ણય કરવો જોઈએ કે તારે માટે સાચો માર્ગ કયો છે? આપણા દેશે આ પરંપરાને અખંડ રાખી છે, કે વ્યક્તિનું સંમાન કરો, કોઈ પણ વિષય ઉપર જે કંઈ શ્રેષ્ઠ વિચારો કરવામાં આવ્યા છે તે વ્યક્તિ આગળ રજૂ કરો, અને તેને વિશે નિર્ણય કરવાનો પૂરો અધિકાર તેને સોંપી દો. કહેવાનો અભિપ્રાય એ છે કે વ્યક્તિત્વની પવિત્રતા અને શ્રેષ્ઠતાનો આદર આપણે ત્યાં થતો આવ્યો છે. ગુરુ અને શિષ્યના વહેવારનું નિયમન કરનારી પદ્ધતિ આ જ હોવી જોઈએ. ગુરુજનોએ કદાપિ એવો વિચાર ન કરવો જોઈએ કે બધી મનમાં પોતાના વિચાર હથોડાના ઘા મારી મારીને ઠાંસી દેવા.

શિષ્યો પ્રત્યે એવી ભાવનાથી જોવું જોઈએ કે એ આત્મારૂપી કોમળ કળીઓ પુષ્પરૂપે વિકસિત વ્યક્તિઓના થવાનો પ્રયત્ન કરી રહી છે. ગુરુજનોનો સાચો ભાવ એવો હોવો જોઈએ.

*

રશિયા, ઈંગ્લંડ, અમેરિકા, ગ્રીસ અને રોમ વગેરે જુદાજુદા દેશોએ શિક્ષણના ધ્યેયની બાબતમાં જુદાજુદા મતો સ્વીકારેલા છે. આપણુ ભારતીયોનો શિક્ષણના સ્વરૂપની બાબતમાં એક સર્વથા નવીન દૃષ્ટિકોણ રહ્યો છે. ભારતીય મનીષીઓએ જણાવ્યું છે કે શિક્ષણ માનવ આત્માની મુક્તિ માટે હોવું જોઈએ – सा विद्या या विमुक्तये।

શિક્ષણનો હેતુ એ હોવો જોઈએ કે તે આત્મામાં એવું સામર્થ્ય ઉત્પન્ન કરે કે એને નવું જીવન, નવો જન્મ, દ્વિતીય લોક (સ્વાધીનતા અને આધ્યાત્મિકતાનો લોક) પ્રાપ્ત થાય.

तद् द्वितीयं जन्म,
माता सावित्री
पिता आचार्यः ।

જો કે આપણા બધાનો જન્મ પ્રાકૃતિક પરિસ્થિતિમાંથી જન્મેલા અને ભૌતિક આવશ્યકતાઓથી ભરેલા આ સંસારમાં થયા કરે છે, તેમ છતાં માણસને ભૌતિક શક્તિઓની પ્રતિક્રિયા માત્ર ન સમજી લેવો જોઈએ. તેની પોતાની એક પ્રકૃતિ હોય છે. આપણે ત્યાં કેટલાક વિચારકો એવા છે જેઓ કહે છે કે આધ્યાત્મિક મુક્તિના લોકમાં માનવ ભાવનાઓની ઉપેક્ષા થાય છે, જે માનવજીવનની ઐહિક બાજુ છે. પણ તેમનું આ કથન બરાબર નથી.

જ્યારે એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે અમૃત શું છે, ત્યારે ઋષિએ જવાબ આપ્યો કે–

प्राणानाम् आरामः ।
मनसः आनन्दः ।
शान्तिः समृद्धिः ।

અર્થાત્, પ્રાણો(શરીર)નો વિશ્રામ, મનનો આનંદ અને આત્માની શાંતિ પરમશાંતિ–માં અમૃત સમાયેલું છે. માણસ ત્રણ તત્ત્વોનો બનેલો છે; શરીર, મન અને આત્મા. માનવ પ્રકૃતિનાં આ ત્રણ તત્ત્વોને વિકસિત અને સમૃદ્ધ કરવાવાળા શિક્ષણને જ આપણે સર્વાંગીણ શિક્ષણ કહી શકીએ.

આપણે એમ ન સમજવું જોઈએ કે વિદ્યાની આપલે અને આવડતનો હાથબદલો થાય એનું જ નામ શિક્ષણ. એ વસ્તુની પણ ખૂબ જરૂર છે. દરેક માણસમાં એટલી યોગ્યતા હોવી જોઈએ કે તે પોતાની જાણકારી અને કાર્યકુશળતાથી પોતાનું યોગક્ષેમ ચલાવી શકે, એમાં તો શંકા જ નથી. કહ્યું પણ છે કે अर्थकरी विद्या. પણ એમાં જ બધું સમાઈ જતું નથી. જો તમે વૈજ્ઞાનિક દૃષ્ટિએ નિપુણ બની જાઓ, જો તમે પોતાના આત્માની બીજી બાજુઓનો વિકાસ નહિ કરો, અને જો તમે એમ ન માનો કે વિદ્યા અને પ્રજ્ઞા સિવાય પણ કોઈક ઉદાત્ત તત્ત્વ તમારા જીવનમાં મૌજૂદ છે, તો તમે પોતાના જીવનના સ્વામી બનવાને બદલે કેવળ રાક્ષસ બની જશો. કોઈકે સાચું જ કહ્યું છે કે

साक्षरो विपरीतत्वे राक्षसो भवति ध्रुवम् ।

અર્થાત્ જો આપણે આપણા જીવનની આધ્યાત્મિક બાજુની ઉપેક્ષા કરીશું તો જરૂર રાક્ષસ બની જઈશું.

એટલે જો આપણે આજની દુનિયાની વિપત્તિઓથી અને દુઃખોથી બચવા માગતા હોઈએ તો આપણને કેવળ વિજ્ઞાનની પ્રગતિની જ જરૂર નથી, બલકે સાહિત્ય, કલા, વિદ્યાવિનોદ અને પ્રજ્ઞાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રગતિમાં પણ આપણે આગળ વધવું જોઈશે. જ્યાં સુધી આપણે માનવ પ્રકૃતિની આ બાજુને વિકસાવીશું નહિ અને એની ઉન્નતિ કરીશું નહિ, ત્યાં સુધી વિજ્ઞાનની આ ત્રાસદાયક સિદ્ધિઓ વિનાશકર સાબિત થશે, કોઈ પણ રીતે ઉપકારક બનવાની નથી. આ બધાનો આધાર જેમણે વૈજ્ઞાનિક શોધોને પોતાને વશવર્તી બનાવી છે, તેમના ઉપર છે. આપણે અગ્નિનો શો ઉપયોગ કરવો એનો આધાર અગ્નિની પ્રકૃતિ ઉપર નથી, પણ અગ્નિનો ઉપયોગ કરનાર વ્યક્તિના સ્વભાવ ઉપર છે. અગ્નિથી આપણે આપણી સગડી ગરમ કરી શકીએ છીએ, રસોઈ કરી શકીએ છીએ, અને એના વડે આપણે આપણા પડોશીના ઘરને આગ પણ લગાડી શકીએ છીએ. એ જ રીતે અણુશક્તિ પણ એક સાધન છે. આજે એ માણસના હાથમાં પકડાવી દેવામાં આવ્યું છે. આપણે એનો ઉપયોગ માનવતા, સૌંદર્ય અને જીવનના ઉત્કર્ષ માટે કરીએ છીએ કે વિનાશ માટે? માનવ જીવનનો આધાર અણુશક્તિ ઉપર નથી પણ જે વ્યક્તિઓએ એ શક્તિ શોધી કાઢી છે તેમની પ્રકૃતિ ઉપર છે. સ્થાનની દૃષ્ટિએ જગત સાંકડું થતું જાય છે. જેમ જેમ એ નાનું થતું જાય છે તેમ તેમ આપણાં હૃદય વિશાળ થતાં જવાં જોઈએ.

*

હમણાં તમને ઉપદેશ આપતાં આચાર્યશ્રીએ એક વસ્તુની આંતર અને બાહ્ય બાજુનો ઉલ્લેખ કર્યો. એ તત્ત્વના આંતર ભાગને 'સત્ય' કહે છે. એ જ તત્ત્વ જ્યારે વ્યવહારમાં મૂર્ત રૂપ ધારણ કરે છે ત્યારે તે ધર્મ કહેવાય છે.

सत्यान्न प्रमदितव्यम् ।
धर्मान्न प्रमदितव्यम् ।
कुशलान्न प्रमदितव्यम् ॥

ધર્મ એ છે જે માનવજાતને એક કરે છે. અધર્મ માનવજાતને વિભક્ત કરે છે. ધર્મ એ છે જે સમાજનું ધારણ કરે છે – એક સૂત્રમાં પરોવી રાખે છે. અધર્મ આપણને વેરવિખેર કરી નાખે છે. ધર્મ આપણું આલંબન છે. અધર્મથી આપણું પતન થાય છે. ધર્મને નામે આપણે આપણા દેશમાં એવાં અનેક આચરણોને અપનાવ્યાં છે જે ખરું જોતાં અધર્મ છે. બધી જાતના જાતપાંતના ભેદ અને જેના વડે આપણે અબલા નારી અને નીચલા વર્ગના લોકોનું દમન અને શોષણ કર્યું છે તે બધા આચારો આપણા વિનાશનાં કારણ સિદ્ધ થયાં છે.

યજ્ઞને નામે વૃક્ષોને કાપીને, પશુઓની હત્યા કરીને, તેમના લોહીથી ધરણી કાદવવાળી બનાવીને જો સ્વર્ગે જવાતું હોય તો નરક કયે માર્ગે જવાય?

वृक्षांश्छित्वा पशून् हत्वा कृत्वा रुधिर-कर्दमम् ।
यद्येवं गम्यते स्वर्गः नरकः केन गम्यते ॥

*

આજે માણસ સર્જક પ્રવૃત્તિની ઉદાત્ત સિદ્ધિઓ માટે ઝંખી રહ્યો છે. એને માટે મારી સમજ પ્રમાણે ધ્યાનની, ચિત્તને એકાગ્ર કરવાની ખૂબ જરૂર છે. આ જગતમાં જે માણસો તુચ્છ વસ્તુઓની પાછળ પોતાની શક્તિ વેડફી નાખે છે, તેઓ જીવનમાં કોઈ પણ મહાન સિદ્ધિને પ્રાપ્ત કરી શકતા નથી.

આજ આ વિશ્વવિદ્યામાંથી બહાર પડતા નવયુવકોનું એ કર્તવ્ય છે કે તેઓ આખા જીવનમાં સ્વાધ્યાય અને પ્રવચનને પોતાનું વ્રત બનાવે–તમારા આચાર્યશ્રીએ પણ તમને એ જ ઉપદેશ આપ્યો છે–

स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ।

*

આજકાલ એવા વિદ્યાર્થીઓ બહુ ઓછા જોવા મળે છે જે કોઈ એક પુસ્તકને પૂરું–પહેલેથી છેલ્લે સુધી વાંચતા હોય. પોતાના શિક્ષકોના વ્યાખ્યાનની નોંધો લખી લે છે, પરીક્ષા વખતે એ નોંધ ઉત્તરવહીઓમાં ઓકી કાઢે છે, અને ત્યાર પછી તેને હમેશને માટે ભૂલી જાય છે. ઇતિહાસકાર ગિબ્બને કહ્યું છે કે 'ભારતની સમૃદ્ધિ મળે તો પણ હું અધ્યયનનો આનંદ છોડવા તૈયાર નથી.' દરેક વિશ્વવિદ્યાલયે પોતાના તરુણોના મનમાં આ ભાવના દૃઢ મૂળ કરવી જોઈએ.

પ્રિય નવયુવકો, તમે આ વિદ્યાભવનમાં ભારતીય સંસ્કૃતિની ભાવનાને હૃદયંગમ કરી છે. હું આશા રાખું છું કે તમે એના પ્રભાવ અને તેજ ઉપર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિશ્વાસ રાખશો. યાદ રાખજો કે સત્યથી એ સંસ્કૃતિ અભિન્ન છે. એ દ્વારા જ તમે લોકોનાં હૃદયો અને મન પર વિજય મેળવી શકશો. હું તમને એ પણ કહી દેવા માગું છું કે એ ભારતીય સંસ્કૃતિ—જેનો સત્ય સાથે અભેદ છે—તેમાં એની આગવી અદ્દ્ભુત શક્તિ રહેલી છે.

તમારે એ સંસ્કૃતિના વારસદાર બનવું જોઈએ. એને માટે તમારે અભિમાન લેવું જોઈએ. તમે એ સંસ્કૃતિના મહત્ત્વને તમારા હૃદયમાં સ્થાપન કરજો અને એની વૃદ્ધિ કરજો. જો તમે એ પ્રમાણે કરશો તો તમે કેવળ પોતાના દેશની જ નહિ પણ આખી દુનિયાની કંઈક સેવા કરી શકશો. હું આશા રાખું છું કે તમે આ વિદ્યામંદિરમાં જે શિક્ષણ મેળવ્યું છે, તે તમારી આકાંક્ષાઓને સફળ બનાવવમાં મદદ રૂપ થઈ પડશે.*

* ગુરુકુલ કાંગડી વિશ્વવિદ્યાલયના પદવીદાન સમારંભ (૧૦-૪-૫૫) વખતે આપેલા ભાષણના હિંદી અનુવાદ ઉપરથી. —ન૦

---

# ગુર્જરી નાટચનો આસ્વાદ*

કાકા કાલેલકર

પ્રિય જેઠાલાલ,

શ્રી રસિકભાઈ પરીખ વિદ્યાપીઠની સ્થાપના વખતના મારા સાથી. તે વખતે અમે કેટલાંયે સ્વપ્નાં સાથે ઉપજાવી કાઢેલાં અથવા સેવેલાં. આર્યવિદ્યા અથવા ભારતીય સંસ્કૃતિનું અધ્યયન આપણા દેશમાં વધવું જોઈએ અને એ રીતે સ્વરાજ્યની ભાવના પરિપુષ્ટ થવી જોઈએ એ અમારો સમાન આદર્શ હતો. આર્ય સંસ્કૃતિમાં બધુંયે આવી જતું હતું. મેં ઉપનિષદ્ પાઠાવલી તૈયાર કરવાનું માથે લીધું તો રસિકભાઈએ વૈદિક પાઠાવલી તૈયાર કરી આપવાની હામ બીડી. પંડિત સુખલાલજી, મુનિ જિનવિજયજી અને પંડિત બેચરદાસ—આવા આવા પંડિતોનો સહયોગ મેળવી અમે કેટલુંક સાહિત્ય તૈયાર કરાવી શક્યા. પછી તો મારી વિનંતીને માન આપી ધર્માનંદ કોસંબી અમારી સાથે આવીને ભળ્યા. તેમણે બૌદ્ધ ધર્મની કેટલીયે ચોપડીઓ લખી આપી અને જાતે જૈનધર્મનો ઊંડો અભ્યાસ પણ કર્યો; તે એટલે સુધી કે જીવનનાં છેલ્લાં વર્ષોમાં તેઓ પાર્શ્વનાથના ચાતુર્યામ ધર્મના અને મરણાંતિક સલ્લેખનાના પણ હિમાયતી અને પ્રચારક બન્યા. જ્યારે જ્યારે એ દિવસો યાદ આવે છે ત્યારે ત્યારે સ્મૃતિમાં રસિકભાઈ હાજર હોય જ છે.

તે વખતે પણ રસિકભાઈના મનમાં નાટ્ય સાહિત્ય પ્રત્યે વિશેષ પક્ષપાત હતો. હું પોતે સંસ્કૃત નાટક સાહિત્યનો ઓછો રસિક નથી. પણ તે જમાનામાં જે જાતની એકાગ્ર સ્વરાજસાધના કરવાની હતી એની સાથે નાટ્યપ્રવૃત્તિ બંધ બેસે નહિ એવી શંકાથી રસિકભાઈને આ બાબતમાં મેં વિશેષ સાથ ન આપ્યો. છતાં તેઓ મૃચ્છકટિક નાટકનો પોતાનો અનુવાદ અથવા ભાવાનુવાદ મને સંભળાવ્યા વગર રહેતા નહિ.

ત્યાર પછી તો અમારા જીવનક્રમ નોખા પડચા. પૂ. બાપુજીને નારાજ કરીને પણ ગુજરાત છોડવાનું મેં પસંદ કર્યું. જ્યારે રસિકભાઈએ પોતાની સંસ્કૃતિઉપાસના કાયમ રાખી. એમને વાતાવરણ અનુકૂળ મળ્યું એટલે તેઓ એકધારી, અખંડ પ્રગતિ કરી શક્યા. અમારી વચ્ચે પત્ર-વ્યવહાર પણ વિશેષ ન ચાલ્યો. છતાં બન્ને વચ્ચેનું આકર્ષણ હજી એવું ને એવું જ કાયમ છે.

એટલે જ્યારે તમારી પાસેથી જાણ્યું કે રસિકભાઈએ 'મેનાં ગુર્જરી' કરીને એક નાટિકા લખી છે ત્યારે તે કેવી હશે એ જાણવાનું કુતૂહલ મનમાં એની મેળે જાગ્યું.

* તા. ૨૦-૫-૫૫ ના રોજ મુંબઈમાં 'મેનાં ગુર્જરી' નાટિકા જોયા પછી લખેલો પત્ર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આર્ય સંસ્કૃતિના અનુયાયી તરીકે રસિકભાઈ પાસેથી જૂના–નવાના સમન્વયની અપેક્ષા હમેશાં રખાય. આ નાટકમાં એમણે ગુજરાતની લોકકથાઓ, લોકસાહિત્યે ખીલવેલા ગરબાઓ અને ગુજરાતના જીવન વૈશિષ્ટ્યના અંગ જેવી ભવાઈઓમાંથી આ નાટિકા ઉપજાવી છે એમ જ્યારે સાંભળ્યું ત્યારે આનંદ થવા છતાં આશ્ચર્ય ન થયું.

એ નાટિકા મારે જોવી એ જાતનો આગ્રહ તમે મને આજ સુધી કરતા રહ્યા હતા. અમદાવાદમાં અથવા દિલ્હીમાં એ નાટિકા હું જોઈ શકું એવી જાતની યોજનાઓ પણ ઘડાઈ. પણ નિર્માણ એવું હતું કે બિલકુલ અચાનકપણે મુંબઈમાં એ નૃત્યનાટિકા હું જોઉં. નાટિકાના દિગ્દર્શકો શ્રી જયશંકરભાઈ અને શ્રી દીનાબહેન રીતસર આમંત્રણ આપવા આવ્યાં, ત્યારે પણ ખાતરી ન હતી કે આ પ્રસંગ આ વખતે હું સાધી શકીશ. ડૉકટરોની કૃપાથી જ એ વસ્તુ બની શકી એ વાત સ્વીકાર્યે જ છૂટકો. મેં જ્યારે ડૉકટરને કહ્યું કે ઑપરેશન માટે આ ક્ષણે પણ હું તૈયાર છું ત્યારે ડૉકટરે ઠંડે પેટે કહ્યું, 'એ ખરું! પણ હું તૈયાર નથી. આવા તાપમાં તમારું ઑપરેશન કરવાનું મને ગમે નહિ. અને તમનેય છ અઠવાડિયાં આવા પરસેવાવાળા તાપમાં પથારીવશ રહેવું પોસાય નહિ.'

આવા વિચિત્ર સંજોગોમાં 'મેનાં ગુર્જરી'નું નાટક હું ગઈ કાલે જોઈ શક્યો.

નાટ્યકળાકોવિદોની દૃષ્ટિ કે આવડત મેં કેળવી નથી. પણ એક મારી વિશિષ્ટ અને અંગત દૃષ્ટિથી જ હું દરેક વસ્તુને જોઉં છું અને એને વિષે મારો અભિપ્રાય બાંધું છું.

'મેનાં ગુર્જરી'ની કથા પાછળ ઐતિહાસિક તથ્ય છે કે નહિ એની સાથે આપણે લેવા–દેવા નથી. આ નાટકમાં ગુર્જર સમાજનું અને ગુર્જરી નારીનો જે સ્વભાવ ચીતર્યો છે તે કોઈ પણ કાળના ગુજરાતીઓ સાથે બંધ બેસે છે કે નહિ એ જ ખરો સવાલ છે. નાટકકાર સૂત્રધારની પ્રસ્તાવનામાં કહે છે :

નારી ગુર્જર દેશની મનધાર્યું કરનાર,
વહુ કે સાસુ હો ભલે રસ્તે એક જનાર.

ગુર્જરી સ્ત્રીમાં જીવનાનંદ પૂરેપૂરો ભરેલો હોય છે. મનુષ્ય સ્વભાવને એ પારખે છે. એની સાથે લડવા બેસતી નથી, પણ એને ઓળખીને એને કેમ વાળવો અને સ્વીકૃત પરિસ્થિતિમાં પોતાનો જીવનાનંદ કેમ માણવો એ કળા એ જાણે છે. તમારા સામાજિક વિધિનિષેધો, આદર્શો અને નિયમો બધા કબૂલ, પણ જીવન જીવવાની અદમ્ય પ્રેરણાને એ રોકી ન શકે; પછી ભલેને બાદશાહની આવી પડેલી છાવણી જોવાનું એ સ્વાભાવિક કુતૂહલ જ હોય.

જે જાતિએ જીવનકળા કેળવી છે તેના જીવનમાં સંયમ અને પ્રમાણબદ્ધતા હોવાનાં જ. સંયમ એટલે ચિત્તવૃત્તિને ગૂંગળાવનારી તપસ્યા નહિ, પણ મનના વેગને અવકાશ આપવા છતાં એનાથી અનિષ્ટ ન નીપજે એટલા માટે ઓછોવત્તો રાખેલો અંકુશ. આવા સંયમ મારફતે જ જીવનરસ વધુમાં વધુ સેવી શકાય છે.

આવો સંયમ નાટકના સંભાષણમાં અને ઘટનાચમત્કૃતિમાં જેમ વ્યક્ત કરી શકાય છે એ જ રીતે અથવા તેથીયે વિશેષ રસિક સંયમ વ્યક્ત કરવાનાં સાધનો મુખ્ય બે છે — સંગીત અને નૃત્ય. જીવનની તમામ પ્રેરણાઓ, આકાંક્ષાઓ, ભાવનાઓ (અને વાસનાઓ પણ) પૂર્ણ રીતે ખીલવતાં એમાં જે સંયમનું તત્ત્વ દાખલ કરવાનું હોય છે તે આપણા સંગીત અને નૃત્ય દ્વારા વધુમાં વધુ સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે. એટલે નાટકનો બધો આધાર અભિનય તેમ જ વેશભૂષા ઉપર કે સંવિધાનચાતુર્ય ઉપર ન રાખતાં નાટક જો સંગીતમય અને નૃત્યમય બનાવ્યું હોય તો સંયમ-પ્રાણિત અભિરુચિના વિકાસને એક નવું સાધન મળે છે.

'મેનાં ગુર્જરી' નાટકનું કથાવસ્તુ બિલકુલ સાદું અને પાતળું છે. ઇસ્લામી સંસ્કૃતિ અને જૂની ભારતીય સંસ્કૃતિ વચ્ચેનો તફાવત કે વિરોધ આગળ આણવાનો અહીં પ્રયત્ન નથી — જો કે બન્ને આદર્શ વચ્ચેનો એક તફાવત અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમાંની ઇસ્લામની શ્રેષ્ઠતા આમાં સહેજસાજ પ્રગટ થયા વગર રહી નથી.

ઇસ્લામમાં ભલે પડદા જેવી ખોટી પ્રથા હોય, પુરુષને એક કરતાં વધુ અને ચાર સુધી પત્નીઓ કરવાની ઇસ્લામ ભલે છૂટ આપતો હોય, છતાં ઇસ્લામમાં નારીપ્રતિષ્ઠાને પૂરતો અવકાશ છે. શરીફ મુસલમાન કોઈ સ્ત્રીને સ્વીકારે તો એને રખાત તરીકે નથી રાખતો, એની સાથે પરણીને એને પત્ની બનાવે છે અને પત્નીની પ્રતિષ્ઠા એને આપે છે. ઇસ્લામની દૃષ્ટિએ સ્ત્રી પતિત કે ભ્રષ્ટ થતી નથી. જ્યારે આપણે ત્યાં સ્ત્રીનો કશોય ગુનો ન હોય છતાં કોઈએ એના ઉપર નાનોમોટો બળાત્કાર કર્યો હોય તો એ તરત ભ્રષ્ટ ગણાય છે. 'એંઠી પતરાળ પર જમવા બેસાય નહિ' એવા વિચારે સ્ત્રીને તો આપણો સમાજ કાયમની ભ્રષ્ટ ગણે છે.

આપણા સામાજિક આદર્શો ઘડવામાં જે ગ્રંથે સૌથી અગત્યનો ભાગ ભજવ્યો છે તે રામાયણમાં પણ સીતાની શુદ્ધિ અગ્નિપરીક્ષા દ્વારા પણ પૂરેપૂરી થતી નથી! રાવણ સીતાને લઈ ગયો એમાં રામનું અપમાન થયું; એ ધોઈ કાઢવા રામે મહા યુદ્ધ આદર્યું, અદ્ભુત પરાક્રમ કરી રાવણ સરખાનો વધ કર્યો, સીતાને મુક્ત કરી, અને પછી રામ ઠંડે પેટે કહે છે કે મેં મારું અપમાન ધોઈ કાઢ્યું; લૂંટાયેલી પત્ની પાછી મેળવી શત્રુનો નાશ કર્યો. અહીં મારું કર્તવ્ય પૂરું થાય છે. હવે પરઘરમાં રહેલી તું મારા કામની નથી. તારે જ્યાં જવું હોય ત્યાં જા.

સીતાનું જીવન નિષ્પાપ, પવિત્ર અને અગ્નિદીપ્ત છે એની સોએ સો ટકા ખાતરી હોવા છતાં રામ આવું વલણ દાખવી શકે, ધોબીની ટીકાને કારણે ભલે હોય, પણ પ્રજાનો અનુનય કરવા માટે સીતાનો ત્યાગ કરી શકે, લક્ષ્મણ એમાં સાથ આપી શકે; વસિષ્ઠ, વામદેવ આદિ ઋષિમુનિઓ અને ધર્મકારો એને મૂક સંમતિ આપે અને અંતે સીતાને ભૂમિમાતાનું શરણ શોધવું પડે, અને રામને પણ અસહાય બનીને પોતાનો દેહ છોડવો પડે, એ બધું શાનું લક્ષણ છે? આપણા સમાજે સ્ત્રીજાતિને માટીના ઘડા જેવી માની. પુરુષ તે સોનું, સ્ત્રી તે લાખ, એ જાતની માન્યતા ઉપજાવી અને પોતાની આખી જીવનદૃષ્ટિ ભ્રષ્ટ કરી નાંખી.

આપણા લોકો માણસને જીવતાં ન્યાય ન આપી શકે, મરી ગયા પછી એ જ માણસને દેવકોટિમાં પહોંચાડી એનો ફક્ત જયજયકાર કરી શકે, એ કૃત્રિમતા આપણા જીવનમાંથી હજીયે નીકળી નથી. આપણા સમાજમાં સ્ત્રીને જો માનભેર રહેવું હોય તો એણે સ્ત્રીનો અવતાર પૂરો કરી યોગમાયા-ભદ્રકાળી થવું જોઈએ. અને પછી આદિવાસીઓથી માંડીને પુત્રાભિલાષી લોકો તરફથી મળતાં મરઘાં અને બકરાંના બલિદાન ઉપર પોતાનું ગુજરાન ચલાવવું જોઈએ!

પ્રસ્તુત નાટિકામાં મેનાં:ગુર્જરીને અને એની સાહેલીઓને છોડાવવા માટે નવ લાખ ગુર્જરો કપાઈ મરવા માટે તૈયાર થાય છે, મેનાંનો દિયર હીરાજી એ ગુર્જરોની આગેવાની કરે છે, પણ એ નવ લાખ ગુર્જરોમાંથી એક પણ વ્યક્તિ મેનાંને એની સાસુના મહેણાંમાંથી બચાવી ન શકી, એ આપણી સંસ્કૃતિની દુર્દશા છે. અને આવા આદર્શો જ્યાંસુધી ચાલે છે ત્યાંસુધી આપણે બીજી કોઈ પણ સંસ્કૃતિ સામે નાક-ભવાં ચડાવી ન શકીએ.

પશ્ચિમના લોકોએ મધ્યકાળમાં Chivalryનો, સ્ત્રી – દાક્ષિણ્યનો એક આદર્શ ખીલવ્યો. સ્ત્રીજાતિની વહારે ધાવા માટે પુરુષ ગમે તે જાતનું જોખમ ખેડે, લોકોત્તર પરાક્રમ કરે અને પછી એ સ્ત્રી પોતાના એ રક્ષણકર્તાને 'નાથ' તરીકે સ્વીકારે, એ જાતનો આદર્શ મધ્યકાલીન જીવનમાં અને ત્યારના સાહિત્યમાં અનંત રૂપે વિસ્તરેલો છે. આમાં સ્ત્રીદાક્ષિણ્ય તો ઉત્કટ હોય છે, પણ એની સાથે સ્ત્રી-પુરુષનું વાસનાત્મક આકર્ષણ પણ એટલું જ કામ કરે છે. None but the brave deserve the fair એ ત્યાંનો આદર્શ છે. એ આદર્શ સ્ત્રી જાતિને ભલે ગમે તેટલો આકર્ષક હોય પણ એ સ્ત્રી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાતિની અનાથ સ્થિતિનું સૂચન કર્યા વગર રહેતો નથી. આપણે ત્યાં ભાઈબહેનનો સંબંધ અત્યંત પવિત્ર અને ઉત્કટ ગણાયો છે. એમાંથી જ દિયર ભોજાઈનો વિશેષ સંબંધ ખીલ્યો.

કેવળ અજાણ્યાં સ્ત્રીપુરુષનો સંબંધ આવે ત્યાં વાસનાને ટાળવી સહેલું નથી અને જ્યાં માજણ્યાં ભાઈબહેનનો સંબંધ છે ત્યાં ઉત્કટતા ગમે તેટલી હોય પણ એમાં romance ઉત્પન્ન થતું નથી. દિયર–ભોજાઈના સંબંધમાં એ દોષો ટળાય છે અને ગુણોનો ઉત્કર્ષ થાય છે. નાનો દિયર ભોજાઈનો ભાઈ પણ છે, દીકરો પણ છે અને મિત્ર પણ છે. પતિનો ભાઈ એટલે એના પ્રત્યે અમુક romance તો હોવાનું જ અને છતાં સ્વાભાવિક મર્યાદાનું ઉલ્લંઘન થવાનો સંભવ જ નહિ. આ વિશેષ પ્રકારની Chivalry આપણા મધ્યયુગીય જીવનમાં અને સાહિત્યમાં અદ્ભુત રીતે ખીલેલી છે.

આમાંથી સમાજના નેતાઓએ 'રાખડીબંધુ'નો આદર્શ ઉપજાવી કાઢ્યો છે. સંકટમાં આવેલી સ્ત્રી કોઈ પણ ધીરોદાત્ત પુરુષને 'રાખડી' મોકલીને મદદ માગે તો પુરુષ એ સંબંધનો અને એ લાગણીનો ઇન્કાર ન કરી શકે. પોતાની શક્તિ-સર્વસ્વ અને પ્રાણ આપીને પણ માનેલી બહેનની સત્ત્વરક્ષા કર્યાના દાખલાઓ આપણે ત્યાં ઘણા પડ્યા છે. પરદેશથી આવેલા મુસલમાનો પણ આ આદર્શનો ઇન્કાર કરી શક્યા નથી. સ્ત્રીએ મોકલેલી રાખડી અને કરેલી યાચના એટલી ઉચ્ચ ભૂમિકા પરથી થયેલી હોય છે કે એ બહેન પોતાના બનાવેલા ભાઈને ગૌરવ આપીને એનો જ ઉદ્ધાર કરતી હોય એવું વાતાવરણ એમાંથી જન્મે છે. બન્ને બાજુને ઉન્નત કરનારો આ સંબંધ દુનિયામાં અજોડ છે.

પ્રસ્તુત નાટિકામાં મેનાં ગુર્જરીનો પતિ ક્યાંય દેખાતો નથી. નાટકને એની ગરજ પણ નથી. મેનાં પોતાના દિયરને ઓળખે છે, એને કેળવે છે, એના ઉપર પોતાનો ભાર નાંખીને એને જીવનની એક અમૂલ્ય તક આપે છે. દિયર–ભોજાઈનો આ આદર્શ અને એમાંથી ઉત્પન્ન થતો પ્રસંગ એ આ નાટકનું બીજું આકર્ષક તત્ત્વ છે.

નાટકનું ત્રીજું આકર્ષક તત્ત્વ એ ગુર્જરી સ્ત્રીની મોકળાશ, જીવન તદ્દન ખુલ્લું, આનંદ, ટીખળ, વિનોદ અને આરોગ્યથી ભરપૂર. સ્ત્રીજીવનનું આવું અને આટલું મોકળું વાતાવરણ જોવાને મળે એ જ એક મોટો લહાવો છે.

નાટ્યતંત્રની કઈ કઈ ખૂબીઓ આ નાટકમાં સચવાઈ છે વગેરે તરફ ધ્યાન આપવાનું મારું કામ નહિ. આખી નૃત્યનાટિકામાંથી જે ચાર તત્ત્વો મને જડ્યાં તેનો ઉલ્લેખ કરી સંતોષ માનું છું અને સાથે સાથે રસિકભાઈને આ જ કાગળ દ્વારા મારું અભિનંદન પણ પાઠવું છું.

મુંબઈ — લિ.

૨૧–૫–'૫૫ — **કાકા**ના

સપ્રેમ વંદેમાતરમ્

---

( અનુસંધાન પૃ. ૧૬૪થી ચાલુ )

લગભગ પંદરસોનો ઉમેરો થવો જોઈએ—એટલું થાય તો એ ચાલુ રહી શકે.

સાધના સાપ્તાહિક હમેશાં પક્ષનિરપેક્ષ ભાવે દેશના રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રશ્નોની ચર્ચા કરતું આવ્યું છે. એણે આંતરભારતીની દૃષ્ટિનો ફેલાવો કરવાનો એકનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. એનું અખબારી ધોરણ સતત ઊંચું રહ્યું છે, એની પાછળ ત્યાગ અને સેવાની નિર્મળ ઉજ્જવળ પરંપરા છે. આ બધું જોતાં એ સાપ્તાહિક ચાલુ રહે એ ઇષ્ટ છે અને જેમને જેમને આવી સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં રસ હોય તેઓ એક યા બીજી રીતે એને મદદ કરે એવી વિનંતી છે. સરનામું:

'साधना', આર્થર રોડ, મુંબઈ–૧૧

૧૭–૬–'૫૫ — ન૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# માણાવદરની ગ્રામવિકાસ યોજના

સુમંત મહેતા

માણાવદર તાલુકાના એક ગામડાનાં ગામપંચાયત કાર્યાલયના ખુલ્લા ચોકમાં, પણ એક ઠીક મોટા ઝાડની છાયામાં અમે બેઠાં હતાં. આ ગામડામાં વસ્તી તો પચરંગી હતી પણ વિશેષ સંખ્યા આયરોની હતી અને ગ્રામસરપંચ પણ આયર હતા. આયર પ્રજા રૂપાળી હોય છે, અને સ્ત્રીઓ સારી રીતે ગોરી હોય છે, અને તેમનાં નાક આંખ સુંદર હોય છે. સરપંચ શરીરે મજબૂત અને મોટી છાતીવાળા હતા પણ જરા બેઠા ઘાટના હતા. મેં પૂછ્યું કે "પટેલ, આ ગામમાં ચા કેટલી પીવાતી હશે?" પટેલે તરત ઉત્તર આપ્યો કે "આવકનો ત્રીજો ભાગ.." હું હસી પડ્યો અને કહ્યું કે "એમ તે કાંઈ હોય!" ત્યાર પછી લાંબી ચર્ચા ચાલી. જ્યારે કોઈ પણ મહેમાન આવે ત્યારે ચા મૂકવી પડે, અને જેટલા હાજર હોય તેને આપવી પડે. ચાની દુકાનો બંધ કરવાને લીધે થોડો ઘણો લાભ થાય છે જ, વગેરે, વગેરે. એટલામાં અમને એક સચોટ પુરાવો મળ્યો. બ્રૂક બોન્ડની ચાનો એક વેપારી મોટર ટૅક્સીમાં બેસીને આવ્યો, અને આ ૧૮૦ ઘરના ગામડામાં રૂા. ૨૫૦ની ચાનાં પડીકાં મૂકતો ગયો. આ ગામની વસ્તી ૧૧૦૦ માણસોની છે, એટલે એક એક કુટુંબદીઠ ૬ માણસની વસ્તી થાય છે. (હિંદ દેશની સરેરાશ એક કુટુંબે પાંચ મનુષ્યોની છે.) આ ગામડામાં દર અઠવાડિયે વેપારી આવીને ચા વેચી જાય છે. બૈરાંછોકરાં સૌ ચા પીએ છે અને સ્ત્રી પોતાના પતિને માટે ભાથું લઈ જાય છે તેમાં પણ ચા હોય છે. સગા કાને સાંભળેલી આ હકીકત જો સાચી હોય તો તે ભયંકર કહેવાય.

પછી વાત નીકળી બીડી પીવાની. આ તરફ હૂકો પીવાનો રિવાજ નથી. બધી બીડીઓ વેચાતી જ આવે છે. પહેલાં પહેલાં થોડી ધોળા કાગળની બીડીઓ દાખલ થઈ હતી, પછી કાળી બીડીઓ આવી પણ એ બધી મોંઘી પડે છે. ઘર દીઠ બીડી પાછળ શું ખર્ચ થતો હશે તેની વાતો થતી હતી એટલામાં પેલી ચાવાળી મોટર આવી અને આ વાત અધૂરી રહી. આ પ્રશ્નની તપાસ હું પ્રોજેક્ટ ઑફિસરને સોંપી દઉં છું.

અમારા પરમમિત્ર ડૉ. મહેન્દ્ર ભટ્ટ જે સૌરાષ્ટ્ર સરકારમાં આરોગ્યખાતામાં એક મોટા અમલદાર છે તેમના હેલ્થસેન્ટરનું તથા બીજા ગ્રામવિકાસનું કામ જોવા માટે અમે માણાવદર ગયાં હતાં અને ત્યાં બે દિવસ ને એક રાત ગાળીને માણાવદરનું આરોગ્ય કેન્દ્ર તથા થોડાં ગામડાંઓનું કામ જોયું. તે ઉપરાંત અમને મળવા માટે ગામડાંઓમાં પ્રચાર તથા સમજાવટનું કામ કરતા અનેક ખાતાંના વીસેક કાર્યકરો (ફીલ્ડ વર્કર્સ) મળ્યા હતા. અને બે ત્રણ અનુભવી ગામડાંના બાહોશ આગેવાનો જેમાંથી એક સૌરાષ્ટ્ર ધારાસભાના સભ્ય છે તે સૌની સાથે ચર્ચા કરવાની અમૂલ્ય તક મળી હતી, અમે બહુ ટૂંકો સમય એ ગામડાંઓમાં ગાળ્યો હતો તે વાત સાચી છે, પણ મારે એક ખુલાસો કરવો જ જોઈએ કે હું લગભગ ૩૩ વર્ષથી ગામડાંઓના નિકટ સંપર્કમાં છું અને ગામડાંના પ્રશ્નોથી વાકેફ છું. સરકારી અમલદાર તરીકે પણ ગામડાંનું જ મુખ્ય કામ સેનિટરી કમિશનર તરીકે પાંચ વર્ષ સુધી કર્યું હતું. લાગલગાટ પાંચ વર્ષ ગામડાંમાં રહીને ગ્રામસેવકોને તાલીમ આપવા માટેના એક આશ્રમનો હું મુખ્ય સંચાલક હતો. સૌરાષ્ટ્રનાં ગામડાંઓનો પણ અનુભવ પુષ્કળ છે. અમરેલી, ધારી, કોડીનાર, ખાંભા અને ઓખામંડળ (દ્વારકા)ના તાલુકનાં ઘણાં ગામડાં મેં જોયાં છે. ચોરવાડ (સોરઠ)માં સ્વ. શ્રી ગોકુળદાસ રાયચુરાની પાડોશમાં ચાર મહિના રહીને મેં અનેક ગામડાંમાં જઈને ગ્રામજનો સાથે ચર્ચાઓ કરી છે. તેમના મેળાઓમાં ભાગ લીધો છે. ભાવનગરથી ૧૦ માઈલ દૂર ભૂંભલી ગામડે ગ્રામપ્રશ્નોના ઉકેલ માટે ૨૦ દિવસ સતત રહ્યો હતો. આ બધું પુરાણ લખવાનું કારણ એટલું જ છે કે અમેરિકનો સાત દિવસ ભારત દેશમાં આવીને પુસ્તક લખતા હોય છે તેવું મેં કર્યું નથી. અમે માણાવદર ગયાં તેની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પહેલાં ચાર દિવસ સુધી અમને આ ગ્રામવિકાસની યોજનાઓ વિશેનું જેટલું સાહિત્ય મળ્યું તે (અને તે થોકડાબંધ હતું) અને 'વિકાસ' માસિકના ઘણા અંકો અમે વાંચી કાઢ્યા હતા, અને ગામડે જઈને કયા પ્રશ્નો પૂછવા તેની યાદી કરી રાખી હતી.

અમારો સામાન્ય (જનરલ) અભિપ્રાય એવો થયો છે કે જે મહાન પ્રયત્ન થઈ રહ્યો છે તે આશાસ્પદ છે. ત્યાંની એક મુલાકાતવહીમાં મેં લખ્યું છે તે પણ અહીં નોંધું છું કે છેક પાંત્રીસ વર્ષ પહેલાં જે સ્વપ્નો મેં સેવ્યાં હતાં, તે આજે વાસ્તવમાં આવતાં જોઉં છું, જો કે એ પાંત્રીસ વર્ષો છેક નિષ્ફળ ગયાં નહોતાં; આજે વરસાદની જેમ નાણાં અને નિષ્ણાત સલાહ મળ્યા કરે છે.

અમે પહેલે ગામડે ગયાં ત્યાં શિક્ષક ઉત્સાહી હતા. પ્રોજેક્ટના અમલદાર સાથે હતા તેથી અમને સંતોષ થાય એવી હકીકતો કહેવાનો થોડો પ્રયત્ન થતો હતો, તે છતાં અમે શોધી કાઢ્યું કે શાળામાં માત્ર બે છોકરીઓ જ હાજરી આપતી હતી. ઠીક ચર્ચા થયા પછી પંચના સભ્યોએ વચન આપ્યું કે અમે જાતે ફરીને સંખ્યા વધારીશું. પંચાયતમાં જે સ્ત્રી સભાસદ હતી તે બાહોશ હતી. તેણે કહ્યું કે હું એક જ ચોપડી ભણી છું તે છતાં હું નાનાં પુસ્તકો વાંચું છું અને મને કેળવણીની કિંમત છે તેથી મારી દીકરીઓને સારો અભ્યાસ કરાવવાનો મેં નિશ્ચય કર્યો છે.

આ બાઈ જાતે બાવા (ગોસાંઈ) હતી. 'વિકાસ' માસિકમાં એક પંચાયતની છબીમાં મેં એક શહેરી સ્ત્રીઓનાં જેવાં કપડાં પહેરેલી અને તેવી રીતે માથું ઓળેલી સ્ત્રી જોઈ ત્યારે મારા મનમાં શંકા ઉદ્ભવેલી. સાધુ બાઈને તો લાજમલાજે કાઢવાનો હોય નહીં. બીજે ગામડે અમે વધારે પૂછપરછ કરી ત્યારે જાણ્યું કે મોટી વયની અને ગામની વહુ નહીં પણ દીકરી હોય તેવી સ્ત્રીઓને જ પંચ તરીકે ચૂંટી કાઢવામાં આવે છે. એવી સ્ત્રીઓ કાં તો મીટિંગમાં જતી નથી, જતી હશે તો કામમાં તેમને રસ નથી. સૌરાષ્ટ્રના ગામડામાં પંચના ભાયડાઓની વચ્ચે એક સ્ત્રી જઈને બેસે અને કારવાઈમાં ભાગ લે એ આજને માટે અઘરું છે. છતાં આપણે શરૂઆત તો કરવાની જ છે. શારદાબહેને સૂચવ્યું કે એમ કરો કે એક પુરુષ રાજીનામું આપે અને બીજી એક સ્ત્રીને ચૂંટી કાઢો તો એકલી બાઈને સાથ મળશે. પેલી સ્ત્રીપંચ એકદમ બોલી ઊઠી કે હું જ રાજીનામું આપી દઉં છું. મારે પંચમાં રહેવું નથી. ત્રીજા ગામમાં સ્ત્રીપંચ આવી નહીં ત્યારે શારદાબહેન તેને ઘેર ગયાં. સ્ત્રીપંચનું વય પાંત્રીસની આસપાસ હશે. તેણે કહ્યું કે અમે કામમાંથી પરવારતાં જ નથી. એ બાઈને ૧૦ છોકરાં જીવતાં હતાં. તેના એક છોકરાને અને એક છોકરીને છોકરું હતું. પોતાનું અઢી વર્ષનું છોકરું ઘોડિયામાં સૂતું હતું. બાઈએ થાકેલા અવાજે કહ્યું કે હું ઈશ્વિર પાસે પ્રાર્થના કરું છું કે હવે છોકરાં ન આપે. શારદાબહેને કહ્યું કે ઈશ્વરને પ્રાર્થના કરવાને બદલે તમારા ધણીને પ્રાર્થના કરો. બાઈ કહે કે માને છે કયાં? શારદાબહેને કહ્યું કે તમે જુદા સ્થળે સૂઓ. બાઈની આંખમાં આંસુ હતાં. અમે ઊઠયાં. ઓસરીમાં ઘોડિયું હતું તે જોઈ મેં અંગ્રેજીમાં કહ્યું કે જરા છોકરાને જુઓ. શારદાબહેનને એમ લાગ્યું કે બાળકના મોં પર કાળો પાટો બાંધ્યો છે. પાસે ગયાં ત્યારે જાણ્યું કે બાળકના મોં પર આશરે સો માખીઓ બેઠી હતી. શારદાબહેનને તો સાચેસાચો આઘાત લાગ્યો. પેલી પંચબહેનનું લક્ષ દોરતાં તેણે ઉત્તર આપ્યો કે "ગામડામાં બીજું થાય શું?" આ ઉત્તર આ રાષ્ટ્રમાં સાંભળી સાંભળીને હું કંટાળી ગયો છું.

અસ્પૃશ્યતાનિવારણની બાબતમાં એક ખેડૂતે મને કહ્યું કે જ્યારે કપાસની મોસમમાં જીનિંગ અને પ્રેસિંગનું કામ ચાલતું હોય છે ત્યારે અમે હરિજનોની સાથે બેસીએ છીએ, સાથે બેસીને જમીએ છીએ, અને અકેકના ભાણાને અડકીએ પણ છીએ. આ વાત સૌ કોઈ જાણે છે તે છતાં અમારાથી ખુલ્લી રીતે જાહેર કરાતું નથી કે અમે હરિજનોની આભડછેટને સદંતર ત્યાગ કર્યો છે. ઘણાંખરાં ગામડાઓમાં સાર્વજનિક કૂવાઓમાંથી પાણી ભરવાની છૂટ હરિજનોને મળી છે. એક અમલદારે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજી વાત કહી તે નોંધવા જેવી છે. એક ગામડામાં ચમાર (અહીં 'રંગાટી' કહેવાય છે) માટીના કુંડનું સ્થાન બદલીને ચમારોના વસવાટની પાસે મૂકવાની હિલચાલ ચાલી રહી હતી. અમલદારે કહ્યું કે જુઓ, જો આ કુંડ તમારા ધરોની પાસે આવશે તો તમને વધારે સુગમતા, સગવડ થશે. એક વૃદ્ધ ચમારે પૂછ્યું કે સાહેબ! કયા ધારા કે બંધારણમાં લખ્યું છે કે આ કામ હરહમેશ અમારા લોકોને જ કરવાનું છે? બીચારો અમલદાર નિરુત્તર રહ્યો. બનવાજોગ છે કે આવું કામ હવેથી નાનાં મોટાં કારખાનાંઓમાં થશે.

સૌરાષ્ટ્રનાં ગામડાંઓમાં પંચાયતો સ્થપાયાને બહુ જ ટૂંકો સમય થયો છે. ભાવનગર રાજ્યમાં થોડી પંચાયતો કામ કરતી હતી ખરી. આ બે ત્રણ વર્ષની અંદર આ રાષ્ટ્રનાં ૪૬૫૬ ગામડાંમાંથી ૧૮૯૪ ગામડાંમાં (૧૯૫૪ની સાલને અંતે) પંચાયતો છે. આ સિદ્ધિ આશ્ચર્યજનક કહેવાય; પણ પ્રશ્ન તો એ છે કે આ પંચાયતોમાં જીવ કેટલો છે? દફતરે પંચાયત નોંધાય તેમાં શું થઈ ગયું? 'વિકાસ' માસિકમાં વાંચ્યું કે પંચાયત સ્થાપવાને માટે આખા ગામે સર્વાનુમતે પંચ ચૂંટી કાઢીને સરકારને અરજી કરવી જોઈએ. એ લેખમાં 'સર્વાનુમતની ચૂંટણી'નાં વખાણ કરવામાં આવ્યાં છે. આ લોકશાહીના યુગમાં, અને જ્યારે કોંગ્રેસ તેમ જ હાલની સરકાર લોકશાહી તંત્ર માટે આગ્રહ કરે છે ત્યારે બહુમતી ચૂંટણી તરફનો અણવિશ્વાસ મને વિચિત્ર અને અજુગતો લાગે છે. જ્યાં પ્રજામાં જાગૃતિ છે ત્યાં મતભેદ ન થાય તો સારું, પણ મતભેદ થાય તેથી નાખુશ થવા જેવું જરાય નથી. હું મતભેદને આવકારું છું. લોકશાહીમાં સરકારની સામે એક સ્પષ્ટ વિચારસરણી તથા સ્પષ્ટ કાર્યક્રમવાળો બીજો પક્ષ હોય એને મુખ્ય પ્રધાન નેહરુ તેમ જ સ્પીકર માવળંકર બન્ને આવકારે છે. ચીનમાં અને રશિયામાં એક મતે બધું થાય છે, તે આપણને ખૂંચતું નથી? આજનો 'સર્વાનુમત' મતની કિંમત ન સમજવાને લીધે પણ હોઈ શકે. મને એક ગામ આગેવાને જ કહ્યું કે હવે થોડા વખત પછી સરપંચની ચૂંટણી માટે હરીફાઈ જાગવાની છે. આજની 'ચૂંટણી' ચૂંટણી નહીં પણ નિમણૂક હોવાનો સંભવ છે. ત્યારે પ્રશ્ન એ ખડો થાય છે કે પ્રોજેક્ટનાં ગામડાંઓમાં સાચી જાગૃતિ કેટલી છે અને લોકશાહીના સિદ્ધાંતની ખિલવણી કેટલી થઈ રહી છે?

મારા મન પર બે ત્રણ છાપ પડી છે તે અચકાતાં અચકાતાં લખું છું કારણ કે આવું સર્વસામાન્ય વિધાન (જનરલાઇઝેશન) ની પાછળ ખૂબ પ્રત્યક્ષ અનુભવ હોવો જોઈએ તે મને સૌરાષ્ટ્રમાં મળ્યો નથી.

પહેલી વાત એ છે કે મુંબઈ અને બીજાં રાજ્યોમાં પ્રધાનો અને પ્રજાજનો વચ્ચે જે અંતર છે તે આ નાના રાજ્યમાં નથી. બીજી વાત, પ્રજા અને અમલદારો વચ્ચે પણ અંતર ઓછું છે. ગામડાંની અમુક કોમોમાં સ્વમાનની લાગણી જબરી છે અને તેથી ગ્રામપ્રજા અને શહેરી પ્રજાની વચ્ચેનું અંતર પણ ઓછું છે, અને છેવટે ધરધણી અને નોકરો વચ્ચેનું અંતર પણ ઓછું છે. આ બધું લખતાં હું અચકાઉં તેમાં નવાઈ પામવા જેવું છે ખરું? તે છતાં મારા અનુભવી મન પર આવી સ્પષ્ટ છાપ છે. બીજી વાતમાં મને બહુ શંકા નથી. સૌરાષ્ટ્રમાં ૧૯૪૮ પહેલાં પ્રજાકીય જાગૃતિ ઓછી હતી કારણ કે તેમના માથા પર ૨૦૨ રાજાઓ કે દરબારો હતા—સૌરાષ્ટ્ર સિવાયના ગુજરાતમાં વહેલી જાગૃતિ આવેલી અને ઠીક ઠીક પ્રગતિ થઈ હતી માટે તે હમેશાં મોખરે રહેશે એવું માનવાને કારણ નથી. એમ તો આખા ભારતની કે ચીન કે રશિયાની પ્રજાઓએ છેલ્લાં થોડાં વર્ષોમાં એટલી બધી પ્રગતિ કરી છે કે જે કરતાં યુરોપને સદીઓ વીતી ગઈ હતી. બ્રિટિશ પાર્લમેંટની પાછળ ૮૦૦ વર્ષનો ઈતિહાસ હશે. આપણે સાત વર્ષમાં તેને ઠીક રીતે અપનાવી લીધી છે. તેવી રીતે સૌરાષ્ટ્રની પ્રજામાં વધારે જબરું ચેતન આવ્યું હશે તો તે ટૂંક સમયમાં આગળ ગણાતી પ્રજાઓની હારોળમાં આવીને ઊભું રહેશે, અને વખતે શા માટે આગળ પણ ન જતું રહે? તેની સાથે એક ચેતવણી પણ આપું છે. સૌરાષ્ટ્રમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવી નવી પ્રગતિ ચમકદાર અને ભભકદાર લાગે છે. ગુજરાતમાં આજે જે બેઠી પ્રગતિ થઈ રહી છે તેને ભભકાની કે આત્મપ્રશંસાની જરૂર રહેતી નથી.

ત્રીજી હકીકત લખતાં પણ હું અચકાઉં છું. રખે ને તે ખોટાં અનુમાનો પર રચાયલી હોય. સૌરાષ્ટ્રની પ્રજા વધારે મહેનતુ છે. પ્રજામાં આત્મ-વિશ્વાસ છે. આવો વિશ્વાસ વધારે પડતો પણ હોઈ શકે. પ્રજામાં નવી હોંસ, નવો ઉત્સાહ છે, એક વખત પાછળ હતા માટે આગળ વધી જવાની ધગશ છે. આ વાત ખરી હોય તો પ્રગતિને માટે આશાસ્પદ છે. આ બાબતમાં પણ એક ચેતવણી આપવા જેવું છે. જ્યારે કોઈ પરપ્રાંતીય કે પરરાષ્ટ્રીય મનુષ્ય તેમના કામનાં વખાણ કરે છે ત્યારે તેમને સંતોષ તો થાય જ પણ જરા ફુલાઈ જાય છે, અને જો કાંઈ ટીકા કરે છે તો તેના તરફ ભારે અસહિષ્ણુતા બતાવે છે. ટીકામાં જો સત્ય હોય તો આપણને સ્થિતિ સુધારી લેવાની તક મળે છે, જો ટીકા ખોટી હોય તો તે મનથી હસી કાઢવાની શક્તિ દરેક પુખ્ત અનુભવનો માણસ કેળવે છે. લોકશાહીના યુગમાં ટીકા વિશે આળાં રહેવું યોગ્ય નથી, અને તેમ કરવું પાલવે પણ નહીં.

ગ્રામવિકાસમાં એક મહત્ત્વનો વિષય ખેતી-સુધારણાનો છે. માણાવદરમાં તેમ જ અન્ય સ્થળે ખેડૂતના છોકરાઓને ખેતીસુધારણા માટેની તાલીમ આપવામાં આવે છે. ગુજરાત સૌરાષ્ટ્રનો ખેડૂત અબૂધ નથી. પોતાનું હિત સુધરતું હોય તો યોગ્ય પ્રયોગો કરવા તે આતુર હોય છે. જ્યારે જામનગરના બાજરાની વાત પ્રગટ થઈ ત્યારે મહેસાણા જિલ્લાએ એક રતલ બીનો એક રૂપિઓ આપીને બી મંગાવ્યું હતું. સુરત જિલ્લાના ખેડૂતની બાહોશી જાણીતી છે. સૌરાષ્ટ્રમાં નહેરો વાટે પાણી મળશે ત્યારે પાક પુષ્કળ ઊતરશે. પશુઉછેરનું કામ પણ સુધરતું જાય છે. ત્રણ નાની બાબતો તરફ લક્ષ દોરું છું. (૧) બકરાં તથા ઘેટાંની ઓલાદ સુધારવા માટેની યોજના વહેલી અમલમાં મૂકવી જોઈએ. (૨) માછલીના ઉછેર પાલનનો પણ વધારે પ્રચાર કરવાનો છે, અને (૩) મરઘાં બતકાના ઉછેરનો પ્રશ્ન સહેલો નથી કારણ કે તેને સહેલાઈથી ચેપી રોગ લાગુ પડે છે. તેથી તે રોગ અટકાવવાની ગોઠવણ કર્યા પછી જ તેનો પ્રચાર કરવાનો હોય. આ ત્રણે બાબતોની પૂછપરછ અમે સારી રીતે કરી શકર્યા નહોતાં.

ગ્રામજીવનમાં આરોગ્યની દૃષ્ટિએ ત્રણ મોટા પ્રશ્નો છે. (૧) સારું ખાતર થાય અને માખી જીવાત પાકે નહીં એવા ઉકરડાની યોજના. આ કામ સ્ત્રીઓનું હોવાને લીધે તેમાં સારી પ્રગતિ થઈ હોય એવું મને લાગ્યું નહીં. માખી મચ્છરો પાકતાં હોય તે ગામડામાં આરોગ્યનું રક્ષણ થવાનું નથી. (૨) બીજો પ્રશ્ન છે મનુષ્યમળનો. હજી લોકો જંગલમાં જ જાય છે. આ સ્થિતિ સુધરી નથી. ખેડૂત મનુષ્યમળના ખાતરની કિંમત સારી રીતે સમજે છે. (ક) લોકોને બાંધેલા જાજરૂમાં જવું પસંદ નથી. તેમને આ વ્યવસ્થા ગંદી લાગે છે. (બ) પાણીબંધ એટલે 'વૉટર સીલ્ડ' જાજરૂનો ઉપયોગ અમલમાં આવતાં વર્ષો વહી જવાનાં છે એવી મને બીક છે. પોર્સલેઇનને બદલે સિમેંટનાં જાજરૂ અત્યંત સોંઘાં થાય છે, અને સેપ્ટિક ટૅંક વર્ષો સુધી ચાલે છે. મને આ જાજરૂ ગમ્યાં. (ક) ખાડાનાં ફરતાં જાજરૂ દરેક જાતની માટીમાં કામ લાગતાં નથી. હરિપુરાની કોંગ્રેસ વખતે ત્યાંની ચીકણી કાળી માટીનાં ઢેફાં જરાય કામ લાગ્યાં નહીં અને હરિપુરા ગયેલા માણસોને એકદમ નાસી જવું પડ્યું. ફૈઝપુરમાં પણ તેવું જ થયું હતું. યોગ્ય માટીમાં એ ઘણા ઉપયોગી છે. (ધ) બોર એટલે ઊંડા ખાડાનાં દટ્ટણ જાજરૂ સારાં પડે છે પણ તેનું ખાતર કામ લાગતું નથી. મને ડર છે કે આ પ્રશ્નના ઉકેલમાં સારી પ્રગતિ થઈ નથી. અને ત્રીજો પ્રશ્ન છે. ગામઠાણના વિસ્તારનો. મને લાગે છે કે આ પ્રશ્નનનું મહત્ત્વ અને અગત્ય પ્રોજેક્ટવાળા પૂરેપૂરું સમજ્યા નથી. હું માણાવદર માટે નથી, લખતો મારી શંકા દિલ્હીની મુખ્ય કચેરી વિશે છે. મારી ભૂલ થતી હોય તો તે સુધારી લેવાને હું તૈયાર છું. વસ્તી દર વર્ષે વધતી જાય છે. દસ વર્ષમાં ૧૦ ટકા વધે છે, પણ ગામડાંનું ગામઠાણ વધતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વડોદરા રાજ્યના અનુભવથી હું લખું છું કે ગામદાણની પાસેની જમીન પૈસાદાર અને વગદાર ખેડૂતોની હોય છે, અને એ જમીન ગ્રામવિસ્તાર માટે મળી શકતી નથી. બીજી રીત નવાં પરાં વસાવવાની છે. આ બાબતમાં છેવટે શું વ્યવસ્થા થાય છે તે જોવા હું ઉત્સુક છું. પ્રોજેક્ટ અમલદારોએ ગ્રામવિસ્તારને અગ્રસ્થાન આપવું જોઈએ.

માણાવદરમાં જે આરોગ્યકેન્દ્ર છે તે જોઈને મને આનંદ થયો. વિદ્યાર્થીઓને સ્વચ્છતાની ટેવ પાડવા માટેની યોજના પસંદ પડી. હજી તો હમણાં જ શરૂઆત થઈ છે. ગામડાંની દાયણોને તાલીમ આપવાની તથા તેમને સ્વચ્છતા જાળવવાનાં સાધનો આપવાની યોજના સારી છે. યુરોપ કે અમેરિકામાં ભણેલા (છતાં અર્ધદગ્ધ) હિંદી દાક્તરો આ યોજનાની સામે પડે છે. આ યોજના મેં કસ્તૂરબા સ્મારક ફંડના સંચાલકોને પણ મોકલી આપી હતી. હું વર્ષોથી પ્રચાર કરતો આવ્યો છું કે જો આપણે ઉત્તમોત્તમ દાક્તરો, નર્સો અને દાયણો મેળવવાનો આગ્રહ રાખીશું તો ૧૦૦ વર્ષમાં પણ ભારતદેશની માંગને પહોંચી શકવાના નથી. ૧૯૧૮ માં અમે જ્યારે ગ્રામઔષધાલયો કાઢયાં ત્યારે દાક્તરોએ તેના પર કડવી ટીકાઓ કરી, કારણ કે સામાન્ય રોગોને મટાડવાનું તાત્કાળિક કામ કોઈ પરીક્ષા પાસ કર્યા વિનાના માણસોને જ સોંપવાની વાત હતી. હવે તો આવાં ઔષધાલયો આખા ભારતદેશમાં ફેલાઈ ગયાં છે. હજી હું માનું છું કે દાક્તરોના, નર્સોના અને દાયણના અભ્યાસક્રમો ટૂંકાવી દેવા જોઈએ. નિષ્ણાતોની જરૂર તો રહેવાની જ છે. આ સૂચના કરતાં એક અંગત વાત લખું છું કે મેં વૈદ્યકીય ઉપાધિઓ ઈંગ્લંડમાં મેળવી છે, પણ મને ગામડાંઓની જરૂરિયાતનું સારું ભાન છે.

આપણા કારીગરોને તાલીમ આપવાની યોજના છે, તે વિશેના એક અનુભવની વાત અહીં લખું છું. આપણા કારીગરોની બાહોશી પ્રખ્યાત છે. આ બાબતમાં અનુભવી એવા એક ઈજનેર મિત્ર મને કહેતા હતા કે સારા મિકેનિકલ ઈજનેરને ન સૂઝે એવું સમારકામ ગુજરાત સૌરાષ્ટ્રના કારીગરો સૂચવે છે અને કરી શકે છે. વર્ષો પહેલાં (૧) મેં સૌરાષ્ટ્રમાં એવા ચૂલા જોયા હતા કે જેમાં બળતણ મૂકવા માટે લોખંડના સળિયા હતા; તેની નીચે ખુલ્લું પોલાણ હતું (પોલાણ અથવા ખાનું), તેમાં રાખ પણ પડે અને પવનનું ખેંચાણ (ડ્રાફ્ટ) પણ થઈ શકે. માણાવદરમાં માટીથી બાંધેલા એવા ચૂલા જોયા કે જેમાં પવન આવે અને ધુમાડો ન થાય. તેમાં એક બે ત્રણ હોલા રાખવામાં આવે છે. નાવા માટે ગરમ પાણી પણ મળે; અને એક ચીમની ધારા ધુમાડો છાપરાની ઉપર કાઢવામાં આવે છે. આવા ચૂલા મૂકવાનો ખર્ચ પૂરા પાંચ રૂપિઆ પણ નથી, અને કહે છે કે બળતણ ઓછું બળે છે. (૨) ગાંધીજી યરોડાની જેલમાં રેંટિયામાં સુધારા કરવાના પ્રયોગો કરતા હતા ત્યારે એક વિદેશી કેદીએ તેમને બોલ-બેરિંગ મૂકવાની અને સ્પ્રિંગ મૂકવાની સૂચના કરી હતી. આમાંથી આપણાં યરોડાચક્ર અને બારડોલીચક્ર જન્મ પામ્યાં. માણાવદરનાં ગામડાંમાં જૂના રેંટિયા પર કંતાય છે. હવે જો તેમાં બોલ-બેરિંગ વગેરે મૂકવામાં આવે તો વધારે ઝડપી અને સારું કામ થાય. (૩) વર્ષો પહેલાં મેં અમરેલીમાં એવા હીંચકા જોયા હતા કે જેમાં બોલ-બેરગ મૂકવામાં આવ્યાં હતાં. આ સુધારો આખા ભારતદેશમાં જ્યાં હીંચકા વપરાતા હોય ત્યાં શા માટે ન થાય ? (૪) થોડા દિવસો પહેલાં અલિયાબાડામાં મેં જાજરૂ જોયાં. બેઠક તો મામૂલી હતી, બેસિન પોર્સલાઈનની હતી. તેને સીલ એટલે બંધ કરવા માટે યૂ-આકારની વળાંકવાળી પાઈપ હતી, અને જાજરૂ જઈને તેમાં માત્ર અડધી ડોલ પાણી નાખવું પડતું. પાછળ નાનું સેપ્ટિક ટૅંક જમીનમાં હતું. માણાવદરના દાક્તર કાર્યકરે હવે સિમેંટનાં બેસીન અને પાઈપ કર્યાં છે, ઘણાં જ સોંઘાં છે. એ નિષ્ફળ જવાનું કાંઈ જ કારણ જણાતું નથી. (૫) ગામકૂવા પર હાથપંપ મૂકીને કૂવાને બંધ કરવામાં આવે છે તે વ્યવસ્થા જરૂર સારી છે, પણ એ તૂટે તે વખત તાત્કાળિક સમારકામ થાય તે માટેની વ્યવસ્થા (સર્વિસ) પહેલેથી જ કરવી જોઈએ. તરત સમારકામ ન થાય તો લોકોને હદપારનો ત્રાસ થાય એ શહેરી લોકેએ સમજી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લેવું જોઈએ. (૬) વડોદરા યુનિવર્સિટીની કળાની વર્કશોપમાં મેં એક કુંભારનો ચાકડો જોયો હતો. તેના પૈડાને જૂના રેંટિયાના જેવા ફરતા એક ચક્રથી ફેરવવાની યોજના હતી. આમ કરવાને લીધે ચાકડો સીધો અને સરળ રીતે ફરી શકે અને તેથી પરિણામ જરૂર સારું આવે. (૭) હમણાં શ્રી અકબરભાઈ નાગોરીએ દૂધ, શાકભાજી, વગેરે તાપથી બગડી જાય તેવી વસ્તુઓને ઠંડકમાં રાખવા માટે જે વાસણ બનાવ્યું તે અવગણના કરવા જેવું નથી. તેને રેફ્રિજરેટર કહીને લોકો ભલે મશ્કરી કરતા હોય. હું આવી તરકીબોને વધાવી લઉં છું.

(૮) અમરેલીમાં વર્ષો પહેલાં મેં ઘંટીઓ જોઈ હતી તેમાં પણ ખીલો સ્ટીલનો હોય છે અને ઘંટી બોલ બેરિંગને લીધે ઘણી સહેલાઈથી ફરી શકે છે. ઘંટી કસરત કરવા માટેનું સાધન નથી. ઘંટી ફેરવવામાં કે વલોવણું કરવામાં શ્રમ ઉઠાવવો પડે છે તે ઓછો થતો હોય તો જરૂર તેવી તરકીબ કરવી જોઈએ અને હું ઈચ્છું છું કે (૯) છાશ વલોવવા માટે અને માખણ કાઢવા માટે યંત્રો વાપરવામાં આવે. એવાં યંત્રો તૂટે નહીં એવાં અને સોંઘાં હોવાં જોઈએ. આવાં જરા મોટાં યંત્રો મારા જોવામાં આવ્યાં નથી.

( અપૂર્ણ )

---

# લાટ દેશના લોકો વિષે એક પ્રાચીન રસિક ઉલ્લેખ

**ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ**

કાશ્મીરી કવિ બિલ્હણે ગુજરાતીઓ વિષે કરેલો કટાક્ષ તો સહુને જાણીતો છે. પણ એથી જૂના એક બીજા ઉત્તર હિન્દના કવિએ પણ લાટની પ્રજા વિષે કટાક્ષમય ઉલ્લેખ કરેલા છે તે નોંધપાત્ર છે.

સંસ્કૃત નાટકોનો એક વિશિષ્ટ પ્રકાર 'ભાણ'ના નામથી ઓળખાય છે. ભાણમાં ભવાઈનું તત્ત્વ છે. આમાં રંગમંચ ઉપર એક જ પાત્ર આવે છે અને જુદાં જુદાં પાત્રો વતી પોતે જ બોલે છે, જુદી જુદી વ્યક્તિઓ સાથે ઘણું ખરું એ જ વાર્તાલાપ કરે છે, અને સામેની વ્યક્તિઓ સાથેના વાર્તાલાપમાં તેમની વતી પણ એ જ બોલે છે, એ રીતે એ Monologue play છે. છતાંય, આખુંય વસ્તુ પ્રેક્ષકને સરસ રીતે સમજાય છે. આમાં મુખ્ય પાત્ર એક 'વિટ' એટલે કે વેશ્યાગામી–કામુક જન હોય છે. એની સાથે ધૂર્ત પણ મુખ્ય પાત્ર તરીકે આવે છે. પ્રહસનને મળતા ભાણમાં મશ્કરી, કટાક્ષ અને અશ્લીલ કટાક્ષ ખાસ હોય છે. વેશ્યાવાડો અને ગણિકાઓ તથા વિટ-જન એમાં ખાસ દેખા દે છે. સારી સારી વ્યક્તિઓને પણ વિટો અથવા ધૂર્તો તરીકે રજૂ કરી એમની 'ભવાઈ' કરવામાં આવે છે. ભાણના શાસ્ત્રીય સ્વરૂપની ચર્ચા અહીં નહિ કરીએ. ભરતાચાર્યે નાટ્યશાસ્ત્રમાં આપેલું ભાણનું સ્વરૂપ, સંસ્કૃત સાહિત્યમાં ઉપલબ્ધ ભાણ અને પ્રહસનો વગેરેની ચર્ચા માટે જુઓ ડૉ. એસ. કે. દેનો લેખ, જર્નલ ઑફ ધ રૉયલ એશિઆટિક સોસાયટી (લંડન), ઈ. સ. ૧૯૨૬, પૃ. ૬૩–૯૦.

चतुर्भाणी નામનું એક પુસ્તક ઈ. સ. ૧૯૨૨માં શ્રી રામકૃષ્ણ કવિ અને શ્રી રમાનાથ શાસ્ત્રીએ છપાવેલું. આજે તો આ પુસ્તક મળવું કઠિન છે. આમાં જુદા જુદા લેખકોનાં ચાર ભાણ છાપેલાં હોવાથી એ પુસ્તકને चतुर्भाणी નામ આપવામાં આવ્યું છે. એમાં (૧) શૂદ્રકનું રચેલું पद्मप्राभृतकम् (૨) ઈશ્વરદત્તનો રચેલો धूर्तविटसंवादः (૩) વરરુચિકૃત उभयाभिसारिका અને (૪) શ્યામિલક વિરચિત पादताडितकम् એમ ચાર ભાણ છાપેલાં છે. આ ચાર ભાણ–કારો એટલા પ્રખ્યાત થયા કે એમને વિષે એક સુભાષિત છેઃ –

वररुचिरीश्वरदत्तः श्यामिलकश्च शूद्रकश्च चत्वारः ।
एते भाणान् बभणुः का शक्तिः कालिदासस्य ॥

એ ચારે ભાણના કર્તાના સમય અંગે ઠીક ઠીક મતભેદ છે. વરરુચિ અને શૂદ્રક તો ઠીક ઠીક જાણીતા સંસ્કૃત સાહિત્યકારો છે. આમાંના પહેલા ભાણમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ચૌરશાસ્ત્રના કર્તા કર્ણીસુત) મૂલદેવનું પાત્ર આવે છે. બીજા ભાણોમાં પણ એવા ઉલ્લેખો આવે છે જે ઐતિહાસિક વ્યક્તિઓના હોય એમ જણાઈ આવે છે. ખાસ કરી 'પાદતાડિતકમ્' નામના છેલ્લા ભાણમાં તો એવાં ઘણાં પાત્રો છે જેને ઐતિહાસિક વ્યક્તિઓ માનવાને સ્પષ્ટ કારણો છે. વળી એમાં અનેક દેશ અને જાતિની પ્રજાઓના ઉલ્લેખો છે જે સૂચક છે. આ ભાણ કયા સમયમાં રચાયું હશે અથવા એનું વસ્તુ કયા સમયની ભારતીય સમાજસ્થિતિનું દર્શન કરાવે છે એ સમજવામાં આ બધું મદદગાર થઈ પડે છે. શકો અને હૂણો, બાલ્હીકો, ખસો, કારુશ-મલદો વગેરેના એક સાથે ઉલ્લેખો વગેરેનો વિચાર કરતાં ડૉ. એફ. ડબ્લ્યુ. થોમસ એવા નિર્ણય ઉપર આવ્યા હતા કે 'પાદતાડિતકમ્' એ પ્રો. કીથ કહે છે તેમ દશમા સૈકામાં રચાયેલું નહિ પણ એથી ઘણું જૂનું, ઈસ્વીસનના સાતમા સૈકામાં અથવા તેથી પણ પહેલાં એટલે કે ગુપ્તસામ્રાજ્યના અંતસમયમાં રચાયેલું હોવું જોઈએ. આ 'પાદતાડિતકમ્'માં "काङ्कायनः भिषक् ऐशानचन्द्रिः हरिचन्द्रः" આવે છે. અન્ય ઉલ્લેખો વગેરેનો વિચાર કરતાં આ વ્યક્તિ તે ચરકના ટીકાકાર હરિચન્દ્ર હોય એમ લાગે છે. આ ટીકાનો થોડોક જ ભાગ ઉપલબ્ધ છે. એક કોશકારના ઉલ્લેખ મુજબ સાહસાઙ્ક (વિક્રમાદિત્ય)નો રાજવૈદ્ય હરિચંદ્ર હતો. આ ભાણમાંના હરિચંદ્રને વિક્રમાદિત્યના હરિચંદ્ર તેમ જ ચરકના પ્રાચીન ટીકાકાર હરિચંદ્ર તરીકે ઓળખવાને વાંધો નથી. આખાયે 'પાદતાડિતકમ્'માં કેટલીક એવી વ્યક્તિઓ આવે છે જેને આપણે બરોબર પિછાની શકતા નથી, પણ ભાણનો ઝીણવટથી અભ્યાસ કરતાં એ ફલિત થાય છે કે જે સાર્વભૌમ નગરમાં આ 'પાદતાડિતકમ્'નું વસ્તુ બનતું બતાવ્યું છે તે ઉજ્જૈન નગરી છે, જે ગુપ્તોની, વિક્રમાદિત્યની, રાજધાની હતી. શ્રી. એસ. કે. દે અને ડૉ. થોમસે વિકલ્પે ઉજ્જૈન કે કુસુમપુર (પાટલિપુત્ર) હોવાનું ધાર્યું હતું પણ જુદા જુદા દેશની વ્યક્તિઓ અને વેશ્યાઓના ઉલ્લેખો જે રીતે આવ્યા છે તે જોતાં એ નગર ઉજ્જૈન જ હોઈ શકે. અને આ રાજધાનીમાં, આ નગરની પ્રસિદ્ધ અને દરબારી વ્યક્તિઓને, 'વિટ' તરીકે, વેશ્યાગામીઓ તરીકે રજૂ કરી તેમની મજાક ઉડાવી છે. જાણે કે સમકાલીન કવિએ સમ્રાટના અને દરબારના મનોરંજન માટે દરબારમાં અમુક ચૂંટેલા પ્રેક્ષકો સમક્ષ ભજવવા માટે આ ભાણ—ભવાઈની રચના કરી હોય એવી કલ્પના કરી શકાય છે. આ બધાની વિગતવાર ચર્ચા કરવી અહીં શક્ય નથી.

'પાદતાડિતકમ્'માં એક ભદ્રાયુધ મહાપ્રતીહાર નામના વીરયોદ્ધા અને અધિકારીની ઠેકડી કરવામાં આવી છે. આ અમલદારને રાજ્યની ઉત્તરીય સરહદની પ્રજાઓ — બાલ્હીકો અને કારૂશ-મલદો — ઉપર પ્રાન્તીય અધિકારી તરીકે નીમવામાં આવેલ છે. એ અધિકારીને એક રામદાસી નામની મૂળ શૂર્પારકની વતની એવી ગણિકાના ભવનમાંથી નીકળતો ચીતર્યો છે. એના સાથીદારોને લાટડિણ્ડિઓ કહેવામાં આવ્યા છે. જે રીતે આ પાત્રની રજૂઆત થાય છે તે બતાવે છે કે આ ભદ્રાયુધ નામનો મહાપરાક્રમી લડવૈયો અને અધિકારી, મૂળ લાટનો જ વતની હોવો જોઈએ. એ પ્રસંગ જરા વિસ્તારથી નીચે ઉતારું છું:—(રંગમંચ ઉપરનો વિટ બોલે છે:—)

(परिक्रम्य) अये को नु खल्वेषः शौर्पारिकायाः
रामदास्या भवनान्निष्पत्य डिण्डिगणपरिवृतो
वेशमाविष्करोति । (विलोक्य) ॥ एतज्जङ्गमं
विटतीर्थमुदीच्यानां बाह्लीकानां कारूशमलदानां
चेश्वरो महाप्रतीहारो भद्रायुधः एषः ॥
विरचित कुन्तलमौलिः श्रवणार्पितकाष्ठविपुलसितकलशः।
जनमालपञ्जकारैरुन्नाव्यतीव लाटानाम् ॥५१॥
का च तावदस्य लाटेषु साधुदृष्टिः एतावत् ।

**सर्वो हि लाटः—**

संवेष्ट्य द्वावुत्तरीयेण बाहू
रज्वा मध्यं वाससा सन्निबध्य ।
प्रत्युद्गच्छन् संमुखीनः (नं) शकारैः
पादापातैरंसकुब्जः प्रयाति ॥५२॥

अपि च

उरसि कृतकपोतकः कराभ्यां



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वदति **जजेति** यकारहीनमुच्चैः ।
समयुगलनिबद्ध मध्यदेशो
व्रजति च पङ्कमिव स्पृशन्कराग्रैः ॥५३॥
पादताडितकम् (चतुर्भाणी) पृ० २०-२१

ઉપરના ઉલ્લેખમાં લાટના લોકો બેઉ ખભા ઢંકાય એવી રીતે ઉત્તરીય ઓઢતા અને મધ્યમાં (કેડે) વસ્ત્રને રજ્જૂથી બાંધતા તેનો ઉલ્લેખ, તથા કંઈક ખૂંધા અને જાણે "હાથના અગ્રભાગોવડે ધૂળને અડતા"—દેખાય એવી ચાલ ચાલતા બતાવ્યા છે. વર્ણનમાં અતિશયોક્તિ હોવા છતાં અહીં તત્કાલીન લાટ-પ્રજાના વસ્ત્રપરિધાન અને ચાલ વગેરેનું સાચું વર્ણન છે. બિલ્હણે જણાવ્યું હતું તેમ ગુજરાતીઓ કાછડી વિના લુંગી માફક ધોતિયું લપેટતા એ હકીકત આજે અકોટાથી મળેલી ધાતુપ્રતિમાઓના વેશપરિધાન ઉપરથી પૂરવાર કરી શકાય છે. એ જ રીતે શ્યામિલકે કરેલો કટાક્ષ કે અતિશયોક્તિના મૂળમાં તત્કાલીન વાસ્તવિક હકીકત રહેલી છે.

ખાસ અગત્યનો નોંધપાત્ર ઉલ્લેખ તો જે રીતે હાથ જોડી લાટપ્રદેશીય પ્રજા 'જયજય'ને ઠેકાણે 'જજ' બોલતી તે છે. 'ય'ને ઠેકાણે 'જ' વાપરવાની આ ખાસિયત યજુર્વેદીય વૈદિકોમાં જાણીતી છે. ગુજરાત અને પશ્ચિમ હિંદમાં આજે પણ ઘણા યજુર્વેદીયો છે જેઓ "यजामहे"ને બદલે "जजामहे" એવો પાઠોચ્ચાર કરે છે. ભાષાશાસ્ત્રીઓ માટે, લાટ દેશની પ્રજા અંગેનો આ ઉલ્લેખ ખૂબ જ મહત્ત્વનો છે.

હવે આ પછી આગળ વિટ શું કહે છે તે જોઈએ—

सर्वथा नास्त्यपिशाचमैश्वर्यम् । अथवा **अस्यैवैकस्य देशान्तरविहारो युक्तः** । कुतः ?—

येनापरान्तशकमालवभूपतीनां
कृत्वा शिरस्सु चरणौ चरता यथेष्टम् ।
कालेऽभ्युपेत्य जननीं जननीं च गङ्गां—
माविष्कृता मगधराजकुलस्य लक्ष्मीः ॥५४॥

अपि च,

वेलानिलैर्मृदुभिराकुलितालकान्ता
गायन्ति यस्य चरितान्यपरान्तकान्ताः ।
उत्कण्ठिताः समवलम्ब्य लतास्तरूणां
हिन्तालमालिषु तटेषु महार्णवस्य ॥५५॥

किं तद्गीतम्,

उहि माणुसोत्ति भद्दाउहे ण ण विळिच्चइ आउहे
असो ण्णारितस्स कम्मसिद्धि विघ सुखळु
भुजंति सोकरसिद्धि ॥इति॥

આ ભદ્રાયુધ મહાપ્રતીહાર, જેને ભારતની ઉત્તર અને વાયવ્ય સરહદ ઉપર આવેલા પ્રદેશનો 'ઈશ્વર' અથવા સર્વોપરિ અધિકારી નીમવામાં આવેલો છે, તેનો લાટપ્રજા પ્રત્યેનો પક્ષપાત રજૂ કરવામાં આવ્યો છે અને એણે પોતાના વાળને મસ્તક ઉપર મૌલિ-આકારે બાંધી, કાને "જાણે લાકડાના મોટા શ્વેતકલશ હોય એવાં કુંડળ પહેર્યાં છે," એવો વર્ણવ્યા પછી, લેખક ભદ્રાયુધની કીર્તિ ગાય છે. આ પાત્રનું આ વિશિષ્ટ વર્ણન આ પાત્રની કેટલી બધી મહત્તા હતી તે બતાવે છે. એ ભદ્રાયુધ મહાપ્રતીહારે અપરાન્તના શકો અને માલવ રાજાઓનાં મસ્તકો પોતાના ચરણ નીચે ચાંપ્યાં અને સમય પ્રાપ્ત થયે (પોતાની) માતાની અને જનની ગંગાની સમીપ જઈ મગધરાજકુલની લક્ષ્મીનો આવિષ્કાર કર્યો.

આથી સ્પષ્ટ થાય છે કે આ વાત ગુપ્ત રાજાના એક મહાન સેનાપતિ વિષે છે. પશ્ચિમ હિન્દના શકોનો પરાજય કરનાર ચંદ્રગુપ્ત બીજા-વિક્રમાદિત્યનો એ સેનાપતિ હોવો જોઈએ અને ચંદ્રગુપ્તને વિજય અપાવનાર સેનાપતિ આ ભદ્રાયુધ મહાપ્રતીહાર ઘણુંખરું લાટનો કે પશ્ચિમ હિન્દનો વતની હશે એવો ભાસ થાય છે. એ અનુમાનને વધારે પોષણ મળે છે કેમકે લેખક આગળ કહે છે કે એની (ભદ્રાયુધની) ચરિત્રગાથા (યશોગાન) અપરાન્તની સ્ત્રીઓ, ઉત્કંઠિત થઈને, મહાસમુદ્રને કિનારે જ્યાં હિન્તાલવૃક્ષો છે ત્યાં લતાઓને અવલંબીને ગાય છે. એ અપરાન્ત પ્રદેશની (ભારતના પશ્ચિમ કિનારાની) કામિનીઓનું પ્રાકૃત-ભાષાનું ગીત પણ આપ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂળ ભાણુની એક જ હસ્તલિખિત પ્રત મળેલી છે, તેમ જ તે અશુદ્ધ હોવાથી ઘણા સંસ્કૃત અને પ્રાકૃત પાઠો શુદ્ધ કરવા કઠિન થઈ પડયા છે એટલે આ ગીત ઉપર આપ્યું છે પણ તેનો બરોબર અર્થ સમજાતો નથી.

આ ભદ્રાયુધની યશોગાથા અપરાન્તની સ્ત્રીઓ કેમ ગાય છે? એના વીરત્વની, પરાક્રમની વાત આ પ્રદેશમાં લોકગીત જેવી ખૂબ ફેલાઈ ગઈ એનું શું કારણ? પરદેશી શક રાજાઓની ત્રણ ત્રણ સૈકાઓની ગુલામીમાંથી આ પ્રદેશને મુક્ત કરવાનો મુખ્ય યશ ભદ્રાયુધ પ્રતીહારને ફાળે જાય છે એટલે એની એ શૌર્યગાથા—એનાં પરાક્રમ વર્ણવતા રાસ—આ પશ્ચિમ કિનારે ગવાય છે. પણ સાથે સાથે ભદ્રાયુધને લાટના લોક તરફ પક્ષપાત છે, લાટડિણ્ડિઓ જોડે એને ફરતો બતાવવામાં આવ્યો છે, લાટના લોકો માફક કાને મોટાં કુંડલ ધારતો બતાવ્યો છે, એ બધી હકીકતોનો સમન્વય કરતાં એ ઘણું સંભવિત છે કે ભદ્રાયુધ મૂળે લાટ કે અપરાન્તનો વતની હોય અથવા માતા કે પિતા પક્ષે એનો ઉપરના પ્રદેશ જોડે નજીકનો સમ્બન્ધ હોય.

શ્રી. ટી. બરો નામના વિદ્વાને ઉપરના येनापरान्त-शक० ४० અને तैलानिलैर्मृदुभिः એ બે પદ્યો નોંધી જર્નલ ઑફ રૉયલ એશિયાટિક સોસાયટી (લંડન ૧૯૪૭)ના અંકમાં એક લેખમાં બતાવ્યું હતું કે આ ભાણુ પ્રાચીન અને ચંદ્રગુપ્ત બીજા અથવા કુમારગુપ્ત પહેલાના સમયની કૃતિ છે. મારા મિત્ર ડૉ. મોતીચંદ્રજીએ આ ભાણુ પ્રત્યે સૌ પ્રથમ મારું તથા મારા મિત્રોનું ધ્યાન ખેંચ્યું. એઓએ આ ચારેય ભાણુનો હિન્દી અનુવાદ કર્યો છે (વિગતવાર ઉપોદ્ઘાત સાથે છપાય છે). તેઓના ખ્યાલ મુજબ આ ભદ્રાયુધ ઉત્તર પ્રદેશ—ગંગા જમુના દોઆબ—(મધ્ય પ્રદેશ)ના વતની હશે. એ અનુમાન માટે તેમનો મુખ્ય આધાર कालेऽभ्युपेत्य जननीं जननीं च गङ्गाम् એ લીટી ઉપર છે. ગુપ્ત રાજાઓ ગંગાજમુનાને *કલામાં* ખૂબ મહત્ત્વનું સ્થાન આપે છે, એઓ મૂળ મગધના એ હકીકત અને શકવિજય પછી ભદ્રાયુધ ગંગાદેવી અને પોતાની મા (એનું નામ પણ શું ગંગા હતું?)ને ચરણે જઈ નમે છે એ હકીકત ઉપરથી ડૉ. મોતીચન્દ્ર જે અનુમાન તારવે છે એનો જવાબ કલ્પી શકાય છે—શકોની ગુલામી સામે બંડ જગાવનાર ભદ્રાયુધ અને તેનાં માતાપિતા મગધના રાજ્યાશ્રયે જઈ વસ્યાં હોય, અથવા શકો તરફથી અપમાનિત થયેલાં, કે એમના અન્યાયથી પીડિત પોતાનાં માતાપિતાનું વેર લેઈ એ મગધમાં તે સમયે વસતી પોતાની માતાને ચરણે ગયો હોય, આવું કાંઈ પણ શક્ય હોઈ શકે; જ્યારે બીજી બાજુ ભદ્રાયુધની ઠેકડી કરનાર વિટ એને લાટ ડિંડિઓ સાથે ફરતો બતાવે છે વગેરે ઉપર નોંધેલી હકીકતો ભદ્રાયુધને મૂળે લાટનો ગણવા માટે વધુ જોરદાર લાગે છે. એટલે હું એને પશ્ચિમ હિંદનો—ગુજરાત કે લાટનો વતની ધારવાનું વધુ પસંદ કરું. આ તો અનુમાન જ છે, આખરી નિર્ણય માટે વધુ સાધનોની જરૂર રહે ખરી.

આ પહેલાં, શ્રી એફ. ડબ્લ્યુ થોમસે, Centenary Supplement to the Journal of the Royal Asiatic Society, પૃ. ૧૨૩ —અને જર્નલ ઑફ ધ રૉયલ એશિઆટિક સોસાયટી, ઈ. સ. ૧૯૨૪ (પૃ. ૨૬૨થી)માં આ ભાણોની ચર્ચા કરી હતી. તેમાં 'પાદતાડિતકમ્'માંનાં પાત્રોની યાદી તથા જુદી જુદી જાતિઓનો ઉલ્લેખ આવે છે તેની નોંધ રજૂ કરી હતી. ડૉ. થોમસનો મત એવો થયો હતો કે આ ભાણુ કનોજના રાજા હર્ષના સમયમાં (ઈ. સ. સાતમા સૈકામાં) અથવા એથી પણ પહેલાં ગુપ્તકાલના અંતિમ ભાગમાં (એટલે કે છઠ્ઠા સૈકામાં) રચાયેલાં હોઈ શકે.

ડૉ. એસ. કે. દેએ સંસ્કૃત સાહિત્યના અન્ય ભાણો સાથે સરખાવી એ બધાંયથી જુદા પડતાં અને જૂનાં આ ચાર ભાણુ છે એ સમજાવી ભાણુના સ્વરૂપ વગેરેની ચર્ચા કરી ઉપરના નિર્ણયને પુષ્ટિ આપી હતી. (જુઓ, જર્નલ ઑફ ધ રૉયલ એશિઆટિક સોસાયટી, લંડન, ઈ. સ. ૧૯૨૬, પૃ. ૬૪-૯૦) આ પછી શ્રી ટી. બરોનો ઉપર દર્શાવેલો મત રજૂ થયો જે મુજબ આ 'પાદતાડિતકમ્'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાણ છેવટે કુમારગુપ્ત પહેલાનાં સમયનું અથવા ચંદ્રગુપ્ત બીજાના રાજ્યકાલના અંતિમ ભાગમાં રચાયેલું માની શકાય એ સ્પષ્ટ થયું.

પણ શ્રી ટી. બરો અને થૉમસ ભદ્રાયુધના પાત્રને બરાબર સમજી શકયા નથી. દા. ત. सर्वो हि लाटः થી શરૂ કરી લાટ દેશના લોકોની ઉચ્ચારણ વિષયક વિશિષ્ટતા દર્શાવતા પદ્યને ભદ્રાયુધને લાગુ પાડી જણાવ્યું છે કે ભદ્રાયુધ લાટના લોકોના અનુકરણમાં य ને બદલે ज અને स ને બદલે श બોલે છે. અહીં ભદ્રાયુધ આવું અનુકરણ કરે છે એવો ધ્વનિ દેખાતો નથી. અહીં તો ભદ્રાયુધના પાત્રને રજૂ કરી એ જાણે લાટ-લોકોનો આપ્તજન હોય એમ એમનાથી વીંટળાયેલો, અને અપરાન્ત-કાન્તાનો લાડીલો-વીર હોય એમ રજૂ કર્યો છે.

ડૉ. ભોગીલાલ સાંડેસરાએ 'બુદ્ધિપ્રકાશ'માં એક વાર "डिण्डि" શબ્દના અર્થની ચર્ચા કરી Dandy શબ્દ હાલ જે અર્થમાં વપરાય છે એ અર્થસૂચક डिण्डि શબ્દ ચતુર્ભાણીમાં આવે છે એ સમજાવ્યું છે. વસુદેવહિંડિમાં પણ આ પ્રયોગ આવે છે પણ એનો વધુ ખુલાસો पादताडितकम् નામના ભાણમાંથી થાય છે એ એઓએ બતાવ્યું છે. લાટની પ્રજા અને તેના ડિંડિઓ અંગે આ જ ભાણમાં આગળ એક ઉલ્લેખ છેઃ—

लाटडिण्डिनो नामैते नातिभिन्ना पिशाचेभ्यः ।
कुतः ? सर्वो हि लाटः—

नग्नःस्नाति महाजनेऽम्भसि सदा नेनेक्ति वासः स्वयं
केशानाकुलयत्यधौतचरणः शय्यां समाक्रामति ।
यत्तद्भक्षयति व्रजन्नपि पथा धत्ते पटं पाटितं
छिद्रे चापि सकृत्प्रहृत्य सहसा लाट (लोल)श्चिरं
कत्थते ॥३९॥

—पादताडितकम् (चतुभाणी) पृ. १६

અન્યત્ર આ જ ભાણમાં ડિણ્ડિનું લક્ષણ પણ રમૂજી શૈલીમાં આપ્યું છે તે વિસ્તારભયે છોડી દઉં છું. લાટના લોકો કાને મોટાં (લાકડાનાં ? કે હાથીદાંતનાં યા શંખનાં ઉતારેલાં ?) કુંડલો પહેરતા એ વસ્તુ ઉપર ભાણમાં એકથી વધુ વખત ભાર દેવામાં આવ્યો છે, એ સૂચક છે અને ગુજરાતમાં લકુલીશ પાશુપત સંપ્રદાયનું ખૂબ જોર હતું એનો ખ્યાલ રાખીએ તો આ સંપ્રદાયના સાધુઓ પણ કાને મોટાં કુંડલ ધારણ કરતા એ હકીકત અને આ હકીકતનો સમ્બન્ધ જોડવાનું મન થઈ જાય છે. ઇડર-શામળાજીથી ગુપ્તયુગની મળેલી કેટલીક સ્ત્રી-આકૃતિઓ અને મહુડીની માતા અને શિશુની આકૃતિમાં આ જોવા મળે છે. આ માટે આ લેખકે 'કુમાર' ડિસેમ્બર, ૧૯૫૪ અંક ૩૭૨ તથા 'કુમાર', ફેબ્રુઆરી ૧૯૫૫ અંક ૩૭૪ અને માર્ચ ૧૯૫૫, અંક ૩૭૫ માં રજૂ કરેલી ગુજરાતની જુદી જુદી શિલ્પાકૃતિઓમાં જણાતાં મોટાં કુંડલો જોવા ખાસ ભલામણ છે. 'પાદતાડિતકમ્'માંનો એક બીજો ઉતારો આ કુંડળ અંગે નોંધવા જેવો છેઃ—

अये कस्य खल्वयमहूणो हूणमण्डनमण्डितो आर्यघोटकः पाटलिपुत्रिकायाः पुष्पदास्याः भवनद्वारमाविष्करोति । (निर्वर्ण्य) आ ज्ञातं एभिरिहाबद्धश्वेतकाछकर्णिकाप्राहसित-कपोलदेशैर्बद्धकैरसज्जमप्यसकृत्सज्जमिति सांजलि प्रतिवादिवादिभिर्लाटडिण्डिभिः सूचितः सेनापतेः सेनकस्यापत्यरत्नं भट्टि मघवर्मा भविष्यति ॥

—એજન, પૃ. ૧૫

લાટી-લાટદેશની સ્ત્રી અથવા વેશ્યાનું વર્ણન પણ જોવા જેવું છેઃ—

इयमपरा का—
कर्णद्वयावनतकाञ्चनतालपत्रा
वेण्यन्तलग्नमणिमौक्तिकहेमगुच्छा ।
कूर्पासकोत्कचचितस्तनबाहुमूला
लाटी नितम्पबरिनृत्तदशान्तनीवी ॥१०३॥

(विचार्य) भवतु विज्ञातम् । एषा हि सा राका राज्ञः स्यालमाभीलकं मयूरकुमारं मयूरमिव नृत्यन्तमालिङ्गन्ती चन्द्रशालाग्रे वेशवीथ्यामात्मनः सौभाग्यं प्रकाशयति ॥

અહીં રાજાનો સાળો આભીરજાતિનો મયૂરકુમાર છે અને તે લાટદેશીય વેશ્યાને પસંદ કરે છે એ નોંધવા જેવું છે.

આ ભાણમાંનાં પાત્રોમાંનાં લગભગ બધાં જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક વ્યક્તિઓ છે.— નિદાન પુરુષ પાત્રો માટે તો એવું લાગે છે. એમાં રાજ્યના એક બીજા કોઈ અધિકારી, શકકુમાર જયન્તકની મશ્કરી કરી છે. જયન્તક સૌરાષ્ટ્રનો વતની અને શક-કુમાર એટલે કે શક રાજવંશી છે એ હકીકત ખાસ સૂચક છે. આ ભાણનો સમય સમજવા માટે એ એક નવું સબલ પ્રમાણ છે એમ હું માનું છું. જુઓ:—

एष सौराष्ट्रिकः शककुमारो जयन्तक इमां घटदासीं बर्बरिकायामनुरक्तः। किञ्च तावदनेनैतस्मात् सर्ववेश्यापत्तनाद्वेशवद्वेशबर्बर्या गुणवत्वमवलोकितम् ।

किञ्च तावत्—

अधिदेवतेव तमसः कृष्णाग्रुक्का द्विजेषु चाक्ष्णोश्च
असकलशशाङ्कलेखेव शर्वरी बर्बरी भाति ॥१०१॥

अथवा सौराष्ट्रिका वानरा बर्बरा इत्येको राशिः किमत्राश्चर्यम् ॥ तथा हि—

धवलप्रतिमायामपि बर्बर्यां रक्तचक्षुषो ह्यस्य ।
अलसतकषायं दृष्टेः ज्योत्स्नापीयं तमिस्रेव ॥१०१॥

तदलमयमस्य पन्थाः ।

આ જ ભાણમાં અપરાન્તના એક ઇન્દ્રસ્વામીનું પાત્ર પણ સૂચક છે. પણ લગભગ બધાં જ પુરુષ પાત્રોનાં નામ (વેશ્યાનાં પાત્રોને આપણે છોડી દઈએ કેમ કે સંભવ છે કે તે નામ આ ભવાઈ અંગે ઉપજાવી કાઢેલાં હોય) અહીં નોંધવાં ઠીક થઈ પડશે.

કામચાર ભાનુ, ગુપ્તલોમશ (અથવા રોમશ) અને તેના મિત્ર મહેશ્વરદત્ત, પ્રાડ્વિવાક (ન્યાયાધીશ) અને અમાત્ય વિષ્ણુદાસ (આ વ્યક્તિ સંભવ છે કે પંચતંત્રના કર્તા અથવા કૌટિલ્યના અર્થશાસ્ત્રના વર્તમાન સ્વરૂપના કર્તા હોય), શૈબ્ય આર્યરક્ષિત નામના કવિ જે પોતાની કવિતાઓ કાશી અને કોશલમાં તેમ જ ગર્ગ અને નિષાદ લોકોમાં વેચે છે. (શૈબ્ય=શિબિજનપદનો). દાશેરક રુદ્રવર્મા (આ સાહિત્યકાર, કવિ, સંભવ છે કે કાલિદાસ હોય—કાલિદાસના દશાર અથવા દશાર્ણ સાથેના ઘનિષ્ટ સંબંધનું અનુમાન ડૉ. હરપ્રસાદ શાસ્ત્રી વગેરેએ કરેલું જ છે). આવન્તિક સ્કન્દસ્વામી, બાલ્હીક કાંકાયન ભિષક હરિશ્ચન્દ્ર (જેને ઈશાનચંદ્રના પુત્ર તરીકે ઓળખાવામાં આવ્યા છે, તે આગળ જણાવ્યું છે તેમ ચરકના ટીકાકાર વિક્રમાદિત્યના રાજવૈદ્ય હરિશ્ચન્દ્ર છે), આભીકુમાર મયૂરકુમાર અથવા મયૂરદત્ત, મૃદંગનિષ્ણાત સ્થાણુ-ગાન્ધર્વસેનક, ઉપાય નિરન્તકથ, પાર્વતીય (ધાત્રકિ અનન્તકથ-આ કોણ છે તે સમજાતું નથી) અપરાન્તના પ્રથમ ઈશ્વર ઇન્દ્રવર્મા, **આનન્દપુર (હાલના વડનગર)ના રાજકુમાર મુખવર્મા, સૌરાષ્ટ્રના શકકુમાર** જયન્તક, સેનાપતિ મૌદ્ગલ્ય દયિતવિષ્ણુ, ભાવકીર્તિ, તૌણ્ડિકોકિ વિષ્ણુનાગ [એ આ ભાણનું મુખ્ય પાત્ર છે. એક વેશ્યાને ત્યાં એ ગયેલ પણ પોતે આ વેશ્યાની કામના પૂરી નહિ કરવાથી સૌરાષ્ટ્રની સદર વનિતાએ ચિડાઈ એના માથા ઉપર પાદ-પ્રહાર (પાદતાડિતકમ્ નામ એ ઉપરથી જ છે) કર્યો અને આ શ્રોત્રિય બ્રાહ્મણે પોતાની જાતને ભ્રષ્ટ થયેલી માની તેથી પ્રાયશ્ચિત્ત શોધવા નીકળે છે!! બ્રાહ્મણોમાંથી કોઈ મશ્કરાએ એને વિટ-વેશ્યાગામીઓની પરિષદ્ પાસેથી પ્રાયશ્ચિત્તનો નિર્ણય પ્રાપ્ત કરવા કહ્યું જેથી આ ભાણનાં પુરુષપાત્રોને વિટ તરીકે ચીતરી એમાંના કેટલાકને આ પરિષદ્ નિર્ણય આપતા બતાવ્યા છે. આ તૌણ્ડિકોકિ વિષ્ણુનાગ એ પણ પંચતંત્રનો કર્તા વિષ્ણુશર્મા હોઈ શકે, કેમકે આ આખુંયે ભાણ પ્રત્યેક વ્યક્તિની મુખ્ય મુખ્ય ખાસિયત પર કટાક્ષ કરે છે અને એ ખાસિયતને શ્લેષ કે વ્યંજનાથી રજૂ કરે છે. દા. ત., આગળ શિવદત્તના પુત્ર શિવસ્વામીનું પાત્ર આવે છે જે પોતાના શરીરના મેદના નાશ અંગે ગુગ્ગુલુ-ગૂગળનું સેવન કરે છે પણ મેદક્ષય કરવા જતાં વીર્યક્ષય થઈ જાય છે. આ એક જ વસ્તુથી, એ પાત્ર ગુગ્ગુલુના મેદક્ષય કરનાર કોઈ વૈદ્યકીય પ્રયોગનો કર્તા છે, એમ સમજી લેવાનું છે. અને તપાસ કરતાં એક ધન્વન્તરિ-ગુગ્ગુલુનો પ્રયોગ મળે છે. સંભવ છે કે ધન્વન્તરિ નામથી જાણીતા ગુપ્તકાલીન વૈદ્યરાજ (વિક્રમના નવરત્નોમાંના એક) એ જ આ શિવસ્વામી હોય.]

આ ઉપરાંત નીચેનાં પાત્રો પણ છે:

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાષ્પ બાહ્લીક પુત્ર, કૌશિક સિંહવર્મા જે રાજાનો સાવકો ભાઈ છે, આર્યઘોટક જે પોતે હૂણ નથી પણ હૂણ જેવો વેષ પહેરે છે, સેનાપતિ સેનકનો પુત્ર ભટ્ટિ મઘવર્મા, ભદ્રાયુધ મહાપ્રતીહાર (જેના વિષે આગળ ચર્ચા કરી છે), એક બૌદ્ધ ડિણ્ડિ (Dandy અથવા દાંડ) નિરપેક્ષ, દાશેરક યુવરાજ ગુપ્તકુલ (ઉપગુપ્ત?) ચિત્રકલાકોવિદ શિવસ્વામી પ્રતીહાર યજ્ઞપાલ, શૂર્પારકનો તૌણ્ડિકોકિ (?) સૂર્યનાગ, બલદર્શિક સ્કન્દકીર્તિ, મૌદ્ગલ્ય પારશવ હરિદન્ત, વિદર્ભનો તલવર હરિશૂદ્ર જે એક આંધ્ર કાર્ષ્ણાયસ પહેરે છે અને દાક્ષિણાત્યોથી વીંટલાયેલા ફરે છે, વેશ્યાધ્યક્ષ પ્રતીહાર દ્રૌણિલક, લાટનો વિખ્યાત વિટ ભટ્ટિ રવિદત્ત, દક્ષિણનો કવિ આર્યક, ગાન્ધારનો હસ્તિ અને બધા વિટોના સરદાર ભટ્ટિ જીમૂત જેના પ્રમુખપદે વિટોની પરિષદ ભરવામાં આવે છે, અને શાર્દૂલવર્માનો પુત્ર વરાહદાહ જેની પ્રિયતમા યાવની ગણિકા કર્પૂરતૂરિષ્ઠા છે અને જે પોતે માલવનો હોય એમ લાગે છે.

આ ભાણના અન્તભાગમાં કવિનો ફક્ત આટલો જ પરિચય મળે છે—"इति कवेरुदीच्यस्य विश्वेश्वरदत्तपुत्रस्य आर्यश्यामिलकस्य कृतिः पादताडितकम् नाम भाणः समाप्तः ।

આ ચારે ભાણ ફક્ત એક જ હસ્તલિખિત ગ્રન્થ ઉપરથી છપાયેલાં છે, એની બીજી પ્રતોની હયાતી વિષે કોઈ માહિતી નથી. ગુજરાતના ભંડારોમાં જડી આવે તો બહુ અગત્યની થઈ પડશે.

---

# રાજકીય નોંધ

**દેવવ્રત નાનુભાઈ પાઠક**

## બ્રિટનની ચૂંટણી

બ્રિટનની છેલ્લા ચૂંટણીનું પરિણામ ધાર્યા પ્રમાણે આવ્યું છે. રૂઢિચુસ્તોએ બહુમતી મેળવી છે, એટલું જ નહિ પણ તેમની સંખ્યામાં પહેલાં કરતાં વધારો થયો છે અને મજૂર પક્ષ નબળો પડ્યો છે. રૂઢિચુસ્તોની સંખ્યા ૩૪૪ જેટલી છે અને મજૂર પક્ષે ૨૭૭ બેઠકો મેળવી છે. બન્ને પક્ષો વચ્ચેનો આ તફાવત સારી પેઠે મોટો છે. એ બતાવે છે કે બ્રિટનની પ્રજાએ છેલ્લાં ચાર-પાંચ વર્ષો દરમિયાન રૂઢિચુસ્તોએ અપનાવેલી નીતિને ટેકો આપ્યો છે. ૧૯૪૫માં જે પ્રજાએ મોટી બહુમતીથી મજૂર પક્ષને સત્તા ઉપર ચૂંટેલો તે જ પ્રજા આજે રૂઢિચુસ્તોને ચૂંટે છે એ સહેજ નવાઈ જેવું લાગે છે. રૂઢિચુસ્તોની આ જીતનાં કારણો તપાસવાનો થોડો પ્રયત્ન કરીએ.

સૌ પ્રથમ તો એ કે ૧૯૪૫થી ૧૯૫૦ના ગાળામાં મજૂર પક્ષ સત્તા ઉપર રહ્યો તે દરમિયાન તેણે તેની જાહેર કરેલી નીતિ પ્રમાણે કેટલાક ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કર્યું. પ્રજાની તંદુરસ્તીમાં સુધારા કરવાના હેતુથી એ સરકારે તે અંગે હિંમતભર્યું પગલું ભર્યું અને પ્રજાને મફત દવાદારૂ અને દાક્તરી સલાહ આપવાની યોજના હાથ ધરી. એકંદરે બ્રિટનના ઉદ્યોગોમાંથી ૨૦% જેટલા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને બાકીના ખાનગી લોકોને હસ્તક રહ્યા. પાંચ વર્ષના આ ગાળા બાદ મજૂર પક્ષે ચૂંટણીનો નિર્ણય કર્યો ત્યારે તેની બહુમતી થોડી ઓછી થઈ અને ત્યાર પછી ૧૯૫૧માં રૂઢિચુસ્તો ચૂંટાઈ આવ્યા. પ્રજામાં પ્રિય થઈ પડે તેવી નીતિ અનુસરવા છતાં મજૂર પક્ષ આમ ઉત્તરોત્તર નબળો પડતો ગયો તેનું કારણ શું? આ પ્રશ્નનો એક ઉત્તર એ છે કે મજૂર પક્ષે તેની સમાજવાદની નીતિ અનુસરવામાં પૂરી હિંમત બતાવી નહિ. ૧૯૫૦માં તેની પાસે સમાજવાદનો બીજો કોઈ કાર્યક્રમ હતો નહિ. તે સાથે તેની પરદેશનીતિમાં તે ઉત્તરોત્તર અમેરિકાની નેતાગીરી સ્વીકારતો ગયો. મજૂર પક્ષની પરદેશનીતિ કેટલાક પ્રસંગોએ તો રૂઢિચુસ્તોને પણ શરમાવે તેવી હતી. આફ્રિકા, મલાયા, જર્મની વગેરે પ્રશ્નોમાં તેણે મને કમને પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમેરિકાની નીતિ અપનાવી. પૅલેસ્ટાઈનમાં પણ એજ નીતિનું પુનરાવર્તન થયું. ઉત્તર આટલાન્ટિક કરારો, યુરોપીય કરારો વગેરે મજૂર પક્ષના જ નિર્ણયો હતા. બ્રિટનની આર્થિક સમસ્યાઓ પણ એટલી જ વિકટ રહી. ખાસ કરીને શસ્ત્રીકરણના પ્રશ્ન ઉપર મજૂર પક્ષમાં ગંભીર ફાટફૂટ પડી અને પક્ષ વધારે નબળો પડ્યો.

આ પરિસ્થિતિમાં રૂઢિચુસ્તો સત્તા ઉપર આવ્યા અને તેમણે મજૂર પક્ષની મોટા ભાગની નીતિ સ્વીકારી. મજૂર પક્ષના રાષ્ટ્રીયકરણના કાર્યક્રમમાં તેમણે એક જ ફેરફાર કર્યો. લોખંડના ઉદ્યોગનું તેમણે બિનરાષ્ટ્રીયકરણ કર્યું અને દાક્તરી યોજનામાં થોડા પૈસા લેવાનું ઠરાવ્યું. આ સિવાય તેમણે મજૂર પક્ષે સ્વીકારેલી નીતિ જ અપનાવી. પરદેશનીતિમાં પણ તેમને ફેરફાર કરવાની જરૂર રહી નહિ. આર્થિક દૃષ્ટિએ બ્રિટનની સ્થિતિ થોડીઘણી સુધરેલી અને રૂઢિચુસ્તોના અમલ દરમિયાન તેમાં ખાસ નોંધપાત્ર ફેરફાર થયો નહિ. મજૂર પક્ષે લોકહિતેચ્છુ રાજ્યનો સિદ્ધાન્ત સ્વીકારેલો અને તે પ્રમાણે તેની નીતિ ઘડેલી. રૂઢિચુસ્તોએ આ નીતિનો અસ્વીકાર કર્યો હોત તો તે લોકોમાં અપ્રિય થઈ પડત; પણ તેમ ન કરતાં તેમણે મજૂર પક્ષે કરેલા સુધારા સ્વીકારી લીધા અને લોકોનાં મન જીત્યાં.

છેલ્લાં એક બે વર્ષ દરમિયાન મજૂર પક્ષમાં જર્મનીના શસ્ત્રીકરણ અંગે મોટી ફાટફૂટ પડી અને પક્ષના સભ્યો ઍટલી અને બેવાનના જૂથમાં વહેંચાઈ ગયા. આ ફાટફૂટ મજૂર પક્ષને આકરી પડી છે. આ જ દિવસો દરમિયાન અને પછી પૂર્વ અને પશ્ચિમના ચાર માંધાતાઓની પરિષદની વાત કંઈક ચોક્કસ બની. શાન્તિ ઇચ્છતી બ્રિટિશ પ્રજા ઉપર આ વાતની અસર થઈ અને રૂઢિચુસ્ત પક્ષની લોકપ્રિયતા વધી. આ એક હકીકતે જ કદાચ રૂઢિચુસ્ત પક્ષની જીતમાં સૌથી મોટો ભાગ ભજવ્યો છે. કદાચ એમ કહી શકાય કે રૂઢિચુસ્તોની જીત તેમની લોકપ્રિયતામાં વધારો ન સૂચવતી હોય તો તે મજૂર પક્ષની નબળાઈ તો જરૂર સૂચવે છે અને મજૂર પક્ષની નબળાઈનું મુખ્ય કારણ તેની ચોક્કસ નીતિનો અભાવ છે. રૂઢિચુસ્તોએ પ્રજાને જે વચનો આપ્યાં, શાન્તિ સ્થાપવાની જે વાતો કરી તેનાથી આગળ જઈ રાષ્ટ્રીયકરણ કરવાની કે નિઃશસ્ત્રીકરણમાં હિંમતપૂર્વક પગલાં ભરવાની જાહેરાત મજૂર પક્ષ કરી શક્યો નહિ. કહેવું મુશ્કેલ છે પણ મજૂર પક્ષ છે તેનાથી વધારે 'સમાજવાદી' બનવાની હિંમત બતાવી શક્યો હોત તો કદાચ પ્રજાના માનસને સ્પર્શી શક્યો હોત.

આ ચૂંટણી પછી એક આશ્વાસન રહેતું હોય તો એ કે બહુમતીથી સત્તા ઉપર આવ્યા છતાં રૂઢિચુસ્તો મજૂર પક્ષે કરેલા ફેરફારો ને અડકવાની હિંમત કરી શકે તેમ નથી. ત્યાંના સમાજમાં અને પ્રજામાનસમાં તે ઘર કરી ગયા છે અને તેમાં હવે ફેરફારની શક્યતા નથી.

## આંતરરાષ્ટ્રીય રાજકારણ (૧૯૫૫-૧૯૫૫)

૧૯૪૫માં યુદ્ધ પૂરું થયું તેને આજે બરાબર દસ વર્ષ થયાં. આ દસ વર્ષ દરમિયાન રાજકારણમાં અનેક પલટા આવી ગયા છે, જેમાં કેટલીક વાર તો યુદ્ધની શક્યતા પણ ખૂબ વધેલી. યુદ્ધ પછીનાં વર્ષોની તંગદિલી કોરિયાના યુદ્ધ દરમિયાન તેની પરાકાષ્ઠાએ પહોંચેલી પણ તેમાં યુદ્ધવિરામ આવ્યા પછીનાં વર્ષોમાં વાતાવરણમાં હળવાશ આવી છે. ખાસ કરીને ૧૯૫૪માં જીનિવા પરિષદ મળી તે પછીથી શાન્તિની સ્થાપના થઈ છે અને તંગદિલી દૂર થઈ છે.

આ તંગદિલી દૂર થઈ તેની પાછળ બે કારણોએ ભાગ ભજવ્યો છે. એક છે સહઅસ્તિત્વનો સિદ્ધાન્ત અને બીજો છે વિસ્તૃત બનતો જતો તાટસ્થ્યનો પ્રદેશ. આ બન્ને સિદ્ધાન્તો આમ એકબીજાથી સ્વતંત્ર લાગે છે પરંતુ રાજકારણમાં તેમની સંયુક્ત અસર શાન્તિને દૃઢ બનાવવામાં ખૂબ ઉપકારક નીવડી છે. તાટસ્થ્યનો સિદ્ધાન્ત હિન્દે તેની પરદેશનીતિના મુખ્ય સ્થંભ તરીકે સ્વીકાર્યો ત્યાર પછી એશિયાના અન્ય દેશોએ પણ તેને સ્વીકાર્યો. કોલમ્બો પરિષદ, એશિયાઈ પરિષદ, બાન્ડુંગ પરિષદ અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એશિયાઈ નેતાઓની અંદરઅંદરની મંત્રણાઓને પરિણામે તાટસ્થ્યનો વિસ્તાર વધતો ગયો. પૂર્વ અને પશ્ચિમના દેશોની લશ્કરી સમજૂતીઓ સામે એશિયાનો આ પ્રતિકાર હતો. પૂર્વ કે પશ્ચિમમાંથી કોઈની પણ સાથે જોડાયા સિવાયની સ્વતંત્ર નીતિના મૂળમાં શાન્તિપ્રિયતા હતી. યુદ્ધોત્તર વર્ષોમાં નવોત્થિત એશિયાને યુદ્ધ કોઈ રીતે માન્ય નહોતું. તેના પોતાના નવસર્જનમાં તેને શાન્તિની જરૂર હતી. હિન્દ ઉપરાંત બ્રહ્મદેશ, લંકા અને મધ્યપૂર્વના દેશો સહેલાઈથી લશ્કરી કરારો કરવા તૈયાર નહોતા. સંયુક્ત રાષ્ટ્ર-સંઘમાં પણ એશિયા અને આફ્રિકાના દેશોએ પોતાનું સ્વતંત્ર જૂથ રચ્યું જે દરેક પ્રશ્નને પોતાની દૃષ્ટિએ જોતું.

પૂર્વ અને પશ્ચિમ વચ્ચે યુદ્ધ અનિવાર્ય નથી એ વિચાર ઉપર સહઅસ્તિત્વનો સિદ્ધાન્ત રચાયો છે. પૂર્વ અને પશ્ચિમની વચ્ચે તટસ્થ રહેવાનો નિર્ણય કરેલા દેશો માટે સહઅસ્તિત્વ સહેલાઈથી સ્વીકાર્ય બન્યું કારણ કે તેનાથી શાન્તિ વધારે દૃઢ બની શકે તેમ હતું. આ રીતે સહઅસ્તિત્વના સિદ્ધાન્તે તટસ્થ રહેવા ઇચ્છતા દેશો ઉપર સૌથી વધારે અસર કરી. પંચશીલના સિદ્ધાન્તો પણ આ જ વિચાર-માંથી ઉદ્ભવ્યા. આ રીતે છેલ્લાં બે વર્ષ દરમિયાન શાન્તિ માટેના આગ્રહે વધુ ચોક્કસ રૂપ લીધું, ચીન, હિન્દ, બ્રહ્મદેશ, યુગોસ્લાવિયા, મધ્યપૂર્વના કેટલાક દેશો અને છેવટે રશિયાએ આ સિદ્ધાન્તોને સ્વીકારવાની તૈયારી બતાવી.

છેલ્લાં દસ વર્ષમાં તંગદિલી, યુદ્ધ (કોરિયા, હિન્દીચીન વગેરેમાં) અને છેવટે શાન્તિ અને સહઅસ્તિત્વ એમ ઉત્તરોત્તર પલટા આવ્યા છે. આજે ૧૯૫૫માં પરિસ્થિતિમાં ખૂબ સારો પલટો આવ્યો હોય તેમ લાગે છે. સંયુક્તરાષ્ટ્ર સંઘને દસ વર્ષ પૂરાં થાય છે અને ફરીને બધાં સભ્યરાષ્ટ્રો તેની ઉજવણી કરી રહ્યાં છે. પશ્ચિમ અને પૂર્વ યુરોપ વચ્ચેના પ્રશ્નો, ચીનનો પ્રશ્ન, દૂર પૂર્વના પ્રશ્નો વગેરેનો ઉકેલ શક્ય બનતો જાય છે, ચીનને સંયુક્ત રાષ્ટ્ર-સંઘમાં થોડા વખતમાં સ્થાન મળશે તેમ લાગે છે; રશિયા અને યુગોસ્લાવિયા વચ્ચેના મતભેદો દૂર થયા છે; જાપાન અને રશિયાએ સમજૂતી કરવાનો નિર્ણય લીધો છે. આ રીતે યુદ્ધની બીક ખૂબ ઘટી છે અને રાજકારણમાં એક જાતની પ્રસન્નતા આવવી શરૂ થઈ છે.

## પોર્ચુગીઝ વસાહતો

આ વસાહતોમાં ચાલી રહેલી દમનનીતિ જોતાં લાગે છે કે હવે આપણી ધીરજને પણ હદ આવવી જોઈએ. માત્ર એ વસાહતોનાજ રહીશો સત્યાગ્રહમાં જોડાઈ શકે અને હિન્દીઓ નહિ એ આપણી સુંવાળી નીતિનો આપણે હવે ત્યાગ કરવો જોઈએ. ગોવા, દીવ અને દમણ સ્વતંત્ર થશે ત્યારે હિન્દ સાથે જોડાવાનાં છે તેમાં કંઈ શંકા નથી, તે હિન્દનાં જ અવિભાજ્ય અંગો છે એ જો સ્વીકાર-વામાં આવે તો પછી તેમાં હિન્દીઓ ભાગ લે તો તેમાં શી નવાઈ? આપણે લશ્કરી પગલાં ભલે ન લઈએ પણ ન્યાય આપણા પક્ષે છે એની દુનિયાને પૂરી ખાતરી કરાવીને હિન્દીઓને સત્યાગ્રહમાં ભાગ લેવાની છૂટ અપાય તે ઇષ્ટ છે. અત્યારની પરિ-સ્થિતિનો અંત આવવો જ જોઈએ.

૧૨-૬-'૫૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અખબારી યાદી

જૂના ભાવનગર સમિતિ રાજ્યના વખતથી શરૂ થયેલ 'ગ્રંથોત્તેજક ફંડ'ની વ્યવસ્થા સૌરાષ્ટ્ર સરકાર તરફથી નિયુક્ત થયેલ સમિતિ દ્વારા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આથી સૌરાષ્ટ્રને લગતા, અથવા સંબંધ ધરાવતા ઈતિહાસ, પુરાતત્ત્વ, ભૂસ્તર વિદ્યા, જીવનચરિત્રો, સાહિત્ય, લલિતકળા, વિજ્ઞાન અને તેને લગતા બીજા વિષયોના પ્રગટ અને અપ્રગટ ગ્રંથો માટે આર્થિક સહાય લેવા ઈચ્છતા હોય તેવા લેખકોએ પોતાનાં પુસ્તકો અપ્રગટ થયેલ હોય તો તેની બે હસ્તલિખિત પ્રતો અને જો પ્રગટ થયેલ હોય તો છાપેલ પુસ્તકોની પાંચ નકલો અરજી સાથે વિદ્યાધિકારી, સૌરાષ્ટ્ર રાજ્ય, રાજકોટના સરનામે રજિસ્ટર્ડ પોસ્ટથી મોડામાં મોડી તા. ૨૨–૧૦–૫૫ સુધી મળે તેમ મોકલવી.

કોઈ પણ ધંધાદારી પ્રકાશક, મંડળ કે સંસ્થાને આ ફંડમાંથી મદદ મળી શકશે નહિ.

સહી : **દામોદરલાલ શર્મા**
વિદ્યાધિકારી,
સૌરાષ્ટ્ર રાજ્ય

---

# સાભાર સ્વીકાર

૧૦૦. **બોધિસત્ત્વાવતાર** : ૧૦૧. **શીલ અને સદાચાર**: લે૦ મુકુલભાઈ કલાર્થી; ૧૦૨. **સમૂહજીવન અને છાત્રાલય** : લે૦ શિવાભાઈ ગોકળભાઈ પટેલ, ૧૦૩. **ગાંધીજીના પાવન પ્રસંગો** : લે૦ લલ્લુભાઈ મકનજી: પ્રકાશક-ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ કિં૦ અનુક્રમે ૧–૦–૦, ૦–૬–૦, ૧–૦–૦ અને ૦–૬–૦. ૧૦૪. **Journal of the M. N. College** Feb. 1955; by G. N. Dike, Visnagar. ૧૦૫. **વસન્ત–નૂતન એજ્યુકેશન હાઈસ્કૂલ વાર્ષિક–૧૯૫૫** અમદાવાદ. ૧૦૬. **श्री हरिराय वाङ्मुक्तावली भा १** : સં. કે. કા. શાસ્ત્રી અને ના કા. બાંભણિયા; પ્ર. ઠ. પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય ૨ ૮–૦. ૧૦૭. **ગઝલ પચ્ચીસી** : લે૦ દિનુભાઈ જોષી; ૧૦૮. **મગરૂર મંદાકિની** : લે૦ શ્રી. રમણલાલ નાનાલાલ શાહ; ૧૦૯. **સૂરજ બોલાવે**: લે૦ શ્રી. મોહિનીચંદ્ર; પ્ર. અનડા બુક ડીપો, અમદાવાદ; કિં. અનુક્રમે ૦–૧૨–૦, ૦–૮–૦ અને ૦–૫–૦. ૧૧૦. **વારસદાર** : લે૦ ભ. હી. ભૂખણવાળા; ૧૧૧. **સ્વ. સર લલ્લુભાઈ શામળદાસ** લે૦ ધનસુખલાલ ક. મહેતા; પ્ર. એન. એમ. ત્રિપાઠી લિ૦ મુંબઈ ૧–૦–૦ અને ૨–૦–૦. ૧૧૨. **All India Khadi and village Industries Board Annual Report 1953-54.** પ્ર. સહકારી પ્રકાશન લિ૦ મુંબઈ કિં. ૧–૦–૦. ૧૧૩. **अखिल भारत खादी और ग्रामोद्योग मंडल वार्षिक विवरण** ૧૯૫૩–૫૪ પ્ર. સ્ટેટ્સ પીપલ પ્રેસ-મુંબઈ કિં. ૧–૦–૦. ૧૧૪. **ગુજરાતી ગેય કવિતા** લે૦ રમણલાલ છોટાલાલ મહેતા; પ્ર. ગજાનન વિ. જોષી–અમદાવાદ–૪ કિં. ૩–૦–૦. ૧૧૫. **રેડિયો સંચાલન** : સં. ગુણવંત મો. જોષી; પ્ર. શિશુવિહાર કૃષ્ણનગર, ભાવનગર, કિં. ૦–૮–૦. ૧૧૬. **સમાધાન** (શ્રીકૃષ્ણવિષ્ટિ) : લે૦ ઉમેશ કવિ પ્ર. લેખક–૧૩૧૩ કૃષ્ણનગર–ભાવનગર કિં. નથી. ૧૧૭. **અજયકુમારી** લે૦ મૂળશંકર હરિનંદ મૂળાણી; ૧૧૮. **ગુજરાતી નાટ્યશતાબ્દી મહોત્સવ સ્મારકગ્રંથ** ૧૧૯. **ગુજરાતી નાટ્યની ફાઈલ પુ. ૧ લું** : ભેટ આપનાર ગુજરાતી નાટ્ય મંડળ–મુંબઈ. દરેકની ૧–૪–૦, નથી અને ૧૦–૦–૦. ૧૨૦. **દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી લેખસંગ્રહ** ભા. ૨ : સં. શંકરપ્રસાદ છગનલાલ રાવળ, પ્ર ફ. ફાર્બસ ગુજરાતી સભા–મુંબઈ ૪; કિં. ૪–૦–૦ ૧૨૧. **આત્મકથા – જીવન વિકાસ ભા. ૧** : લે. ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક; પ્ર. લેખક, વાત્રક ખેડૂત વિદ્યાલય–મહેમદાવાદ. કિં. ૪–૦–૦ ૧૨૨. **ઝુમખડું** : લે. ડો. એમ. ઓ. સુરૈયા–મુંબઈ; કિં. ૫–૦–૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રજિ૦ નં. બી. ૫૭૩૪

# તો શો ચમત્કાર ન થાય?

'ઇસુનું અનુકરણ' એ ગ્રંથમાં એક અત્યંત અર્થવાહી વચન છે: "માણસમાત્ર શાંતિ ઇચ્છે છે, પણ જે વસ્તુઓ શાંતિ સ્થાપવામાં મદદગાર છે તે તો કોઈ વિરલા જ ઇચ્છે છે." સામ્રાજ્યોનો ત્યાગ, આર્થિક રાષ્ટ્રવાદની નીતિનો ત્યાગ, જાતીય સમાનતા ને સ્વતંત્રતા તથા વિશ્વકુટુંબ પ્રત્યેની નિષ્ઠાના પાયા પર જગતની પુનર્ઘટના, એટલું થાય તો જ શાંતિની સ્થાપના શક્ય બને. પણ શાંતિની એ કિંમત આપવા આપણે તૈયાર નથી. ઉપર કહી તે વાતો સાવ સાદીસુતરી છે, પણ સમગ્ર માનવજાતિને ગળે તે ઊતરવા માટે માનસિક અને નૈતિક ક્રાંતિ જરૂરની છે. શાંતિ માગે છે ક્રાંતિકારી ધગશ નવી સાદાઈ, ને નવો ત્યાગમાર્ગ. માણસો પોતાની અનર્ગળ વાસનાઓને જીતે તો આ મનોવિજય તેના બીજા સંબંધોમાં પણ દેખાઈ આવે. ઈસવી સન પૂર્વે ત્રીજા સૈકામાં અશોકને વારસામાં જે સામ્રાજ્ય મળેલું તે આજના બ્રિટિશ હિંદ કરતાંયે વિશાળ હતું. જુવાનીમાં જ તેણે શૂરા સુભટ અને સેનાપતિ તરીકે નામના મેળવી હતી. યુદ્ધથી થતી ખુવારી અને પ્રાણહાનિ જોઈને તેનું હૃદય પશ્ચાત્તાપથી પ્રજળી ઊઠ્યું, તે પછી તેણે અહિંસાનો માર્ગ લીધો ને તે બુદ્ધિનો ઉત્સાહી ઉપાસક બન્યો. તેના હૃદય-પલટાનું વર્ણન તેના પોતાના શબ્દોમાં આપી શકાય એમ છે, કેમકે એ વર્ણન તેણે પોતાના વિશાળ સામ્રાજ્યમાં અનેક ઠેકાણે ખડકો ને સ્તંભો પર કોતરાવ્યું છે. કલિંગ દેશ પર તેણે કરેલી ચડાઈમાં હજારો માણસોનો સંહાર થયો અને નિઃશસ્ત્ર પ્રજાને પારાવાર હાનિ વેઠવી પડી, તે જોઈ પોતાને થયેલા મર્મભેદી દુઃખનું વર્ણન તેણે એક શિલાલેખમાં કર્યું છે: "આના સોમા કે હજારમા ભાગ જેટલા માણસોની પણ એવી જ દશા હવે પછી થશે તો તેથી દેવોના પ્રિય પ્રિયદર્શીને પારાવાર દુઃખ થશે. તે હવે માને છે કે કોઈ માણસ તેને ઇજા કરે તો પણ તેણે ધીરજ રાખીને, સહન કરી શકાય એટલી હદ સુધી, તે સહન કરી લેવી જોઈએ." અહીં આપણે એવા એક સમ્રાટનું દર્શન કરીએ છીએ જેણે પોતાના સામ્રાજ્યલોભને માટે પશ્ચાત્તાપ કર્યો હતો; એટલું જ નહિ પણ ભાવી પ્રજાને બોધ મળે તે માટે એ પશ્ચાત્તાપની ભાવનાને પાષાણમાં કોતરાવી રાખી હતી. વિજ્ઞાન અને યંત્રો લડાયક સીઝરો અને જુલમગાર તૈમૂરોના હાથમાં છે તેને બદલે બીજા જ માણસોના હાથમાં આવે, અને દરેક સમાજમાં એવાં સ્ત્રીપુરુષો પૂરતી સંખ્યામાં નીકળી આવે, જેઓ ધર્મ અને રાજકાજના આંધળા ઝનૂન વિનાનાં હોય, જેઓ દરેક પ્રકારના માનસિક ને નૈતિક જુલમનો સામનો કરવા કટિબદ્ધ હોય, અને જેઓ સંકુચિત રાષ્ટ્રીય ભાવનાને બદલે વિશાળ વિશ્વકુટુંબની ભાવના ખીલવે — આવો સુદિન ઊગે તો જગતમાં શો ચમત્કાર થવો બાકી રહે?

'હિંદુ ધર્મ'માંથી] — શ્રી રાધાકૃષ્ણન્

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org